# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

09 JANUARY-2025 THURSDAY

વર્ષ-14 । અંક-053 । વિક્રમ સંવત-2081 । પોષ - 10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
શાહિદ-તૃપ્તિએ અર્જુન ઉસ્તરાનું શૂટિંગ ચાલુ કર્યું





પેજ-09
છૂટાછેડાના સમાચાર વચ્ચે ચહલે વ્યક્ત કર્યું 'દુઃખ', પોસ્ટ...


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 16.00 |
| સુરત | 31.00 | 19.00 |




પેજ 5
સાવધાન..PAN કાર્ડને લઈને આવી પોસ્ટથી ન ભરમાતા





OpenAIના CEO સેમ અલ્ટમેન પર તેની જ બહેને લગાવ્યાં...
પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 00000.00 ▲ | 000.00 |
| નિફ્ટી | 00000.00 ▲ | 000.00 |
| સોનું | 00000.00 ▼ | 000.00 |
| ચાંદી | 00000.00 ▼ | 000.00 |



# ગુજરાતમાં HMPVનો બીજો કેસ નોંધાયો

## હિંમતનગરમાં 8 વર્ષનો બાળક પોઝિટિવ

(એજન્સી) અમદાવાદ તા. 08

દુનિયાભરને હચમચાવી ચૂકેલા કોરોના વાઈરસની મહામારી બાદ હવે હ્યુમન મેટાન્યૂમો વાઈરસે (HMPV) ચીન બાદ ભારતમાં એન્ટ્રી કરી છે. આ વાઈરસના અમુક કેસો ભારતમાં નોંધાયાના અહેવાલ છે. જેમાં અમદાવાદ શહેરમાં HMPVનો શંકાસ્પદ કેસ નોંધાતા રાજ્ય સરકારે વાઈરસને લઈને એડવાઈઝરી જાહેર કરી હતી. ત્યારે ગુજરાતમાં અમદાવાદ બાદ હિંમતનગરના પ્રાંતિજમાં HMPVનો બીજો કેસ સામે આવ્યો છે. જેના કારણે આરોગ્ય વિભાગ દોડતું થયું છે.

મળતી માહિતી મુજબ, રાજ્યમાં અમદાવાદ બાદ હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળના આઠ વર્ષના બાળકનો HMPVનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું સામે આવ્યું છે. બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેને હાલ ICUમાં રાખવામાં આવ્યો છે. બાળક પ્રાંતિજ તાલુકાના એક ગામનો છે. જ્યારે જિલ્લામાં HMPVનો કેસ સામે આવતાની સાથે આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.

## HMPV વાયરસની મહારાષ્ટ્રમાં એન્ટ્રી

**મુંબઈ સહિત બે જિલ્લામાં 3 દર્દી મળ્યા**

મુંબઈ/નાગપુર | હ્યુમન મેટાપ્યુમોવાયરસ (HMPV) હવે મહારાષ્ટ્રમાં પણ ફટકો પડ્યો છે. નાગપુરની એક ખાનગી હોસ્પિટલમાં સાત અને 13 વર્ષની વયના બે બાળકોએ HMPV માટે સકારાત્મક પરીક્ષણ કર્યું હતું. આ બંને બાળકોને ઉધરસ અને તાવ હતો. આ સિવાય મુંબઈમાં HMP વાયરસનો પહેલો કેસ પણ સામે આવ્યો છે. મુંબઈમાં એક છ મહિનાના બાળકને HMPથી ચેપ લાગ્યો છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ત્રણ કેસ સત્તાવાર રીતે નોંધાયા છે.

### દિલ્હી ચૂંટણીમાં કોંગ્રેસ એકલી પડી.....આમ આદમી પાર્ટીને SP-તૃણમૂલનું સમર્થન

# દિલ્હીમાં 'હાથ'નો છોડ્યો બધાએ 'સાથ'

(એજન્સી) નવી દિલ્હી | તા.08

દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા જ ઈન્ડિયા બ્લોકની પાર્ટીઓ અલગ-અલગ દેખાઈ રહી છે. AAPના કન્વીનર અરવિંદ કેજરીવાલે મમતા બેનર્જી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવને સમર્થન આપવા બદલ આભાર માન્યો છે. દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગહેલોતે બુધવારે કહ્યું કે, દિલ્હીમાં AAP અમારો વિરોધી છે. કેજરીવાલ જનતામાં ભ્રમણા ફેલાવી રહ્યા છે કે તેમની પાર્ટી ફરીથી ચૂંટણી જીતશે. કેજરીવાલે આ નિવેદન પર તરત જ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસની ગુપ્ત ગઠબંધનનો પર્દાફાશ થયો છે. દિલ્હીની 70 વિધાનસભા સીટો પર 5 ફેબ્રુઆરીએ મતદાન થશે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આપ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો જોવા મળી રહ્યો છે, જ્યારે કોંગ્રેસ પણ આ વખતે મોટી આશાઓ સાથે ચૂંટણી મેદાનમાં ઉતરી રહી છે. આ લડાઈમાં બધાએ કોંગ્રેસ છોડી દીધી છે. 6 મહિના પહેલા કોંગ્રેસના નેતૃત્વમાં એકસાથે આવેલા તમામ પક્ષો હવે કોંગ્રેસ વિરુદ્ધ કેજરીવાલ સાથે ઉભા જોવા મળી રહ્યા છે.

### AAP સાથે 3 પક્ષો, કોંગ્રેસ સાથે કોઈ નહીં

વિધાનસભા ચૂંટણીમાં AAPને સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ અને શિવસેના UBTનું સમર્થન મળ્યું છે. કેજરીવાલે સમર્થન માટે બંને નેતાઓનો આભાર માન્યો છે. શિવસેના UTBના નેતા સંજય રાઉતે કહ્યું કે, ભાજપે ચૂંટણી પહેલા પ્રોજેક્ટ શરૂ કર્યા અને પછી 5 વર્ષ સુધી કંઈ કર્યું નહીં. દિલ્હીની જનતા અરવિંદ કેજરીવાલની સાથે છે.



### સત્ય કહેવા માટે ગહેલોતજીનો આભાર : કેજરીવાલ

કેજરીવાલે કહ્યું- સત્ય કહેવા માટે ગહેલોતજીનો આભાર કેજરીવાલે કહ્યું- ગેહલોતજી, તમે સ્પષ્ટ કરી દીધું છે કે AAP દિલ્હીમાં કોંગ્રેસનો વિરોધ છે. તમે ભાજપ પર મૌન રહ્યા. લોકોને એવું પણ લાગ્યું કે AAP કોંગ્રેસ માટે વિપક્ષ છે અને ભાજપ તેનો ભાગીદાર છે. અત્યાર સુધી તમારા બંને વચ્ચેનો આ સહકાર ગુપ્ત હતો. આજે તમે તેને સાર્વજનિક કર્યું.



### કેજરીવાલનું પોતાનું ગણિત હોય છે? : ગેહલોત

અશોક ગહેલોતે કહ્યું, અરવિંદ કેજરીવાલ જ્યારે ચૂંટણી લડે છે ત્યારે તેમની પોતાની યુક્તિઓ અને ગણિત હોય છે, પરંતુ તે કેવી રીતે કહી શકે કે ભાજપ અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. તે જાણે છે કે આ અશક્ય છે. હું કહું છું કે મને ખાતરી છે કે રાજકારણ ચાલુ રહેશે, પરંતુ અમે રાજસ્થાનમાં જે આરોગ્ય યોજના અમલમાં મૂકી છે તેના પર પણ કેન્દ્રએ ધ્યાન આપવું જોઈએ.

# વન નેશન વન ઈલેક્શન પર JPCની પ્રથમ બેઠક

## સાંસદોને 18 હજાર પાનાનો રિપોર્ટ મળ્યો

### કોંગ્રેસે ડ્રાફ્ટને બંધારણ વિરોધી ગણાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.08

વન નેશન વન ઈલેક્શન' સંબંધી બે બિલ માટે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ(JPC)ની પહેલી બેઠક બુધવાર (8 જાન્યુઆરી, 2025)ના રોજ યોજાઈ હતી. આ દરમિયાન સત્તા પક્ષ-વિપક્ષથી જોડાયેલા તમામ સાંસદોએ પોતપોતાની વાત સમિતિ સમક્ષ રાખી. સત્તા પક્ષથી જોડાયેલા સાંસદોએ આ બિલને દેશની જરૂરિયાત ગણાવી જ્યારે વિપક્ષી સાંસદોએ બિલને રાજ્યોના અધિકાર છીનવનારું બિલ ગણાવ્યું. આ બેઠક દરમિયાન કાયદા મંત્રાયલના અધિકારીઓએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની બનાવેલી સમિતિના રિપોર્ટ અંગે સમિતિના સભ્યોને માહિતી આપી.

તો આ સિવાય બિલની જોગવાઈઓ અંગે પણ સમિતિના સભ્યોને માહિતગાર કરાવાયા. બેઠક બાદ સમિતિના તમામ સભ્યોને એક મોટી બેગમાં 18,000થી વધુ પેજના દસ્તાવેજો સોંપવામાં આવ્યા. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે સૂટકેસની સાથે એક તસવીર પણ શેર કરી.



# આંધ્ર પ્રદેશને PM મોદીએ આપી ભેટ

**દેશના વિકાસને મળશે વેગ! 2 લાખ કરોડથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન**

(એજન્સી) નવી દિલ્હી | તા.08

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વિશાખાપટ્ટનમમાં વર્ચ્યુઅલ રીતે શિલાન્યાસ કર્યો અને રૂ. 2 લાખ કરોડથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. તેમણે રેલ્વે ઝોનમાં પુડીમાડાકા અને અનાકાપલ્લે જિલ્લામાં એનટીપીસીના ઈન્ટિગ્રેટેડ ગ્રીન હાઈડ્રોજન હબનો શિલાન્યાસ કર્યો. PM મોદીએ રેલ અને રોડ ક્ષેત્રના વિવિધ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા. આ પ્રસંગે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ પણ હાજર હતા.

2024માં સતત ત્રીજી વખત વડાપ્રધાન પદ સંભાળ્યા બાદ પીએમ મોદીની આ રાજ્યની પ્રથમ મુલાકાત હતી. આંધ્રપ્રદેશમાં ટીડીપી, ભાજપ અને જનસેનાના બનેલા એનડીએ ગઠબંધને કેન્દ્ર સરકાર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ અવસર પર પીએમ મોદીએ કહ્યું કે આપણો આંધ્ર પ્રદેશ સંભાવનાઓ અને તકોનું રાજ્ય છે. જ્યારે આંધ્રની આ ક્ષમતાનો અહેસાસ થશે, ત્યારે આંધ્ર પણ વિકસિત થશે અને તો જ ભારત પણ એક વિકસિત રાષ્ટ્ર બનશે, તેથી આંધ્રનો વિકાસ એ આપણું વિઝન છે. આંધ્રની જનતાની સેવા, આ અમારો સંકલ્પ છે.તેમણે કહ્યું કે આંધ્ર પ્રદેશ તેની નવીન પ્રકૃતિને કારણે આઈટી અને ટેક્નોલોજીનું એક મોટું હબ છે. હવે સમય આવી ગયો છે કે, આંધ્રને નવી ભવિષ્યવાદી ટેકનોલોજીનું કેન્દ્ર બનવું જોઈએ.



# ડરવાની જરૂર નથી... WHOએ HMPVને સામાન્ય વાયરસ ગણાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.08

WHOએ HMPV ને સામાન્ય વાયરસ ગણાવ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, આ એક સામાન્ય વાયરસ છે, તેની ઓળખ 2001માં જ થઈ હતી અને ત્યારથી તે લોકોમાં હાજર છે. ચીન બાદ ભારતને ફટકો મારનાર HMPV પર વિશ્વ આરોગ્ય સંસ્થાની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. WHOએ તેને સામાન્ય વાયરસ ગણાવ્યો છે. સંસ્થાએ કહ્યું છે કે HMPV એટલે કે હ્યુમન મેટાપ્યુમોવાયરસ નવો નથી, તેની ઓળખ 2001માં જ થઈ હતી. તે લોકોમાં લાંબા સમયથી હાજર છે જે શિયાળાની ઋતુમાં ઉગે છે. તાજેતરમાં જ ચીનમાં HMPVના ઘણા કેસ નોંધાયા હતા.



### WHOએ શું કહ્યું

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં આ એક સામાન્ય વાયરસ છે જે શિયાળા અને વસંત ઋતુમાં ફેલાય છે. શ્વાસ અને સામાન્ય શરદી જેવી ફરિયાદ થઈ શકે છે.

### ભારતમાં નવ કેસ છે

દેશમાં અત્યાર સુધીમાં HMPVના નવ કેસ નોંધાયા છે, નવમો કેસ બુધવારે સવારે મહારાષ્ટ્રમાં નોંધાયો હતો જ્યાં હિરાનંદાની હોસ્પિટલમાં 6 મહિનાની બાળકીમાં આ ચેપ જોવા મળ્યો હતો.

# મહિલાના ફિગર પર કમેન્ટ કરવી ગુનો : કેરળ હાઈકોર્ટ

(એજન્સી) તિરુવનંતપુરમ | તા.08

કેરળ હાઈકોર્ટે કહ્યું હતું કે મહિલાના ફિગર પર ટિપ્પણી કરવી એ જાતીય સતામણી સમાન છે. જસ્ટિસ એ. બદરુદ્દીને કેરળ સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ (KSEB)ના ભૂતપૂર્વ કર્મચારીની અરજીને ફગાવી દેતાં આ ચુકાદો આપ્યો હતો. આરોપીઓએ ઓફિસમાં કામ કરતી મહિલા કર્મચારી દ્વારા દાખલ કરાયેલા જાતીય સતામણીના કેસને બરતરફ કરવાની માગ કરી હતી. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે આરોપીએ 2013થી તેની વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો અને ત્યાર બાદ 2016-17માં વાંધાજનક મેસેજ અને વૉઈસ કૉલ્સ મોકલવાનું શરૂ કર્યું હતું. કોર્ટે કહ્યું- આવી ટિપ્પણીઓથી મહિલાની ગરિમાને ઠેસ પહોંચી મહિલાએ દાવો કર્યો હતો કે આરોપી વિરુદ્ધ KSEB અને પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. વ્યક્તિ વાંધાજનક મેસેજ મોકલતો રહ્યો, જોકે આરોપી વતી વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે તેણે માત્ર આંકડા પર ટિપ્પણી કરી હતી. આને જાતીય સતામણી ન ગણવી જોઈએ અને તેની સામેનો કેસ રદ કરવો જોઈએ.




# અમેરિકાની યમનમાં એરસ્ટ્રાઈક

## મિસાઈલો ઝીંકી હૂતીઓના હથિયાર ભંડારનો કર્યો નાશ



નવી દિલ્હી | અમેરિકાએ યમનમાં એરસ્ટ્રાઈક કરી હૂતીઓના હથિયાર ભંડાર કેન્દ્રો પર મિસાઈલો ઝીંકી છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે (CENTCOM) દાવો કર્યો છે કે, 'અમે અમારા સાથીદારોને ધમકાવનાર અને ઈરાનનું સમર્થન કરતા હૂતીઓના પ્રયાસોને ડામવા આ હુમલો કર્યો છે. CENTCOMએ એક્સ પર પોસ્ટ કરીને દાવો કર્યો છે કે, 'અમારી સેનાએ યમનમાં હૂતી એડવાન્સ કન્વેશનલ હથિયાર સ્ટોરેજો પર હુમલા કર્યા છે. સેનાએ 8 જાન્યુઆરી-2025ના રોજ યમનમાં હૂતીઓના નિયંત્રણ હેઠળના વિસ્તારો પર ચોકસાઈપૂર્વક હુમલો કર્યો છે, જેમાં ઈરાનના સમર્થક હૂતીના એડવાન્સ કન્વેશનલ હથિયારોના ભંડારનો નાશ થયો છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે, 'હૂતીના હુમલાખોરોએ આ હથિયારોનો ઉપયોગ કરી દક્ષિણ લાલ સાગર અને અદનની ખાડીમાં અમેરિકન નૌસેનાના યુદ્ધ જહાજો, કોમર્શિયલ જહાજો પર હુમલો કર્યો હતો.




NEWS BRIEF

## ચાણસ્મા પોલિસે ઉતરાયણના પર્વને લઈને ટુ-વ્હીલર પર સેફટી વાયર લગાવ્યા



નીતિન ઠાકર | ચાણસ્મા

ઉતરાયણ નો પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે રસ્તા પરથી પસાર થતાં ટુ વ્હીલર ચાલકોને દોરીથી અકસ્માત ન સર્જાય તેવા હેતુથી ચાણસ્મા પોલીસ દ્વારા સેફટી વાયર લગાવવામાં આવ્યા હતા. ચાણસ્મા પી.આઇ.આર. એચ.સોલંકી ની સુચનાથી અને પી.એસ.આઇ.બી. એસ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ચાણસ્મા ટ્રાફિક પોલિસ દ્વારા હાઈવે ચાર રસ્તા પરથી પસાર થતા ટુ-વ્હીલર ચાલકોને ઉભા રાખીને તેમના વાહન પર સેફ્ટી વાયર લગાવીને ટ્રાફિક ના નિયમો અંગે પણ પેમ્પલેટ આપીને સૂચનો કર્યા હતા. જેમાં પી.એસ.આઇ.બી.એસ. ચૌધરી ,ટ્રાફિક પોલિસ ના નવલસિંહ દરબાર, અશોકભાઈ ચૌધરી, રણજીતસિંહ સહિતના ટી. આર.બી. ના જવાનો હાજર રહ્યા હતા.

## દાહોદ જિલ્લાના તમામ તાલુકામાં 'પોષણ ઉત્સવ-૨૦૨૫' યોજાયો



દિપક રાવલ | દાહોદ

જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના આઈસીડીએસ દ્વારા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં તમામ ઘટકના સેજાઓમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં પોષણ ઉત્સવ ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં THR(ટિક હોમ રેશન) અને મીલેટ્સમાંથી લાભાર્થીઓ અને આંગણવાડી વર્કરબહેનો દ્વારા અવનવી વાનગીઓ બનાવવામાં આવી હતી. આ ઉપરાંત, કિશોરી દ્વારા લાઈવ વાનગીઓ બનાવવાની સ્પર્ધામાં બાજરી તેમજ મિક્સ ભાજીના મુઠીયા બનાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા આ તમામ વાનગીઓમાંથી વિજેતા બહેનોને અને કિશોરીઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

## અમદાવાદ જિલ્લામાં જાન્યુઆરી માસનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજ્ય સરકાર દ્વારા લોક ફરિયાદોનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે રાજ્યના તમામ જિલ્લા અને તાલુકા કક્ષાએ દર મહિને સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. આ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પણ જાન્યુઆરી મહિનાનો તાલુકા અને જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે. આગામી તા. 22/01/25ના રોજ તાલુકા કક્ષાનો તથા તા. 23/01/25ના રોજ જિલ્લા કક્ષાનો 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે.આ સ્વાગત કાર્યક્રમ થકી અરજદારોના પ્રશ્નોનું ત્વરિત હકારાત્મક રીતે નિવારણ કરવામાં આવશે.અધિક નિવાસી નાયબ કલેક્ટર, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાના 'સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' માં ભાગ લેવા માંગતા અરજદારો પોતાના પ્રશ્નો તા. 10/01/25 સુધીમાં જિલ્લા કલેક્ટરને મોકલી આપવા અનુરોધ છે.

## ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા "હોલિસ્ટિક ડેવલોપમેન્ટ ઓફ ટુરિઝમ ઈન ગુજરાત " વિષયક ચિંતન શિબિર યોજાઇ



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત અમર્યાદિત સુંદરતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિની ભૂમિ છે. ગુજરાતમાં જાજરમાન પર્વતોથી લઈને શાંત દરિયા કિનારા સુધી સ્થાપત્ય, અજાયબીઓથી લઈને આધ્યાત્મિક સ્થળો અને અભયારણ્યો સુધી દરેક સ્થળોનો ઐતિહાસિક વારસો અને ઈતિહાસ છે.ગાંધીનગરની હૉટેલ તાજ ખાતે "હોલિસ્ટિક ડેવલોપમેન્ટ ઓફ ટુરિઝમ ઈન ગુજરાત " વિષયક ચિંતન શિબિર ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા આજે યોજાઇ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રિષ્ટવંત નેતૃત્વ હેઠળ સોમનાથના પવિત્ર યાત્રાધામમાં 2024ની રાજ્યકક્ષાની ચિંતન શિબિર યોજાઈ હતી.જેના પગલે ગુજરાતના પ્રવાસન વિભાગે ભવિષ્યને આકાર આપતી દુરંદેશી વિકાસલક્ષી વ્યૂહ રચના અને પરિવર્તનકારી નિર્ણયના વિઝનને અનુલક્ષીને"હોલિસ્ટિક ડેવલોપમેન્ટ ઓફ ટુરિઝમ ઈન ગુજરાત" વિષય ઉપર તમામ વિભાગો સાથે મળીને મનોમંથન કર્યું હતું. આ અવસરે મહાનુભાવોના હસ્તે 'વન્યજીવન -ગુજરાતનાં વન્ય પ્રાણીઓ', 'પ્રવાસનની વિકાસ ગાથા' તથા 'ગુજરાત ટુરિઝમ કેલેન્ડર- 2025'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

# નરખડી મોલેથાના નર્મદા નદીમાંથી ગેરકાયદેસર રેતી ખનન કરનાર તત્વો પર સુરત ફ્લાઈંગ સ્કોર્ડનો સકંજો

### પાંચ ટ્રકો સહીત 1 કરોડ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

ભરત શાહ | નર્મદા

નર્મદા અને વડોદરા જિલ્લા વચ્ચેથી પસાર થતી નર્મદા નદી ના નરખડી ભાઠા માંથી નદીમાં પાઈપો ગોઠવી પૂલીયુ બનાવી જેના પરથી ટ્રકો પસાર કરી મોટી માત્રામાં રેતી, ગ્રેવલ જેવા ખનીજ ની કેટલાક લોકો મોટાં પાયે ચોરી કરાતી હોવાની લેખિત ફરિયાદ સુરત ફ્લાઈંગ સ્કોર્ડ ને કેટલાક લોકોએ કરતા સુરતની ફ્લાઈંગ સ્કોર્ડ નર્મદા અને વડોદરા ખાતેની નર્મદા નદીના પટમાં સર્ચ વોચ હાથ ધર્યો હતો. જેમાં નર્મદા ખાણ ખનીજ વિભાગની ટીમ પણ જોડાઈ અને અંતે બુધવારના રોજ સુરત ફલાઈંગ સ્કર્વોડના વડા દિનેશ પવાયા ની સુચનાથી રોઈલ્ટી ઈન્સપેક્ટર હિતેશ .જે .પટેલ, માઈન્સ સુપરવાઈઝર વિજય વસાવા તથા અન્ય ફીલ્ડસ્ટાફ સાથે વડોદરા-



નર્મદા જીલ્લા માંથી પસાર થતી નર્મદા નદીની આસપાસના મોલેથા- નરખડી વિસ્તારમાં સાદી રેતીની ચાલતી ગેરકાયદે પ્રવૃતિ અન્વયે તપાસ હાથ ધરતા સાદી રેતી ખનીજનું ગેરકાયદે વહન કરતા 5 ટ્રક ડમ્પરો ઝડપાઈ ગયા હતા. ખાણ ખનીજ ની ટીમ ને જોતા હાઈવા ચાલકો ને પકડવામાં આવેલ તેમજ ગેરકાયદે સ્થળની માપણી કરવામાં આવેલ છે . આ તપાસમાં એક કરોડ નો મુદ્દામાલ જપ્ત કરી સેગવા પોલીસ સ્ટેશન રાખવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરતની આ ફ્લાઈંગ સ્કોર્ડ પોલીસ સાથે આવી હોય હાઈવા ચાલકોને આ રેતીની ગેરકાયદેસર ચોરી કોણ કરતા હોવાની તથા તેમના મલિક કોણ છે જે બાબતની પૂછપરછ કરતા ચાલકોએ કોઈ જવાબ ના અપાતા આધિકારીઓએ સખ્તી થી પૂછપરછ કરી હતી પરંતુ હજુ તેઓના નામો બહાર આવ્યા નથી ખાણ ખનીજ વિભાગ દ્વારા આ બાબતની તપાસ ચાલુ છે. સાથે સેગવા પોલીસ ને પણ તપાસ સોંપી છે.

આગામી દિવસોમાં આ ખનીજ ચોરીમાં કેટલા માથા સંડોવાયેલા છે તે બાબતની તપાસ હાથ ધરી છે. આ ચોરીમાં મોટા રાજકીય આગેવાનો નો પણ હાથ હોવાનું બહાર આવ્યું છે. જેમણે આ ટ્રકો છોડાવવા ઘણા ધમપછાડા કર્યા હોવા છતાં અધિકારીઓ એ મચક ના આપી હોવાની પણ વાત હાલ ચર્ચાઈ રહી છે.

## શબરીધામ સુબિર ખાતે શ્રીરામ આગમન યાત્રા મહોત્સવ કાર્યક્રમ યોજાશે

ડાંગ | તા.08

ડાંગ જિલ્લાની શબરીમાતા સેવા સમિતિ શબરીધામ દ્વારા શ્રીરામ આગમન યાત્રા મહોત્સવનું 13 મી જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવ્યુ છે.ભગવાન શ્રીરામ અને માતા શબરીના મિલનની ઘટનાનું ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મમાં આગવુ મહત્વ છે. આ ક્ષણ એક ભક્તની તેના પ્રભુ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ભક્તિનું એક પ્રતિક છે. પ્રભુ શ્રીરામ અને માતા શબરીનુ મિલન આ રામયણ કાળની ઘટના એ હજારો વર્ષોથી આધ્યાત્મિક ભક્તિનું પ્રામાણિક ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.જ્યારે ભગવાન શ્રીરામ માતા શબરીના આશ્રમમાં આવ્યા, ત્યારે માતા શબરીના ગુરૂ માતંગ ઋષિના શબ્દોને યાદ કરીને ખુબ જ પ્રસન્ન થઈ ગયા હતા. જેમકે તેઓને તેમના જીવનનું કોઈ લક્ષ્યની પ્રાપ્તિ થઈ હોય.ભગવાન શ્રીરામ અને માતા શબરીનું મિલન એ સમગ્ર વિશ્વ માટે કલ્યાણકારી ક્ષણ છે.ભક્તોનાં દ્વારે ભગવાનનું આવવું એ આપણા નિષ્કામ ભક્તિનું ફળ છે. તેમજ ધાર્મિક અને ભક્તિ શક્તિનું પ્રામાણિક પ્રતીક પણ છે. પ્રભુ શ્રીરામે શ્રદ્ધા પુર્વક માતા શબરીના એઠા બોર અત્યંત પ્રેમ પૂર્વક ખાધા અને માં શબરીની ખુબ જ પ્રશંસા કરી હતી.ત્યારે આ પ્રસંગે ભગવાન શ્રીરામ આગમન યાત્રા 13 મી જાન્યુઆરીની રાત્રે શબરીધામ સુબિરનાં પંપા સરોવર ખાતે નિવાસ તેમજ ભજન અને જાગરણનો કાર્યક્રમ યોજાનાર છે.ત્યારે શબરી માતાના કુળમાં જન્મ લિધેલા તમામ હિન્દુ બાંધવોએ મોટી સંખ્યામાં સહ પરિવાર સાથે સહભાગી થાય અને પવીત્ર શબરીધામ ખાતે પધારી પ્રભુ શ્રીરામ અને માં શબરીના મિલનનાં પ્રત્યક્ષ સાક્ષી બનવા માટે શ્રી શબરીમાતા સેવા સમિતિ શબરીધામના પ્રમુખ ડો. ચિંતુભાઈ ચૌધરીએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.



## તીર્થ ઈન્ટરનેશનલ સ્કૂલ લીમખેડા ખાતે પ્રતિભા સન્માન સમારોહનું આયોજન કરાયું



દિપક રાવલ | દાહોદ

વિદ્યાર્થીઓની પ્રતિભા ને સન્માનિત કરવા માટે આજરોજ તીર્થ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જી આર શર્મા રિટાયર્ડ પ્રિન્સિપલ લીમખેડા એન કે રાવલ સાહેબ રિટાયર્ડ પ્રિન્સિપલ નૂતન સ્કૂલ કૌશિકભાઈ પીઠાયા તથા ચિરાગભાઈ શાહ ના ભવ્ય માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ કરવામાં આવ્યો. જી આર શર્મા સાહેબ દ્વારા વ્યસનમુક્તિ અભિયાન હેઠળ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. શાળામાં યોજાયેલ વાર્ષિક રમતોત્સવ અમદાવાદ ખાતે યોજાયેલ નેશનલ ચેમ્પિયનશિપ તથા જમ્મુ કાશ્મીર ખાતે યોજાઇ ટેનિસ ટુર્નામેન્ટ તથા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન વર્ધક પરીક્ષા અને પ્રથમ સત્રમાં ઉત્તીર્ણ થયેલ પ્રથમ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ તમામ વિદ્યાર્થીઓને ગોલ્ડ સિલ્વર અને બ્રોન્ઝ મેડલથી નવાજવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

### નવી દિલ્હીમાં યોજાનારા રાષ્ટ્રીય યુવા મહોત્સવ - વિકસિત ભારત યુવા

# નેતૃત્વ સંવાદમાટે ગુજરાતના 45 યુવાનોની પસંદગી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

નવી દિલ્હીમાં સ્વામી વિવેકાનંદના જન્મદિવસ નિમિત્તે, તા. 12 જાન્યુઆરીએ યોજાનારા રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ભાગ લેવા માટે ગુજરાતના 45 યુવાનો પસંદગી પામ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજભવનમાં ગુજરાતના આ તેજસ્વી યુવાનોને મળ્યા હતા અને તેમને અભિનંદન-શુભકામનાઓ પાઠવ્યા હતાં. રાષ્ટ્રીય યુવા મહોત્સવ અંતર્ગત નવી દિલ્હીમાં ભારત મંડપમ્ માં તા. 11-12 જાન્યુઆરી દરમિયાન 'વિકસિત ભારત યુવા નેતૃત્વ સંવાદ'નું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ભાગ લેવા માટે ભારતભરના 25 લાખ જેટલા યુવાનોએ ઑનલાઈન ક્વિઝમાં ભાગ લીધો હતો. આ ક્વિઝમાં ઉત્તીર્ણ થયેલા ગુજરાતના 870 યુવાનોએ નિબંધ લેખનમાં ભાગ લીધો હતો. નિબંધ લેખનમાં શ્રેષ્ઠતા હાંસલ કરનાર 250 યુવાનોએ રાજ્ય કક્ષાએ પ્રેઝન્ટેશન કર્યું હતું, તેમાંથી 45 યુવાનો પસંદગી પામ્યા છે, જે નવી દિલ્હી જઈ રહ્યા છે. 'વિકસિત ભારત યુવા નેતૃત્વ સંવાદ' માટે પસંદગી પામેલા ગુજરાતના પ્રતિભાવાન અને મેધાવી યુવાનોને અભિનંદન આપતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, 'આપની નિપુણતા અને પ્રત્યુત્પન્નમતિનો પરિચય દેશના અન્ય યુવાનોને કરાવજો અને સંવાદની ફળશ્રુતિ પાછા આવીને મને કહેજો.'રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગુજરાતના આ યુવાનો સાથે સંવાદ કરતાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી વર્ષ-2047 સુધીમાં 'વિકસિત ભારત' માટે સંકલ્પબદ્ધ છે. વિકસિત ભારતનો સૌથી વધુ લાભ યુવા પેઢીને અને તેમની સંતતિને મળવાનો છે. વિશ્વમાં ભારતનું ગૌરવ વધે, 'વિશ્વ ગુરુ' તરીકે ભારત પુનઃ પ્રસ્થાપિત થાય એ માટે યુવાનોએ પોતાની અનુપમ પ્રતિભા જાગૃત કરીને દેશના વિકાસમાં યોગદાન આપવાની આવશ્યકતા છે. ગુજરાત અમથું જ 'અનેકો માં એક' નથી, ગુજરાતના યુવાનો પ્રતિભાશાળી છે. ગુજરાતના યુવાનોનું ચિંતન દેશના અન્ય યુવાનોનું ચિંતન બને, યુવાનો ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ સાથે તેમણે યુવાનોને નવી દિલ્હી જવા વિદાય આપી હતી. આ યુવાનો આજે રાત્રે નવી દિલ્હી જવા રવાના થઈ રહ્યા છે.



રાજ્યપાલે-શુભકામનાઓ પાઠવી

### લીમખેડા સ્થિત નૂતન હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે

## નિવૃત્તાચાર્યએ વિદ્યાર્થીઓને વ્યસન મુક્ત રહેવાનો સંદેશ આપ્યો

દિપક રાવલ | દાહોદ

મૂળ દાહોદ નિવાસી અને હાલ વડોદરા જઈને સ્થાયી થયેલા નિવૃત્તાચાર્ય ગોપાલભાઈ શર્મા દ્વારા દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં જઈને ત્યાંની શાળાઓ અને કોલેજોમાં વ્યસન મુક્ત થવા માટેના વિવિધ કાર્યક્રમો યોજીને વિદ્યાર્થીઓ વ્યસનથી થતા ગંભીર અને જીવલેણ પરિણામોને જાણે, સમજે અને વ્યસનથી દૂર રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાની નૂતન હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ગોપાલભાઈ શર્માએ વ્યસન જાગૃતિ અભિયાન સ્વરૂપે કાર્યક્રમ યોજ્યો હતો. જે દરમ્યાન વિવિધ પોસ્ટર્સ અને ફોટાઓ થકી વિદ્યાર્થીઓને વ્યસન કરવાથી આપણા શરીરને થતી જીવલેણ બીમારીઓ અંગે સચિત્ર ઉદાહરણ સાથે વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવ્યા હતા. બાળપણથી જ જો વ્યસન મુક્ત રહેવાનો સંકલ્પ લેવામાં આવે તો આગળ જતાં સારા પરિણામો મેળવી શકાય છે એમ કહેતાં નિવૃત્તાચાર્યશ્રી શર્માએ જણાવ્યું હતુ કે, કોઈપણ પ્રકારનો નશો કરવો એ પણ એક પ્રકારનો રોગ જ છે.



## મરણ જનાર દાદાનાં હિસ્સાના ભાગ મામલે કૌટુંબીક બે પક્ષો વચ્ચે મારામારી

ડાંગ | તા.08

આહવા તાલુકાનાં શામગહાન ગામ ખાતે મરણ જનાર દાદાના હિસ્સાના છ લાખ રૂપિયાનો ભાગ માંગવા મામલે પૌત્ર વહુ તથા પૌત્રી,દીકરા વચ્ચે ઝઘડો થવા પામ્યો હતો.જે બાદ બંને પક્ષો વચ્ચે મારામારી થઈ હતી અને બંને પક્ષોએ એકબીજાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સમગ્ર મામલો સાપુતારા પોલીસ મથકે પહોંચ્યો હતો અને સામસામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ડાંગ જિલ્લાના આહવા તાલુકાના શામગહાન ગામ ખાતે રહેતા ગીતાંજલિબેન ચંદુભાઈ ઠાકરેના દાદા સાહેબરાવ ઠાકરે મરણ ગયેલ હોય અને તેમના બેંક ખાતામાં છ લાખ રૂપીયા આવતા, તે રૂપિયા રાજુભાઈ સાહેબરાવ ઠાકરે એ ઉપાડેલ હતા.અને છ લાખ રૂપિયાનો ભાગ માગવા બાબતે ગીતાંજલિ તથા પરિવારના સભ્યો અને રાજુભાઈ સાહેબરાવ ચૌધરી તથા અર્જુન રાજુભાઈ ચૌધરી અને અંજના અર્જુનભાઈ ચૌધરી વચ્ચે બોલાચાલી અને ઝઘડો થવા પામ્યો હતો.તેમજ બંને પક્ષો વચ્ચે લાકડાના ડંડા વગેરે વડે મારામારી થઈ હતી.અને પક્ષોએ એકબીજાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ સમગ્ર મામલો સાપુતારા પોલીસ મથકે પહોંચ્યો હતો. જેમાં મરણ જનાર સાહેબરાવ ઠાકરેની પૌત્રી ગીતાંજલી ઠાકરે એ રાજુભાઈ ચૌધરી, અર્જુન ચૌધરી અને અંજના અર્જુનભાઈ ચૌધરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.અને મરણ જનાર સાહેબરાવ ઠાકરેની પૌત્રવધુ એ ક્રિષ્ના ચંદુભાઈ ઠાકરે,ગીતાંજલિ ચંદુભાઈ ઠાકરે,ચંદુ સાહેબરાવ ચૌધરી,પીન્ટુ ઉર્ફે પ્રવીણભાઈ સાહેબરાવ ઠાકરે ,નંદકિશોર ચંદ્રકાંતભાઈ ઠાકરે વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.આમ, સાપુતારા પોલીસ મથકે બંને કૌટુંબિક પક્ષોએ સામસામે પોલીસ ફરિયાદ નોંધાવતા સાપુતારા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સ્વચ્છતાના બ્રાન્ડ એમ્બેસેડર દ્વારા શહેરની ગાયત્રી નગર સોસાયટીની મહિલાઓને અપાઈ હોમ કમ્પોસ્ટિંગની સમજ



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર મહાનગરપાલિકાના આત્મનિર્ભર વોર્ડ નં. 3ની સેક્ટર 27 ગાયત્રી નગર સોસાયટીમાં સ્વચ્છતાના બ્રાન્ડ એમ્બેસેડર પલ્લવી સિંગ દ્વારા મહિલાઓને રસોડાના કચરામાંથી ઘરે જ ખાતર બનાવવાની સરળ રીતો શીખવવામાં આવી. આ કાર્યક્રમમાં સેનિટેશન ચેરમેનશ્રી અંકિતભાઈ બારોટ, વોર્ડના કોર્પોરેટરઓ અને ઝોનલ ઓફિસર પણ ઉપસ્થિત રહ્યા હતા. પલ્લવી સિંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા મહિલાઓને હોમ કમ્પોસ્ટિંગની પ્રક્રિયા વિશે સંપૂર્ણ માહિતી આપી. તેમણે સેનિટેરી વેસ્ટ અને ઘરેલુ જોખમી કચરાના યોગ્ય નિકાલ અંગે પણ જાગૃતિ ફેલાવી. સેનિટેશન સમિતિના ચેરમેન અંકિતભાઈ બારોટે વેસ્ટ સેગ્રીગેશનના મહત્વ પર ભાર મૂક્યો અને સ્થાનિક કોર્પોરેટરશ્રી સોનાલીબેને ગાયત્રી નગર સોસાયટીને શહેરમાં સ્વચ્છતાનું ઉદાહરણ બનાવવા મહિલાઓને પ્રેરણા આપી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો અને તેમણે આ કાર્યક્રમને ખૂબ જ સારો પ્રતિસાદ આપ્યો.

## સામૂહિક આરોગ્ય કેન્દ્ર પાવીજેતપુર ખાતે ૯ જાન્યુઆરીના રોજ રક્તદાન શિબિર યોજાશે

કમલેશ પટેલ | સંખેડા



છોટાઉદેપુર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા પાવીજેતપુર તાલુકા આરોગ્ય કચેરી અને જલારામ બ્લડ બેંક કરેલીબાગ વડોદરાના સયુંક્ત ઉપક્રમે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પાવીજેતપુર ખાતે રક્તદાન શિબિર યોજાશે. તા. ૯મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ રક્તદાન કરવાથી જરૂરીયાત સમયે સરળતાથી રક્ત મેળવી શકાય, નિયમિત આરોગ્ય અને રક્તની તપાસ થાય, નિયમિત રક્તદાન કરવાથી હાર્ડ એટેક આવવાની શક્યતાઓ ઘટી જાય છે. સિકલસેલ ડિસીઝના દર્દીઓ અને સગર્ભા મહિલાઓને સમયસર રક્ત મળી રહે. જેથી વ્યક્તિઓની જિંદગી બચાવી શકિએ. રક્તદાન મહાદાન કરી સમાજ સેવા કરવાની નાગરિકો માટે આ ઉત્તમ તક છે.

## સંખેડા તાલુકા કક્ષાએ કેરિયર કાઉન્સિલિંગ અને ગાઈડન્સ અંતર્ગત ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે સેમીનાર

કમલેશ પટેલ | સંખેડા

આજ રોજ સમગ્ર શિક્ષા કચેરી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી છોટાઉદેપુર ની પ્રેરણાથી સંખેડા તાલુકા કક્ષાએ કેરિયર કાઉન્સિલિંગ અને ગાઈડન્સ અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે એક સેમીનારનું આયોજન આજ રોજ તારીખ 8-01-2025 ના રોજ બે તબક્કામાં રાખવામાં આવેલ હતું જે અંતર્ગત પ્રથમ તબક્કો સાર્વજનિક હાઈસ્કૂલ ભાટપુર ખાતે 7 માધ્યમિક શાળાઓના કુલ 375 બાળકોએ ભાગ લીધો અને દ્વિતીય તબક્કામાં દ્વારકેશ હાઈસ્કુલ બહાદરપુર ખાતે 6 માધ્યમિક શાળાઓના 375 બાળકોએ ભાગ લીધેલ હતો આમ સંખેડા તાલુકાના કુલ 13 માધ્યમિક શાળાઓના કુલ 750 બાળકોએ સેમિનારમાં ભાગ લીધેલ હતો જેમાં કાઉન્સિલિંગ અને ગાઈડન્સ માટે મુખ્ય વક્તા તરીકે રઘુભાઈ રાઠવા જિલ્લા રોજગાર કચેરી છોટાઉદેપુર,ITI સંખેડા ના કલ્પેશભાઈ , બીઆરસી શ્રી સંખેડા વિમલભાઈ,AR &VE શાખાના મોહસીનભાઈ, આચાર્યશ્રી ધર્મેશભાઈ, નિલેશભાઈ એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતુ.



હજુ તો જાન્યુઆરી મહિનો શરૂ થયો ત્યાં મકરસંક્રાંતિ ને લઈ ને ઘણા લોકો ઉત્સાહી થયા છે. ત્યારે કોઈનો ઉત્સાહ કોઈના જીવનનો ભોગ ન બને તેનું ધ્યાન રાખવું જરૂરી

# મકર સંક્રાંતિનો તહેવાર : પશુ પંખી માટે આજીવન સજા ન થાય તે જરૂરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જેમ જેમ મકરસંક્રાંતિ ના દિવસો નજીક આવી રહ્યા છે. તેમ લોકો પતંગ ઉડાડતા થયા છે. આવા સમયે ઘણા લોકો પતંગ ઉડાડવા માટે ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનો ઉપયોગ કમનસીબે કરતા હોય છે. અમુક વેપારીઓ પણ થોડા નફાની લાલચે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હોય છે. મકરસંક્રાંતિ હકીકતે જોઈએ તો દાન, પુણ્ય અને જીવદયાનો ખૂબ મોટો ઉત્સવ છે. સનાતન સંસ્કૃતિના અને સનાતન ધર્મનો ખુબ મોટો પુણ્ય કમાવવાનો અવસર છે. મકરસંક્રાંતિ માં નિર્દોષ ભાવે પતંગ ઉડાડવાની મજા પશુ, પક્ષીઓ માટે આજીવન સજા ન થાય કોઈ પક્ષી ઓનું મૃત્યુ થાય તો તેમના બચ્ચાઓ અનાથ ન થઈ જાય તે જોવાની જવાબદારી પણ આપણા સૌની હોય જ તે સ્વાભાવિક છે. પતંગ ઉડાડવા માટે ઉંડે, અન્યનાં પતંગ કાપવા માટે નહીં અને અન્યનાં પતંગ કાપવાની ઘેલછા ઘણીવાર પશુ, પક્ષીઓ સાથે સાથ લોકો માટે પણ ખૂબ જોખમી હોય છે. ઘણા નાના બાળકોની આંગળી કપાઈ જાય ગળું કપાઈ જાય તેવાં બનાવો પણ બનતાં હોય છે. આવા અકસ્માતોથી આપણે પણ ચાઈનીઝ દોરા ન વાપરીને બચી શકીએ કોઈ સાથે પતંગ બાજીમાં જીતવાની રેક્ષ લગાડવા અંગત આનંદ માટે વાપરવામાં આવતી ગેરકાયદેસર વપરાતી ચાઈનીઝ દોરી ફક્ત પશુ, પક્ષીઓ માટે જ નહીં પણ માણસો માટે પણ એટલી જ નુકસાનકારક છે. મકરસંક્રાંતિ નાં પાવન પર્વ નિમિત્તે લાખો પતંગો આકાશમાં ઉડતી હોય છે. ઘણી વાર લોકો અજાણતા જ ચાઈનીઝ દોરા કાચનાં પાકાં માંજા કે કાચ પાયેલા દોરાનો ઉપયોગ પતંગ ઉડાડવામાં પશુ પક્ષીઓ નાં જીવનનો અંત લાવવામાં નીમિત બને છે. ઘણા વિસ્તારોમાં વીજળી ના તાર પણ ઝાડ પર, અગાસી ઉપર, બિલ્ડિંગો પર છત પર ટી.વી. એન્ટેના ટાવર વગેરે પર અનેક જગ્યાએ લટકતા દોરા તેમજ કપાયેલા ફાટેલાં પતંગો જોવા મળે છે. જે અબોલ વિહરતા પશુ પક્ષીઓ માટે ફાંસીના ગાળીયા સમું કાર્ય કરે છે. અત્યાર સુધી અનેક પક્ષીઓ ચાઈનીઝ દોરીના શિકાર બન્યા છે. પતંગની દોરીથી અનેક વાહન ચાલકો અકસ્માત નો ભોગ બને છે. ટુ વ્હીલર વાહનો ચલાવનારા પર આવી દોરી આવી જતા તે ગળામાં ફસાઈ જવાથી અકસ્માત અને મૃત્યુ થવાના ઘણા બનાવો નોંધાયા છે. અનેક વ્યક્તિઓના ગળા કપાઈ જવાનાં પશુ, પક્ષીઓ નાં દોરીના કારણે લોહીલુહાણ થવાનાં અને મૃત્યુ પામવાના બનાવો બને છે. અને ગેરકાયદેસર ચાઈનીઝ દોરીથી પણ આવા અકસ્માત સર્જાય ચાઈનીઝ દોરીથી પણ આવા અકસ્માત સર્જાય છે. પરંતુ ચાઈનીઝ દોરી વધારે ધાતક સાબિત થાય છે. આ પ્રકારની ધાતક ચાઈનીઝ દોરીના વેચાણ પર કડક પ્રતિબંધ મુકયો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ડબલ મર્ડરના રિકન્સ્ટ્રક્શન સમયે સ્મિતે મગરનાં આંસુ સાર્યાં :ઘટનાનું શબ્દશઃ વર્ણન કર્યું...!

(એજન્સી) સુરત | 08

સુરતના સરથાણા જકાતનાકા રાજહંસ સ્વપ્ન સૂર્યા બિલ્ડિંગમાં 11 દિવસ અગાઉ ખૂની ખેલ ખેલી પરિવાર પર હુમલો કરી પત્ની, પુત્રની હત્યા કર્યા બાદ બે વખત આપઘાતનો પ્રયાસ કરનાર સ્મિતને ગતરોજ(7 જાન્યુઆરી) ખાનગી હોસ્પિટલમાંથી રજા અપાતા પોલીસે અટકાયત કરી હતી. ત્યારબાદ પોલીસ આજે તેને લઈ તેના ઘર પર રિકન્સ્ટ્રક્શન માટે પહોંચી હતી જ્યાં સ્મિત મગરનાં આંસુ સારતો જોવા મળ્યો હતો.

મંગળવારે(7 જાન્યુઆરી) સ્મિતને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપતા જ પોલીસે તેની ધરપકડ કરી હતી. આજે (બુધવારે) સવારે સુરત પોલીસની ટીમ સ્મિતને લઈને સરથાણા જકાતનાકા પાસે આવેલા રાજહંસ સ્વપન સૂર્યા બિલ્ડિંગમાં પહોંચી હતી

. જ્યાં 11 દિવસ પહેલાં કઈ રીતે બનાવ બન્યો હતો તેનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. સ્મિતે કઈ રીતે પોતાની પત્ની અને પુત્રને મોતને ઘાટ ઉતાર્યા અને ત્યારબાદ માતા અને પિતા પર કઈ રીતે હુમલો ક્યો હતો તેનું શબ્દશઃ વર્ણન કર્યું હતું.

સુરત પોલીસની ટીમ આજે જ્યારે સ્મિતને લઈ રિકન્સ્ટ્રક્શન માટે પહોંચી ત્યારે આસપાસથી મોટી સંખ્યામાં લોકોનાં ટોળાં ઘટનાસ્થળ આસપાસ એકત્રિત થયાં હતાં. આ સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.



## ચક્કર આવવાની ફરિયાદ કરતા સ્મીમેરમાં સારવાર કરવામાં આવી

સ્મિતની ધરપકડ થાય તે પહેલાં ચક્કર આવવાની અને અશક્તિ લાગે છે તેવી ફરિયાદ કરતા પોલીસ તેને સ્મીમેર હોસ્પિટલ લઈ ગઈ હતી. સ્મીમેરના તબીબોએ તપાસ કર્યા બાદ નોર્મલ હોવાનું કહેતા ફરી તેને સરથાણા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. કાયદેસરની કાર્યવાહી કરીને સ્મિતની ધરપકડ કરવામાં આવી હતી. સ્મિતે પરિવારની હત્યા કર્યા બાદ પહેલી રાત લોકઅપમાં ગુજારી હતી.

પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, તેના પરિવારમાં કોઈને એકબીજા સાથે બનતું નહોતું અને હંમેશાં ઝઘડા થતા હતા. સ્મિત માતા-પિતા સાથે ખપ પૂરતી જ વાત કરતો હતો. પોલીસે આ અંગે તેની પૂછપરછ માટે પ્રયાસ કર્યા હતા. પણ શરૂઆતમાં ગળું દુઃખે છે કહી જવાબ આપવાનું ટાળતા સ્મિતે હોસ્પિટલમાં દાખલ હતો ત્યાં બાથરૂમનો કાચ તોડી ફરી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

## હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાતા પોલીસે અટકાયત કરી હતી

ગત શુક્રવારે ભાનમાં આવેલા સ્મિતે પરિવારમાં જુદાં જુદાં કારણોથી રોજબરોજ થતા ઝઘડાથી કંટાળીને પરિવારને ખતમ કરી આપઘાત કરવાનું નક્કી કરી હુમલો કર્યાની કબૂલાત કરી હતી. પોલીસ તેને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ધરપકડ માટે રાહ જોતી હતી. ગત રોજ તેને આઈસીયુમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો. આથી સરથાણા પોલીસ અટકાયત કરી સ્મિતને લઈ ગઈ હતી. સુરત પોલીસની ટીમ આજે જ્યારે સ્મિતને લઈ રિકન્સ્ટ્રક્શન માટે પહોંચી ત્યારે આસપાસથી મોટી સંખ્યામાં લોકોનાં ટોળાં ઘટનાસ્થળ આસપાસ એકત્રિત થયાં હતાં. આ સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

# પૂર્વ ધારાસભ્યે વિરોધીઓને સોશિયલ મીડિયાથી પડકાર્યા

## તમારામાં તાકાત હોય તો ભાજપના સિમ્બોલ વગર મારી સામે ચૂંટણી લડી બતાવો જિ. પંચાયતમાં: કેસરીસિંહ





(એજન્સી) નડિયાદ | 08

ખેડા જિલ્લા સહકારી સંઘની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી જેના પરીણામો ગઈકાલે આવ્યા છે. જેમાં માતર બેઠક રસપ્રદ બની હતી અને ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ અપક્ષ ઉમેદવારીમા જીતી ગયા હતા. તો સામે ભાજપના મેન્ડેટના ઉમેદવાર હારી ગયા હતા. જેને લઈને ભાજપમાં રાજકારણ ગરમાયું હતું.

માતર તાલુકાના કેટલાક કાર્યકરો પૂર્વ ધારાસભ્ય સામે પગલા ભરવા અને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાની માંગણી સાથે જિલ્લા કમલમમાં દોડી જઈ રજૂઆત કરી હતી. આ રજૂઆતના સંદર્ભમાં પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહે આજે સોશિયલ મીડિયા પર લાઈવ થઈને જવાબ આપતા માતરના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

15 મિનિટના સોશિયલ મીડિયા લાઈવમાં પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ આક્ષેપો કરતા કહ્યું કે, રાજીનામું આપવાની ચિમકી આપનારા રાજીનામું કેમ આપતા નથી. જે રાજીનામાં આપવાની વાત કરે છે, તે પોતે જિલ્લા ભાજપ પ્રમુખ બનવા માટે ફોર્મ ભરીને બેઠા છે.

જો તમે ભાજપના મેન્ડેટ વગર ચૂંટણી જીતીને બતાવો તો હું આખી જિંદગી ભાજપ કાર્યાલય બેસી કાર્યકરોને પાણી પીવડાવીશ. તમારામાં તાકાત હોય તો માતરની જિલ્લા પંચાયત બેઠક ભાજપના સિમ્બોલ વગર મારી સામે ચૂંટણી લડી બતાવો. આમ કહેતા હવે આવનાર જિલ્લા પંચાયત ચૂંટણી પણ રસપ્રદ બને તો નવાઈ નહીં.

# બપાડાના પાટિયા પાસે અકસ્માતમાં યુવકનું મોત

ભાવનગર/તળાજા : તળાજા તાલુકાના બપાડા ગામના પાટિયા પાસે ગતે સાંજના સમયે ત્રણ વાહનો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં મજુરી કામેથી ઘરે જઈ રહેલા શ્રમિકનું મોત નિપજ્યું છે. બનાવ અંગે અલંગ પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તળાજા તાલુકાના બપાડા ગામના પાટિયા પાસે નેશનલ હાઈવે પર ગચ સોમવારે સાંજના સુમારે મજુરી કામેથી પરત ફરી રહેલા સુરેશભાઈ જીણાભાઈ રાઠોડ (ઉ.વ.આશરે ૩૫)નું મોત નિપજ્યું હતું. બપાડા ગામના પાટિયા પાસે તેઓ તેમની બાઈક પરથી રોડ ક્રોસ કરી રહ્યાં હતા ત્યારે જીજે-૦૩-બીટી-૮૮૩૦ નંબરના પીકઅપ વાહને તેમની બાઈકને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો અને બાદમાં હાઈવે પરની એસટી બસ જીજે-૧૮-ઝેડટી-૧૨૭૯ સાથે પીકઅપ વાહન અથડાવી નુકસાન પહોંચાડયું હતું.

# કીમ ગામે ઘરની બહાર રમી રહેલ બાળકને રખડતા ઢોરે અડફેટે લીધું, ઘટના થઈ સીસીટીવી કેમેરામાં કેદ

(એજન્સી) બારડોલી | 08

સુરત જિલ્લામાં રખડતા પશુએ ઘર પાસે રમતા બાળકને અડફેટે લીધો હતો. સદનસીબે બાળકને કોઈ મોટી ઈજા થઈ નથી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ વાઈરલ થયા છે. સુરત જિલ્લાના કીમ ગામ ખાતે આવેલા દીપ નગરમાં આ ઘટના બની હતી.

મળતી માહિતી મુજબ સુરત જિલ્લાના કીમ ગામે આવેલા દીપ નગરમાં એક બાળક રમી રહ્યું હતું અને ત્યાં એક મહિલા સહિત બે લોકો પણ હાજર હતા. આ દરમ્યાન ત્યાં રખડતા બે પશુઓ પૈકી એક પશુએ બાળકને અડફેટે લીધો હતો.

બાળકને અડફેટે લેતા હાજર લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને બાળકને ઊંચકી લીધો હતો. જો કે સદનસીબે બાળકને કોઈ મોટી ઈજા થઈ ન હતી. જેથી સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે અને આ સીસીટીવી ફૂટેજ વાઈરલ થયા છે.

ઉલ્લેખનિય છે કે, હજુ થોડા દિવસ અગાઉ કીમ ગામ ખાતે એક યુવતી મોપેડ લઈને જઈ રહી હતી. તે દરમિયાન રસ્તા પર અચાનક ડુક્કર આવી જતા યુવતી રસ્તા પર પટકાઈ હતી.અને તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ત્યારે કિમ ગામમાં રખડતા પ્રાણીઓના વધી ગયેલા ત્રાસને લઈને સૌ કોઈ હેરાન પરેશાન થઈ ગયા છે.



# સુરત પાલિકાની ડ્રેનેજમાં કેમિકલવાળું પાણી છોડતી ચાર ડાઈંગ સીલ અને 16 ને નોટિસ

(એજન્સી) સુરત | 08

સુરત પાલિકાના બમરોલી ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ડ્રેનેજમાં આવતા કેમીકલ અને એસિડવાળા પાણીના કારણે બંધ થઈ ગયો હતો. ત્યારબાદ ઉધના ઝોનના 205 એકમોના ગેરકાયદે ડ્રેનેજ જોડાણ કાપી નાંખ્યા હતા. આ મુદ્દે ઉધના ઝોને જીપીસીબીને પત્ર લખીને નિયત પેરામિટરની મર્યાદા જણાતી ન હોવાનો પત્રમાં ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત આજે દિવસ દરમિયાન પાલિકાએ ડ્રેનેજમાં કેમિકલવાળું પાણી છોડતી ચાર ડાઈંગ સીલ અને 16 ને નોટિસ આપી છે.

પાલિકાના ઉધના ઝોને 200થી વધુ મિલ્કતો સીલ કરવા સાથે સાથે ડ્રેનેજના પાણીના સેમ્પલ લીધા હતા. જેમાં ઉદ્યોગ દ્વારા ટ્રીટમેન્ટ કર્યા વગર દુષિત કલરયુક્ત કેમિકલ મિશ્રિત પાણી છોડતા હોવાનું બહાર આવ્યું હતું. આ કામગીરી બાદ ઉધના ઝોન દ્વારા જીપીસીબીને એક પત્ર લખી કેમિકલ છોડતા ઉદ્યોગો સામે પગલાં ભરવા માટે રજૂઆત કરી છે. ગટરમાં છોડતી 4 ડાઈંગ સીલ કરી દીધી છે અને 16 ડાઈંગને નોટિસ આપી છે.

# પાકિસ્તન જેલમાં બંધ માછીમારની પરિવારને ચીઠ્ઠી...

## 4 વર્ષથી પાક. જેલમાં કેદ ઉનાના માછીમારોને સરકાર જલ્દી છોડાવે તેવી માગ, કાગડોળે રાહ જોતો પરિવાર...

ઉના | આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે પણ સાથે સાથે માછીમારી પણ બીજો મોટો ધંધો છે. ખાસ ગુજરાતમાં 1600 કિમી વિશાળ દરીયા કીનારો હોવાના લીધે ગુજરાતના દરિયા કિનારાના લોકો માછીમારીના ધંધા સાથે સંકળાયેલા છે. ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના માછીમારીમાં મજૂરી કરનાર લોકો માછીમારી કરવા માટે બોટમાં ઓખા, પોરબંદર, વેરાવળ અને ઉના તાલુકાના નવાબંદર અને સૈયદ રાજપરા બંદરે બોટમાં ખલાસી તરીકે બંધાય છે. જીવના જોખમે દરિયો ખેડનાર આ ખલાસી અને ટંડેલ દરિયામાં દૂર સુધી જઈને લાખો રૂપિયાની માછલી પકડી લાવે છે અને વધુ માછલી પકડવાની લાલચે અને ક્યારેક ભૂલથી દૂર સુધી દરિયાની પાકીસ્તાન સીમામાં પહોંચી જાય છે અને ત્યાં પાકીસ્તાન મરીન સિક્યોરિટી દ્વારા આપણા માછીમારોને બોટ સાથે પકડીને કેદી બનાવી પાકીસ્તાનની જેલમાં રાખવામાં આવે છે.

પાકીસ્તાનની જેલમાં કેદ માછીમારોને સમયસર જમવાનું પણ મળતું ન હોવાના અને બીમાર પડતાં યોગ્ય સારવાર ન મળતી હોવાના અનેક કિસ્સામાં આપવીતી વર્ણવી છે. ઉના તાલુકાના ગામડાના માછીમારો 4 વર્ષથી પાકિસ્તાન જેલમાં સબડી રહ્યા છે. છતાં સરકાર એ અંગે કોઈ પગલાં લેતી નથી.

ઉના તાલુકાના નવાબંદર ગામમાં રહેતા લોકોનો મુખ્ય વ્યવસાય માછીમારી છે. અહીં નાના-મોટા સૌ કોઈ માછીમારી કરીને ગુજરાન ચલાવે છે. અહીંના પરિવારના પાકીસ્તાનની જેલમાં કેદ માછીમારોના પરિવારની આપવીતી બહુ કપરી છે. 4-5 મહિને વોટ્સએપના માધ્યમથી પરિવારના સભ્યના મોબાઈલમાં પાકીસ્તાન નંબરથી ચીઠ્ઠી આવે છે. જેમાં પાકિસ્તાન જેલમાંથી સરકાર જલ્દી છોડાવે તેવી માગ હોય છે. એ ઉપરથી અંદાજ લગાવી શકાય કે ત્યાં શું હાલત હશે.



અહીં પાકીસ્તાનની જેલમાં કેદ માછીમારોના પરિવારો આતુરતાથી તેમના પરિવારના સભ્યોની રાહ જોઈ રહ્યા છે. પરિવારના મોભીનો આશરો ન હોવાથી બાળકોનો ઉછેર કરવો મુશ્કેલ બન્યો છે. નવાબંદરના મોહન દેવા સોલંકી નામના માછીમારના પરિવારમાં દીકરાએ ભણવાનું છોડી ઘરની પરિસ્થિતિને આર્થિક મદદ કરવા માછીમારીના ધંધામાં જ લાગ્યો હતો. અન્ય કોઈ આવડત ના હોય અને અન્ય તાલુકામાં ઔધોગિક વિકાસ નહિ હોવાના લીધે આ જોખમી દરિયો ખેડવા મજબૂર બને છે.

# જામનગરમાં મંજુરી વિના ખડકી દેવાયેલી 12 દુકાન ઉપર પાલિકાનું બુલડોઝર ફર્યું

(એજન્સી) જામનગર | 08

જામનગરમાં જૂની ગેલેક્સી ટોકીઝ નજીકના વિસ્તારમાં એક આસામી દ્વારા મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની મંજૂરી વિના ગેરકાયદે રીતે ખડકી દેવામાં આવેલી 12 જેટલી દુકાનો પર બુલડોઝર ફેરવી દઈ ડીમલેશન કરવામાં આવ્યું હતું, ત્યારે ભારે પોલીસ બન્દોબસ્ત રાખવામાં આવ્યો હતો. બાંધકામ કરનાર દ્વારા છેક સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવવામાં આવી હતી અને ત્યાં તેની હાર થઈ જતાં આખરે મહાનગરપાલિકાએ આજે 5,550 ચોરસ ફૂટ જગ્યાને ખુલ્લી કરાવી છે. જામનગરના ગેલેક્સી સિનેમા નજીક મનસુખભાઈ નિમાવત કે જેની એક ટ્રસ્ટ હસ્તકની આશરે 5,550 ચોરસ ફૂટ જેટલી જગ્યા આવેલી છે, જે જગ્યા ઉપર નગરના એક બિલ્ડર દ્વારા પરવાનગી વગર બાંધકામ કરવામાં આવ્યું હતું. જેની મંજૂરી ન હોવા છતાં 2020 ની સાલમાં આ સ્થળે 15 જેટલી દુકાનો ખડકી દેવામાં આવી હતી, અને તે અંગેની ફરિયાદ થયા બાદ મહાનગરપાલિકાએ મંજૂરી વગરની પંદર દુકાનોનું 2020 ની સાલમાં બાંધકામ તોડી પાડ્યું હતું.

# મહિલાએ શ્વાનને પટ્ટા વડે એક્ટિવા પાછળ બાંધી જાહેર રોડ પર ઢસડ્યું

(એજન્સી) જામનગર | 08

જામનગર શહેરમાં સ્વામિનારાયણ નગરમાં રહેતા એક પરિવારનું પાલતુ શ્વાન શેરીમાં ચક્કર લગાવતું હતું, તે દરમિયાન સામે રહેતા એક મહિલાની ગાડીના સીટ કવર ઉપર થોડું નુકસાન પહોંચાડ્યું હતું. જેનો દાઝ રાખી આ મહિલાએ શ્વાનને એક્ટિવા પાછળ પટ્ટા વડે બાંધી ઢસડ્યું હતું. જે ઘટના જીવ દયા પ્રેમીના ધ્યાને આવતા તાત્કાલિક આ શ્વાનને તે મહિલા પાસેથી છોડાવ્યો હતો. આ શ્વાનને પગમાં ઈજા થતાં સારવાર કરવામાં આવી હતી. શ્વાન સાથે આચરવામાં આવેલી આ ક્રુરતાનો વીડિયો પણ વાયરલ થયો છે. જામનગરમાં એક મહિલાએ શ્વાનને એક્ટિવા પાછળ બાંધીને ઢસડ્યું હતું. જાહેર રોડ પર ઢસડતાં શ્વાનના પગમાં ઈજા પહોંચી હતી. જેથી જીવદયા પ્રેમીએ આ ગલુડિયાની સારવાર કરાવી હતી. શ્વાનનું પાલનહાર કરનાર સુરેશભાઈએ જણાવ્યું કે, અમારા પરિવારનું પાલતું શ્વાન ગુમ થતાં તેની શોધખોળ હાથ ધરી હતી.



# MS યુનિ.ના વાઈસ ચાન્સેલરનું રાજીનામું : 3 વર્ષ ગેરકાયદે રહ્યા?

(એજન્સી) વડોદરા | 08

પ્રોફેસર શ્રીવાસ્તવની કુલપતિ તરીકેની નિમણૂંક વિવાદોમાં હતી અને યુનિવર્સિટીના વરિષ્ઠ પ્રોફેસર સતીશ પાઠક દ્વારા તેને કોર્ટમાં ચેલેન્જ કરવામાં આવી હતી. આજે પ્રોફેસર વિજય કુમાર શ્રીવાસ્તવે રાજીનામું આપી દીધું છે તે દર્શાવે છે કે, એમની નિમણૂંક ગેરકાયદેસર રીતે કરવામાં આવી હતી અને એલિજિબિલિટી ક્રાઈટેરિયાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. પ્રોફેસર વિજયકુમાર શ્રીવાસ્તવ કુલપતિ બનવા માટે જરૂરી એવો દસ વર્ષનો અનુભવ પ્રોફેસર તરીકેનો ધરાવતા ન હતા.

જે સર્ચ કમિટી બનાવવામાં આવી હતી એ સર્ચ કમિટીમાં પણ યુજીસીના રીપ્રેઝન્ટેટિવને સમાવવામાં આવ્યા ન હતા તેવું પ્રોફેસર સતીશ પાઠક દ્વારા જણાવવામાં આવ્યું હતું. જ્યારે પ્રોફેસર શ્રીવાસ્તવનો VC તરીકેનો કાર્યકાળ પૂરો થવામાં એક મહિનો બાકી છે ત્યારે જ કોર્ટમાં એની સુનાવણી થઈ હતી અને વિજયકુમાર શ્રીવાસ્તવ એલિજિબિલિટી પુરવાર કરવામાં નિષ્ફળ ગયા હોય તેવું જણાઈ આવ્યું હતું અને તેમનું રાજીનામું સરકાર દ્વારા લઈ લેવામાં આવ્યું છે અને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં આ બીજો કિસ્સો છે કે, જ્યારે કુલપતિની નિમણૂંક યોગ્ય રીતે થઈ ન હતી જેથી કોર્ટ દ્વારા એમનું રાજીનામું લેવામાં આવ્યું છે. આ પહેલા પ્રોફેસર શિરીષ કુલકર્ણી કરીને અપોઈન્ટમેન્ટ એસપી યુનિવર્સિટી વિદ્યાનગર ખાતે બેલેન્સ કરવામાં આવી હતી અને સુપ્રીમ કોર્ટે નિમણૂંકને અયોગ્ય ઠરાવી હતી અને સરકાર દ્વારા તેમનું પણ રાજીનામું લઈ લેવામાં આવ્યું હતું.

### wવકીલે હાઈકોર્ટ સમક્ષ વિજય શ્રીવાસ્તવનું રાજીનામું રજૂ કર્યું હતું

વડોદરાની એમ.એસ.યુનિના વાઈસ ચાન્સેલર વિજય શ્રીવાસ્તવે પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું છે. લાયકાત વગર વાઈસ ચાન્સેલર બનાવી દેવાયા હોવાના પુરાવા સાથે હાઈકોર્ટમાં પિટિશન થતા રાજીનામું ધરી દીધું હોવાની ચર્ચા છે. સરકારી વકીલે હાઈકોર્ટ સમક્ષ વિજય શ્રીવાસ્તવનું રાજીનામું રજૂ કર્યું હતું.

### કુલપતિ બનવા માટે ખોટી માહિતી આપી હોવાનો આક્ષેપ થયો હતો

એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ તરીકે પોતે લાયકાત ધરાવતા ન હોવાનું જાણવા છતાં પોતે અગાઉ યુ.જી.સીના નિયમ વિરુધ્ધ કુલપતિ તરીકે નોકરી કરી અને ત્યારબાદ ઉપરોકત જણાવેલી વિગતે જે યુનિ.માં તેઓએ નોકરી કરી ન હતી તેવી યુનિ. તેમજ અન્ય યુનિ.માં હોદાની ખોટી વિગતો જાહેર કરી જે તમામ બાબતો ધ્યાનમાં લેવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ થાય છે કે,

વિજય શ્રીવાસ્તવે મહારાજા સયાજીરાવ યુનિ.માં નોકરી મેળવવા માટે સંદતર ખોટુ અને બનાવટી વિગતો વાળું બાયોડેટા તૈયાર કરેલું અને તેને સાચા તરીકે ઉપયોગ કરી ગુનાહીત કૃત્ય કરેલ છે, તેવી રજૂઆતો થઈ હતી.

# દયાદરામાં દબાણો પર JCB ફર્યું:દબાણકારોને ત્રણ નોટિસ અપાઈ હતી, દબાણો નહીં હટાવતા પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી

ભરૂચ | ભરૂચ તાલુકાના દયાદરા ગામે નેશનલ હાઈવે ઓથોરિટી સહિત વહીવટી તંત્રના અધિકારીઓની હાજરીમાં પોલીસ બંદોબસ્ત સાથે મુખ્ય માર્ગ પરના કરેલા ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.

ભરૂચ-જંબુસરને જોડતા મુખ્ય માર્ગ પર આવેલા દયાદરા ગામની બહાર જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસર દબાણો આવેલા હોય જેના કારણે અહીંયાથી પસાર થયા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડતી હતી.જેને લઈને હાઈવે ઓથોરિટી દ્વારા 27 જેટલા દબાણકારોને ત્રણ જેટલી નોટિસો આપીને દબાણો હટાવી લેવા સૂચનાઓ આપી હતી.જોકે તેમ છતાં દબાણકારો દ્વારા દબાણો નહિ હટાવવામાં આવતા આજ રોજ ભરૂચના પ્રાંત અધિકારી મનીષા માનાણી, મામલતદાર અને નેશનલ હાઈવેના એક્ઝિક્યુટિવ એન્જિનિયર ભરત પટેલ તેમની ટીમ સાથે જેસીબી, ટ્રેકટર સહિત મશીનરી સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગેરકાયદેસર દબાણનો સફાયો કરવાની કામગીરી હાથ ધરી હતી.

જેના પગલે દબાણ કારોમાં પોતાનો સરસામાન બચવવા માટે દોડધામ મચી ગઈ હતી. જોકે, સ્થળ પર કોઈ વિરોધ કે વિવાદ સર્જાઈ રહ્યો ન હતો. આ અંગે હાઈવે ઓથોરિટીના એન્જિનિયર ભરત પટેલ જણાવ્યું હતું કે,સાંજ સુધીમાં તમામ ગેરકાયદે દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવશે. ગ્રામજનો દ્વારા સહકાર મળી રહ્યો હોવાનું પણ કહ્યું હતું. આ દબાણો હટાવવામાં આવ્યા બાદ પુનઃ દબાણો ના થાય તે પણ તંત્ર દ્વારા જોવામાં આવે તે પણ જરૂરી છે.



# માતરમાં ભાજપના મેન્ડેટ સામે પડનારા પૂર્વ MLA કેસરીસિંહ જીત્યા

## ખેડા જિલ્લા સહકારી સંઘની ચૂંટણીનું પરિણામ જાહેર : કોંગ્રેસ-ભાજપની બે-બે બેઠકો પર જીત


અર્જુનસિંહ વાઘેલા, કૌશિક પરમાર, બાબુભાઈ રાઠોડ, કેસરીસિંહ સોલંકી, ગોપાલભાઈ સોલંકી

(એજન્સી) નડિયાદ, કઠલાલ । તા.08

ખેડા જિલ્લા સહકારી સંઘના સંચાલક મંડળની ૧૩ બેઠકો પૈકી અગાઉ ૮ બેઠકો બિનહરીફ થઈ હતી. બાકી રહેલી પાંચ બેઠકો માટેની ચૂંટણીનું મંગળવારે પરિણામ જાહેર થયું હતું. જેમાં બે બેઠકો પર કોંગ્રેસ, એક બેઠક પર ભાજપ અને એક બેઠક પર ભાજપના પૂર્વ ધારાસભ્યની જીત થઈ હતી. જ્યારે કઠલાલની બેઠક પર ટાઈ થતાં બાળકીના હાથે ચીઠ્ઠી ઉછાળવામાં આવી હતી. જેમાં ભાજપની જીત થઈ હતી. સંઘની ૧૩ બેઠકમાંથી ૧૦ બેઠકો ભાજપના ફાળે ગઈ હતી. ખેડા જિલ્લા સહકારી સંઘની કુલ

### કઠલાલ બેઠકમાં ટાઇ પડતા ચીઠ્ઠી ઉછાળી, ભાજપની જીત : કેસરીસિંહને 16 અને ભાજપના ઉમદવાર ભગવતસિંહ પરમારને 12 મત મળ્યા

૧૩ બેઠકો માટે ચૂંટણીનું આયોજન કરાયું હતું. અગાઉ ૮ બેઠકો ભાજપે બિનહરીફ કરી લેતા બાકી રહેલી પાંચ બેઠકો માટે ગત શનિવારે ચૂંટણી યોજાઈ હતી. પાંચ બેઠકોનું મંગળવારે પરિણામ જાહેર થયું હતું. જેમાં નડિયાદ અને કપડવંજની બેઠકો ઉપર કોંગ્રેસના ઉમેદવારોની જીત થઈ હતી. જ્યારે મહુધા બેઠક પર ભાજપના ઉમેદવારની જીત થઈ હતી. જ્યારે કઠલાલ બેઠક માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં હતાં. જેમાં ગોપાલભાઈ રણછોડભાઈ સોલંકી અને સુરસિંહ ચેહરજી રાઠોડને ૧૫-૧૫ મતો મળ્યા હતા. જ્યારે કાંતાબેન શનાભાઈ સોઢાપરમારને ૩ મત મળ્યાં હતાં. જેથી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ટાઈ થતાં નાની બાળકીના હાથે ચિઠ્ઠી ઉછાળવામાં આવી હતી. જેમાં ગોપાલભાઈનું નામ ખૂલતા આ બેઠક ભાજપના ફાળે ગઈ હતી. જિલ્લા સહકારી સંઘની ચૂંટણીમાં બહુચર્ચિત માતર બેઠક પર સૌની નજર હતી. માતર ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ પક્ષમાંથી બળવો કરીને ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. સામેપક્ષે ભાજપે ભગવતસિંહ પરમારને મેદાને ઉતાર્યા હતા. ભાજપના અનેક પ્રયાસો છતાં કેસરીસિંહને ૧૬ અને ભગવતસિંહને ૧૨ મત મળતા ભાજપના ઉમેદવારની હાર થઈ હતી અને પક્ષમાં બળવો કરનારા કેસરીસિંહનો વિજય થયો હતો. જ્યારે કેસરીસિંહને પક્ષમાંથી દૂર કરવાની માંગ સાથે ધારાસભ્ય કલ્પેશ પરમાર સહિતના કાર્યકરો નડિયાદ કમલમ ખાતે પહોંચ્યા હતા.

## હાઈકોર્ટની આણંદ કલેકટર સહિતના સત્તાધીશોને નોટિસ

# જાહેરરસ્તાપરગેરકાયદેબાંધકામ આઠ વર્ષે પણ પગલાં ના લેવાયા

(એજન્સી) આણંદ । તા.08

આણંદમાં બોરસદ ખાતે સ્થાનિક માથાભારે શખ્સ દ્વારા જાહેર રસ્તા પર ગેરકાયદે બાંધકામ કરી દેવાના ચકચારભર્યા કેસમાં સ્થાનિક નાગરિકે સરપંચ, તલાટીથી લઈ મામલદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી, કલેકટર સહિતના તમામ સત્તાવાળાઓ સમક્ષ છેલ્લા આઠ-આઠ વર્ષોથી રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં નહી લેવાતાં આખરે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી. જસ્ટિસ મોના એમ.ભટ્ટે ગંભીર નારાજગી વ્યકત કરી આ કેસમાં આણંદ જિલ્લા કલેકટર, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જારી કરી સમગ્ર મામલે જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે પબ્લીક રોડ પર ગેરકાયદે બાંધકામ કરનારને પ્રતિવાદી પક્ષકાર તરીકે જોડવા પણ અરજદારને પરવાનગી આપી હતી. અરજદારપક્ષ તરફથી એડવોકેટ પ્રશાંત ચાવડા દ્વારા અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, ગુજરાત પંચાયત એકટની કલમ-૧૦૫ હેઠળ નોટિસ આપવા છતાં ઉપરોકત ગેરકાયદે બાંધકામને લઈ કોઈ મંજૂરી, રજા ચિઠ્ઠી કે પરવાનગી રજૂ થયા નથી, જે બહુ ગંભીર બાબત છે. અરજદાર છેલ્લા આઠ વર્ષોથી આ મુદ્દાને લઈ લડી રહ્યા છે પરંતુ નીચેથી લઈ ઉપર સુધી તમામ સત્તાવાળાઓ આંખ આડા કાન કરે છે. કોઈ પગલાં લેતા નથી.

અરજદારપક્ષ તરફથી વધુમાં જણાવાયું કે, અરજદાર બોરસદના રાવળપુરા ગામે વર્ષોથી રહે છે ત્યાં ગ્રામ પંચાયતના જાહેર રસ્તા પર તેમની સામે જ રહેતા સ્થાનિક શખ્સ મગનભાઈ નાનાભાઈ પરમાર દ્વારા ખુલ્લેઆમ ગેરકાયદે રીતે બાંધકામ કરી દેવાયું છે. જેને લઈને આ જાહેર રસ્તો સાંકડો થઈ ગયો છે અને વાહન સાથે ત્યાંથી જવુ ખૂબ મુશ્કેલ અને અગવડભર્યુ બની રહ્યું છે. સ્થાનિક લોકોથી લઈ ત્યાંથી અવરજવર કરતાં નાગિરકો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. અરજદારે આ સમગ્ર મામલે સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા, મામલતદાર, ટીડીઓ, ડીડીઓથી લઈ આણંદ જિલ્લા કલેકટર સુધી વર્ષોથી વારંવાર અનેક રજૂઆતો કરી હોવાછતાં આજે આઠ-નવ વર્ષો વીત્યા બાદ પણ હજુ સુધી આ ગેરકાયદે બાંધકામ દૂર કરાયુ નથી.

અરજદારને અદાલત સમક્ષ એ પણ સ્પષ્ટ કર્યું કે, આ કોઈ વ્યકિતગત વિવાદ કે તકરારનો વિષય નથી પરંતુ ગ્રામ પંચાયતાન જાહેર રસ્તા પર નડતરરૂપ બાંધકામનો સંવેદનશીલ મુદ્દો છે. કાયદામાં જાહેર રસ્તા અને પબ્લીક રોડ પર આ પ્રકારે ગેરકાયદે બાંધકામની કોઈ મંજૂરી નથી અને તેથી તેને તાત્કાલિક દૂર કરવું જોઈએ. એટલું જ નહી, આટલા વર્ષોથી જાહેર રસ્તા પરથી ગેરકાયદે બાંધકામ દૂર નહી કરનાર તમામ જવાબદાર કસૂરવાર સરકારી અધિકારીઓ વિરૂધ્ધ કાયદેસર પગલાં લેવા પણ અરજીમાં માંગણી કરવામાં આવી હતી.

### રહેણાંકમાં ૩૫૦ હોસ્ટેલ,પી.જી,લાઇબ્રેરીને ક્લોઝર નોટીસ

ગાંધીનગર : ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં રહેણાંકની જગ્યામાં છેલ્લા ઘણા સમયથી હોસ્ટેલ પીજી અને લાઈબ્રેરીઓ ચાલી રહી છે ત્યારે ફાયર સેફ્ટી તેમજ ગેરકાયદેસર વપરાશ સંદર્ભે અગાઉ મહાનગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી હતી ત્યારે હવે કોર્પોરેશને ૩૫૦થી વધુ આ એકમોને ક્લોઝર નોટિસ ફટકારી છે અને આગામી દિવસમાં વપરાશ બંધ કરવા તાકીદ કરી છે નહીંતર સીલીંગ સુધીની કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે. રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરમાં રહેણાંક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કોમશયલ પ્રવૃત્તિ વધી રહી છે જોકે આ સંદર્ભે અવારનવાર વસાહતીઓ દ્વારા ફરિયાદ કરવામાં આવતી રહી છે પરંતુ કોઈ તંત્ર દ્વારા તેની ઉપર ધ્યાન આપવામાં આવતું નથી. આ સ્થિતિમાં મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેર અને આજુબાજુમાં આવેલા રહેણાંક વિસ્તારમાં પ્રાથમિક સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં કેટલીક જગ્યાએ મકાનોની અંદર હોસ્ટેલ, પી જી અને લાઈબ્રેરી તેમજ ક્લાસીસ ચાલતા હોવાનું ધ્યાને આવ્યું હતું . ૩૫૦ જેટલા એકમોમાં જીપીએમસી એક્ટ મુજબ નોટીસ પાઠવવામાં આવી હતી અને ૩૦ દિવસમાં આ વપરાશ બંધ કરી દેવા માટે સૂચના આપવામાં આવી હતી પરંતુ આ સંચાલકો દ્વારા કોર્પોરેશનની નોટીસને અવગણી દેવામાં આવી છે અને હજી સુધી વપરાશ ચાલુ રાખવામાં આવ્યો છે. જોકે રહેણા વિસ્તારમાં ચાલતી આ બીન અધિકૃત હોસ્ટેલો અને પી જીને કારણે અહીં પાણી અને સુએજના પ્રશ્નો પણ ઊભા થતા હોય છે સ્થાનિકો દ્વારા પણ આ સંદર્ભે ફરિયાદો કરવામાં આવતી રહી છે.

## આણંદના સદનાપુરા ગામમાં પરપ્રાંતિય યુવકનો આપઘાત

(એજન્સી) આણંદ । તા.08

આણંદના સદનાપુરા ગામે પ્લાયવૂડની ફેક્ટરીમાં મજૂરી કરતા પરપ્રાંતિય યુવકે મંગળવારે સવારે ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સ્થાનિકોએ સમગ્ર બનાવ બારીમાંથી જોતા યુવકને બચાવવા બારણું તોડી પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સ્થાનિકોના આવ્યા પહેલા યુવકનું મોત નિપજ્યું હતું. આણંદ ગ્રામ્ય પોલીસે આપઘાત પાછળનું કારણ શોધવા તપાસ હાથ ધરી છે. સદનાપુરા ગામે નગરી વિસ્તારમાં એક ઓરડીમાં રહેતો અરવિંદ અજયભાઈ પાસવાન (ઉં.વ.૧૯, મુળ વતન બિહાર) નજીકમાં આવેલી પ્લાયવૂડની ફેક્ટરીમાં મજૂરી કામ કરતો હતો. પરપ્રાંતિય શ્રમિકે મંગળવારે સવારે ઓરડીનું બારણું બંધ કરી પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આસપાસના લોકોએ બારીમાંથી યુવકને આપઘાત કરતા નિહાળતા અન્ય લોકોને જાણ કરી હતી.

## દિવસે ઠંડીનું જોર વધતા 48 કલાકમાં મહત્તમ તાપમાન સાડા ચાર ડિગ્રી ઘટ્યું

# ભાવનગરમાં સવારે 34 કિ.મી.ની ઝડપે સુસવાટા મારતો પવન ફૂંકાયો

(એજન્સી) ભાવનગર । તા.08

ભાવનગરમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ ગયો છે. રાત્રે ધ્રુજાવતી ઠંડી પડી હોવા છતાં તાપમાનમાં આંશિક વધારો નોંધાયો હતો. તો સવારના સમયે ૩૪ કિ.મી.ની ઝડપે સુવાટા મારતો ઠંડો પવન ફૂંકાતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. ટાઢાબોળ પવનના કારણે દિવસનું તાપમાન એક ડિગ્રીથી વધુ નીચે સરક્યું હતું. શહેરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનું જોર ફરી વધવા લાગ્યું છે. જેના પરિણામે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. રાત્રિના સમયે હળવા પવનની સાથે ઠારનું વર્ચસ્વ રહેતા મોટાભાગના રસ્તાઓ સુમસામ જોવા મળી રહ્યા હતા. જો કે, ઠંડીની અસર વધુ રહી હોવા છતાં ૦.૨ ડિ.સે.ના વધારા સાથે લઘુતમ તાપમાન ૧૩.૮ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સપ્તાહના બીજા દિવસે આજે મંગળવારે સવારથી જ વાયુદેવનો અલગ મિજાજ જોવા મળ્યો હતો. સવારના સમયે ૩૪ કિ.મી.ની ઝડપે ધૂળની ડમરીઓ ઉડાડતો ઠંડો પવન ફૂંકાયો હતો. જેના કારણે લોકોએ બિનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. બપોર પડતા પવનની ઝડપ ધીમી પડીને ૨૦ કિ.મી. પ્રતિકલાકે પહોંચી ગઈ હતી. પરંતુ વાતાવરણ ઠંડુગાર જેવું થઈ જતાં નાગરિકોએ ગરમ વસ્ત્રો પહેરી રાખવા પડયા હતા. ઠંડીમાં થયેલા વધારાના પગલે ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન ૧.૧ ડિગ્રી ઘટીને ૨૫.૭ ડિગ્રીએ પહોંચી ગયું હતું. તો છેલ્લા ૪૮ કલાકમાં દિવસનું તાપમાન ૪.૫ ડિગ્રી ઘટી ગયું છે.

વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૬૬ ટકા હતું. તે બપોર થતાં ઘટીને ૩૪ ટકા નોંધાયું હતું. હજુ આગામી બે દિવસ રાતનું તાપમાન બેથી ત્રણ ડિગ્રી નીચે જઈ શકે તેવી રાજ્યના હવામાન વિભાગે સંભાવના વ્યક્ત કરી છે.

## કંઢેરાઈની વાડીમાં બોરવેલમાંથી યુવતીનો મૃતદેહ બહાર કઢાયો

# ઈન્દ્રાના મોતનું રહસ્ય પોલીસ ખોલશેઆપઘાતની પ્રબળ સંભાવના

(એજન્સી) ભુજ । તા.08

ભુજ તાલુકાના કંઢેરાઈ ગામે સોમવારે વહેલી સવારે ૫૪૦ ફૂટ ઉંડા બોરવેલમાં ખેત મજુર યુવતી પડી જવાના કેસમાં તંત્રની દોડધામ બાદ ૩૨ કલાક પછી યુવતીનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. બીજીતરફ બોરવેલ ઢાંકેલો હતો. તો પછી ૨૨ વર્ષની યુવતી અંદર કઈ રીતે પડી તે મોટો સવાલ ખડો થયો છે. યુવતીએ આપઘાત કર્યો હોવાની સંભાવના પ્રબળ બનતાં પધ્ધર પોલીસે તે દિશામાં તપાસ તેજ કરી છે. રાજસ્થાનના પ્રતાપગઢની અને છેલ્લા છથી આઠ વર્ષથી પિતરાઈ ભાઈ લાલજીભાઈ સાથે ભુજ તાલુકાના કંઢેરાઈ ગામે વાડીમાં રહેતી ૨૨ વર્ષીય ઈન્દ્રા કાનજીભાઈ મીણા નામની યુવતી મંગળવારે સવારે સવા પાંચ વાગ્યા અરસામાં તેની ભત્રીજી વસુંધરા સાથે બાથરૂમ કરવા ગઈ હતી. ત્યાંથી પરત આવીને વસુંધરાને કહ્યું હું બાથરૂમ કરી આવું તેવું કહીને નીકળી હતી. ત્યાર બાદ પીતરાઈ ભાઈ લાલજીભાઈએ પુત્રીને પ્રશ્ન કર્યો હતો કે ઈન્દ્રા ક્યાં છે. ત્યાં તેમના ઘરની ઓસરીથી પાંચ ડગલાં દુર આવેલા બોરવેલમાંથી ઈન્દ્રાનો બચાવ બચાવનો અવાજ સંભળાયો હતો. પ્રથમ લાલજીભાઈએ દોરડી અંદર નાખીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. બીજી તરફ વાડી માલિકના જણાવ્યા પ્રમાણે અને પોલીસની પ્રાથમિક તપાસમાં બોરવેલ પતરાના ગમેલા માથે પથ્થરાઓ અને ઝાડી ઝાંખરાથી ઢાંકેલો હતો. તો અને ૧૨ સેન્ટી મીટરના ત્રીજીયાના મોઢું અને ૫૪૦ ફુટ ઉંડા બોરવેલમાં યુવતી કઈ રીતે પડી ઈન્દ્રાના કાકાઈ ભાઈએ પોલીસ નિવેદનમાં જણાવ્યુ હતુ કે ઈન્દ્રાની ડુંગરપરના યુવક સાથે ૬ માસ પહેલા સગાઈ થઈ છે. અને રાત્રે ઈન્દ્રાએ તેના ભાવી પતિ સાથે વાત કરી છે. ત્યારે ઈન્દ્રા અને તેના ભાવી પતિ સાથે વાતચિત બાદ ઈન્દ્રાને મનપર લાગી આવ્યું હોય અને વહેલી સવારે બોરમાં પડતું મુકીને આત્મઘાત પગલું ભરી લીધું હોવાની શક્યતા જોવાઈ રહી છે.

# શેરડીની આડમાં દારૂ-બિયર ભરેલાં ટ્રક સાથે ડ્રાઈવર-કલિનર ઝડપાયા

કોબડી ટોલનાકા નજીક એલસીબીએ બાતમીના આધારે ટ્રક ઝડપી પાડયો, દારૂની 357 બોટલ તથા બિયરના 240 ટીન મળ્યાં

## ગુનો નોંધાયો...

## મહુવાના બે બુટલેગરે જથ્થો મંગાવ્યો હોવાની કબૂલાત : ચારેય વિરૂદ્ધ ગુન્હો દાખલ

(એજન્સી) ભાવનગર । તા.08

ભાવનગર- સોમનાથ નેશનલ હાઈ-વે પર બુધેલ પાસે આવેલાં કોબડી ટોલ નાકા નજીકથી ભાવનગર પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શેરડીની આડમાં વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ભરી ભાવનગર થઈ મહુવા તરફ જઈ રહેલા ટ્રક સાથે ડ્રાઈવલ્કલિનરને ઝડપીરૂ.૭.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જયારે, આ જથ્થો મંગાવનાર મહુવાના બે બુટલેગરો સહિત ચારેય વિરૂદ્ધ વરતેજ પોલીસમાં ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

બનાવની વિગત એવી છે કે, ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ભાવનગર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન બાતમી મળી હતી કે, મહુવાના વતની મનોજગીરી ભુપતગીરી ગૌસ્વામી તથા પ્રભાત ભોળાભાઈ ચૌહાણ ટ્રક નંબર-જીજે-૦૪-એક્સ ૫૯૯૩ માં બહારનાં રાજયમાંથી શેરડીની આડમાં દારૂનો જથ્થો ભરેલ ટ્રક લઈને કોબડી ટોલનાકા પસાર કરી મહુવા તરફ જવાનાં છે.જે બાતમી આધારે એલસીબીએ ભાવનગર-સોમનાથ નેશનલ હાઈ-વે પર કોબડી ટોલનાકા નજીક વોચ ગોઠવી હતી. દરમિયાનમાં, ભાવનગર તરફ આવી રહેલા ઉક્ત ટ્રકને શંકાના આધારે એલસીબી ટીમે ઉભો રાખ્યો હતો. અને ટ્રક ડ્રાઈવર મનોજગીરી તથા કલિનર પ્રભાત ચૌહાણને ટ્રકોમાંથી ઉતારી ટ્રકમાં ભરેલાં મુદ્દામાલ અંગે પૂછપરછ કરતાં બન્નેએ તેમાં શેરડી ભરી હોવાનું જણાવ્યું હતું. તેમણે આ જથ્થો અમરેલી જિલ્લાના દામનગર ખાતે ઉતારવાની હોવાનું જણાવી શેરડીના જથ્થા અંગેની ચિઠ્ઠી પણ બતાવી હતી.જો કે, પોલીસને બન્ને વાત પર ફરી શંકા જતાં તાલપત્રીમાં છૂપાવેલાં જથ્થાની તલાશી લેતા શેરડીની આડમાં વિદેશી દારૂ અને બિયરનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે વિદેશી દારૂની ૩૫૭ બોટલ કિંમત રૂ.૨,૩૦,૯૪૬ તથા બિયરના ૨૪૦ ટીન રૂ.૩૨,૪૪૮ તથા ટ્રક કિંમ ત રૂ. પાંચ લાખ, બે મોબાઈલ કિંમત રૂ.એક હજાર તથા અને રોકડ રૂ. ૧,૨૧૦ મળી કુલ રૂ.૭,૬૬,૧૦૪ નાં મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે, શેરડીની આડમાં ટ્રકમાં દારૂ-બિયર છૂપાવીને લાવનાર મનોજગીરી ભુપતગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૮ ધંધો-ડ્રાઈવિંગ રહે.પ્લોટ નંબર-બી/૭, વિદ્યાનગર સોસાયટી, રેલ્વે સ્ટેશન પાછળ, મહુવા જી.ભાવનગર ) તથા પ્રભાત ભોળાભાઈ ચૌહાણ ( ઉ.વ.૩૦ ધંધો-કલિનરરહે.પ્લોટ નંબર-૩૪, અશોકનગર, નેસવડ તા.મહુવા જી.ભાવનગર)ને ઝડપી પાડયા હતા. પોલીસે બન્નેની પૂછપરછ કરતા યુનુસ અને નટુ જોધાભાઈ બારૈયા (રહે.બન્ને મહુવા જી.ભાવનગર ) ને દારૂ-બિયરનો આ જથ્થો આપવાનો હોવાની કબૂલાત કરી હતી. જેના પગલે પોલીસે ઝડપાયેલાં બન્ને અને જથ્થો મંગાવનાર બે શખ્સો મળી કુલ ચાર શખ્સ વિરૂધ્ધ વરતેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો નોંધ્યો હતો.

### દારૂ-બિયરનો જથ્થો ભુંસાવળ હાઇ-વે ઉપરથી ખરીદ્યો હતો

વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે ઝડપાયેલા ડ્રાઈવર અને કલિનરની એલસીબી પોલીસે પૂછપરછ આદરી હતી. જેમાં આ જથ્થો કોની પાસેથી લાવી કોને આપવાનો હતો ? તે બાબતે પૂછપરછ કરતા બંને પૈકી ડ્રાઈવર મનોજગીરીએ આ દારૂ બિયરનો જથ્થો મહારાષ્ટ્ર રાજયના ભુંસાવળ હાઈ-વે ઉપરથી બે અલગ-અલગ શખ્સ ખરીદયો હોવાની કબૂલાત આપી હતી.

### શેરડીની ચિઠ્ઠી આપનાર કોણ? તેની પણ તપાસ થવી જોઈએ

દારૂ-બિયર ભરેલાં ટ્રકના જથ્થા સાથે ઝડપાયેલાં ટ્રકના ડ્રાઈવર અને કલિનરે પોલીસને ગેરમાર્ગે દોરવા માટે ટ્રકમાં શેરડીનો જથ્થો સાથે લાદયો હતો. જો કે, પોલીસે ટ્રકની તપાસ કરતાં બન્નેએ ટ્રકમાં શેરડી હોવાનું અને તેની એક ચિઠ્ઠી પણ દેખાડી હોવાનું પોલીસ સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું. ત્યારે, આ મામલામાં શેરડીની ચિઠ્ઠી આપનાર કોણ? તેની તપાસ થવી જોઈએ.

## જમીન પર વાવણી કરતા ગુનો નોંધાયો

# રાપર: વણોઈવાંઢનાં શખ્સ વિરુદ્ધ એક સાથે બે લેન્ડ ગ્રેબિંગ

(એજન્સી) ગાંધીધામ । તા.08

રાપરનાં વણોઈવાંઢ રહેતા શખ્સે પોતાના ખેતર નજીક આવેલી બે અલગ અલગ જમીન પર ગેરકાયદે કબ્જો કરી જમીન પર વાવણી કરી નાખી હતી. જેમાં જમીનનાં વેસ્ટ મુંબઈ રહેતા મુળ માલિકોને આ અંગે જાણ થતાં તેમણે આરોપી વિરૂદ્ધ પોલીસ ચોપડે બે અલગ અલગ લેન્ડગ્રેબિંગ એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

મૂળ રાપરમાં વણોઈનાં હાલે વેસ્ટ મુંબઈ રહેતા ભચુભાઈ જીવરાજભાઈ શાહે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કેભચાઉનાં ભરૂડીયા સીમમાં આવેલી ફરિયાદીની માલિકીની સર્વે નં ૩૧૦-૧ વાળી ૬ થી ૭ એકર જમીન પર આરોપી વલીમામદ સધીક વાઢા (રહે. વણોઈવાંઢ)એ ગેરકાયદેસર રીતે કબ્જો કરી જમીન પચાવી પાડવાનાં હેતુથી જમીન પર વાવેતર કરી નાખ્યું હતુ. જે અંગે ફરિયાદીને જાણ થતા ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ૨૨ ઓક્ટોબર ૨૦૨૪નાં કચ્છ કલેક્ટર સમક્ષ અરજી કરી હતી. જેમાં આરોપીએ ગેરકાયદે જમીન પર કબ્જો ખાલી ન કરતા અંતે કલેક્ટરનાં હુકમ બાદ ફરિયાદીએ ભચાઉ પોલીસ મથકે આરોપી વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ સહીતની કલમો હેઠળ રાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બીજી બાજુ મૂળ ભચાઉનાં ભરૂડીયા ગામના હાલે વેસ્ટ મુંબઈ રહેતા કાંતિલાલ વેલજીભાઈ સત્રાએ પણ આ આરોપી વલીમામદ સધીક વાઢા (રહે. વણોઈવાંઢ) વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટની કલમો ભચાઉ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી વલીમામદે ફરિયાદીની ભરૂડીયા સીમમાં આવેલી સર્વે નં ૩૧૦ વાળી જમીનનાં સેઢા તરફ એકથી બે એકર જમીન પચાવી પાડવાનાં હેતુથી જમીન પર ગેરકાયદેસર વાવેતર કરી કબ્જો કર્યો હતો.

## મહુધાથી રુદણ ગામનો રૂા. 1.60 કરોડના ખર્ચે બનેલો રોડ બિસ્માર

નડિયાદ : મહુધાથી રુદણ ગામને જોડતા એપ્રોચ રોડનું ૧.૬૦ કરોડના ખર્ચે ડામર કામ કરાયું હતું. થોડા સમયમાં જ આ રોડ ઉબડખાબડ થઈ જતા વાહન ચાલકો પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે. ખેડા જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ હેઠળ મહુધા અને મહેમદાવાદ તાલુકાના ગામોને જોડતો મહુધાથી રુદણ ગામને જોડતા સાત કિલોમીટરના રસ્તાનું ૨૦૨૧માં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૧.૬૦ કરોડના ખર્ચે રિસર્ફેસિંગ નડિયાદની દવે કન્સ્ટ્રક્શન કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. આ રોડ નવચેતન, વણસોલ, ધંધોડી, રુદણ, જાલીયા વગેરે ગામોના લોકોની અવર-જવરથી ધમધમતો રહે છે. કરોડો રૂપિયાનું આંધણ કરવા છતાં આ રોડ ઉપર ઠેર ઠેર ઊંડા ખાડા પડી જતાં મગરની પીઠ જેવો બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. જેના કારણે રોડના કામની ગુણવત્તાને લઈને પણ પ્રશ્નો ઉઠવા પામ્યા છે. આ રોડ બિસ્માર હાલતમાં હોવાથી વાહન ચાલકોને અવર જવર કરવામાં ઘણી જ હાલાકી ભોગવવી પડે છે.

## આપનો આજનો દિવસ


**મેષ (અ,લ,ઇ)**
તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો.


**વૃષભ (બ,વ,ઉ)**
માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો.


**મિથુન (ક,છ,ઘ)**
તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.


**કર્ક (ડ,હ)**
ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો.


**સિંહ (મ,ટ)**
વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કૅલેરી ધરાવતો ખોરાક ટાળવો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો.


**કન્યા (પ,ઠ,ણ)**
અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.


**તુલા (ર,ત)**
આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.


**વૃશ્ચિક (ન,ય)**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો.


**ધન (ભ,ધ,ફ)**
અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે.


**મકર (ખ,જ)**
તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.


**કુંભ (ગ,શ,સ)**
નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે.


**મીન (દ,ચ,ઝ,થ)**
તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ.

# મહિન્દ્રા પ્રીમિયમ ઈવી ટેક્નોલોજીને સુલભ બનાવે છે, BE 6 અને XEV 9e ટોપ વેરિઅન્ટની કિંમતો જાહેર કરી



- BE 6 પેક થ્રી: રૂ. 26.9 લાખ, ઈએમઈઆઈ રૂ. 39,224થી શરૂ (પેક વનના જેટલા જ)
- XEV 9e પેક થ્રી: રૂ. 30.5 લાખ, ઈએમઆઈ રૂ. 45,450થી શરૂ (પેક વનના જેટલા જ)
- 7 જાન્યુઆરી, 2025થી તમારી પસંદગી ઉમેરો
- તબક્કાવાર ટેસ્ટ ડ્રાઈવ 14 જાન્યુઆરી, 2025થી શરૂ થશે
- BE 6 and XEV 9e માટેનું બુકિંગ 14 ફેબ્રુઆરી, 2025થી સાથે જ શરૂ થશે

(એજન્સી) પૂણે | તા.08

મહિન્દ્રાએ આજે તેના અનલિમિટ ઈન્ડિયા ટેક ડેના રોજ તેની ફ્લેગશિપ ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવી BE 6 and XEV 9eના ટોપ એન્ડ (પેક થ્રી) વેરિઅન્ટની કિંમતો જાહેર કરી હતી. આ જાહેરાત અનલિમિટ ઈન્ડિયા ઈવેન્ટની સફળતા પર કરવામાં આવી છે. આ ઈવેન્ટ 26 નવેમ્બર, 2024ના રોજ યોજવામાં આવી આવી જેમાં BE 6 અને XEV 9e રજૂ કરવામાં આવી હતી. મહિન્દ્રાનું પ્રીમિયમ ટેક્નોલોજીને સુલભ બનાવવાનું વિઝન પેક થ્રી સાથે કેન્દ્ર સ્થાને આવે છે જે હાઈ-એન્ડ લક્ઝરી, આધુનિક સુવિધાઓ અને અદ્વિતીય કામગીરી રજૂ કરે છે. પ્રીમિયમ ઈવી તરફ ગ્રાહકોના વધી રહેલા ઝુકાવને સંતોષવા મહિન્દ્રા BE 6 અને XEV 9e બંને માટે પહેલા તબક્કામાં એક્સક્લુઝિવલી પેક થ્રી લોન્ચ કરશે. પેક થ્રીને વધુ સુલભ બનાવવા માટે મહિન્દ્રાએ અનોખો પ્રોગ્રામ "Three for Me" રજૂ કર્યો છે. મહિન્દ્રા ફાઈનાન્સ દ્વારા રજૂ કરવામાં આવેલો આ પ્રોગ્રામ સુનિશ્ચિત કરે છે કે પેક થ્રી વેરિઅન્ટ્સ પેક વનના જેટલા જ માસિક ઈએમઆઈથી મેળવી શકાય છે જેમાં છ વર્ષના અંતે એક બલૂન પેમેન્ટ હોય છે. મહિન્દ્રા ઈલેક્ટ્રિક ઓટોમોબાઈલ લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના ઓટોમોટિવ સેક્ટરના પ્રેસિડેન્ટ વિજય નકરાએ જણાવ્યું હતું કે અમારા ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવીને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે અને ગ્રાહકોએ હાઈ-એન્ડ ટેક્નોલોજી અને પ્રીમિયર ફીચર્સ તરફ મજબૂત ઝુકાવ દર્શાવ્યો છે.

### પેક થ્રી સાથે હાઈ-એન્ડ ટેક્નોલોજીને સુલભ બનાવવી

26 નવેમ્બર, 2024ના રોજ યોજાયેલી અનલિમિટ ઈન્ડિયા ઈવેન્ટમાં ટેક્નોલોજી, સુરક્ષા અને આરામનું સંતુલિત મિશ્રણ ઈચ્છતા લોકો માટે BE 6 અને XEV 9e બંને માટે પેક વન ઓફરિંગ રજૂ કરવામાં આવી હતી. પેક થ્રી લક્ઝરી અને પર્ફોર્મન્સને નવી ઊંચાઈએ લઈ જાય છે જે વધુ ઉચ્ચ સુરક્ષા, અત્યાધુનિક ફીચર્સ અને પ્રીમિયમ ડિઝાઈનનું મિશ્રણ ધરાવે છે. મહિન્દ્રાના ખૂબ જ સક્ષમ INGLO ઈલેક્ટ્રિક સ્કેટબોર્ડ આર્કિટેક્ચર પર બનેલા આ વેરિઅન્ટ્સ શક્તિશાળી 210 કિલોવોટ મોટર ધરાવે છે જેનાથી BE 6 માત્ર 6.7 સેકન્ડ્સમાં અને XEV 9e 6.8 સેકન્ડ્સમાં જ 0-100 કિમી પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે. BE 6 માટે 683 કિમીની સર્ટિફાઈડ રેન્જ (એમઆઈડીસી પાર્ટ 1 અને 2) અને XEV 9e માટે 656 કિમીની રેન્જ (એમઆઈડીસી પાર્ટ 1 અને 2) અદ્વિતીય વ્યવહારુતા સુનિશ્ચિત કરે છે જે ફાસ્ટ ચાર્જિંગ ક્ષમતા દ્વારા સમર્થિત છે (175 કિલોવોટ ડીસી ચાર્જર સાથે 20 મિનિટમાં 20-80 ટકા).

# શેરબજાર ફરી વિખેરાઈ ગયું... સેન્સેક્સમાં 600 પોઈન્ટનો ઘટાડો, HDFC થી SBI સુધી ગભરાટ

(એજન્સી) મુંબઈ | તા.08

સ્ટોક માર્કેટ ક્રેશ: બુધવારે શેરબજારની શરૂઆત ઉછાળા સાથે થઈ હતી, પરંતુ તે વધુ સમય સુધી ચાલુ રહી શકી નથી. બપોરે 12 વાગ્યાની આસપાસ સેન્સેક્સ અને નિફ્ટી તૂટ્યા હતા. સેન્સેક્સમાં 674 પોઈન્ટથી વધુનો ઉછાળો આવ્યો હતો. શેરબજારમાં ફરી એકવાર મોટો ઘટાડો જોવા મળ્યો છે. બુધવારે, સપ્તાહના ત્રીજા ટ્રેડિંગ દિવસે, જ્યારે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો 30 શેરો ધરાવતો સેન્સેક્સ 600 પોઈન્ટથી વધુ તૂટ્યો હતો, તો નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 170 પોઈન્ટ તૂટ્યો હતો. બજારના આ ઘટાડા વચ્ચે અદાણી પોર્ટ્સ, ટાઈટન, ઝોમેટો જેવા શેરોમાં કડાકો જોવા મળ્યો હતો. જો કે મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં લીડ જોવા મળી હતી. જ્યાં એક તરફ BSE સેન્સેક્સ ઈન્ડેક્સ ક્રેશ થયો હતો, તો બીજી તરફ NSE નિફ્ટી પણ એ જ માર્ગ પર આગળ વધ્યો હતો. જ્યારે નિફ્ટી-50 બજાર ખુલ્યું ત્યારે તે તેના અગાઉના 23,707.90ના બંધ સ્તરથી કૂદકો મારીને 23,746.65ના સ્તરે પહોંચ્યું હતું અને થોડા સમય માટે તેજી સાથે ટ્રેડિંગ કર્યા બાદ તેમાં પણ ઘટાડો શરૂ થયો હતો. આ સમાચાર લખાય છે ત્યાં સુધી, આ ઈન્ડેક્સ 200 પોઈન્ટ લપસીને 23,506 પર ટ્રેડ થતો જોવા મળ્યો હતો. સમાચાર લખાય છે ત્યાં સુધી, લાર્જકેપમાં એનટીપીસી, ટાટા મોટર્સ, ઈન્ફોસીસ, આઈસીઆઈસીઆઈ બેંક, એચસીએલ ટેક રેડમાં હતા, જ્યારે મિડકેપમાં ભેલ, ટાટા એલ્ક્સી, આરતી ઈન્ડસ્ટ્રીઝ, બાયોકોન, ગો ડિજીટ, વોલ્ટાસ, લ્યુપિન, પોલિસી બજાર. 2-4 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

### સેન્સેક્સમાં 630 પોઈન્ટનો મોટો ઘટાડો

**બુધવારે શેરબજારમાં ફરી એકવાર મોટો ઘટાડો જોવા મળ્યો હતો અને બપોરે 12 વાગ્યા સુધીમાં સેન્સેક્સ અને નિફ્ટી બંને સૂચકાંક તૂટી ગયા હતા. BSE સેન્સેક્સ તેના અગાઉના 78,199.11 ના બંધ સ્તરથી કૂદકો મારીને 78,319.45 ના સ્તરે ખૂલ્યો હતો. પરંતુ થોડી જ વારમાં ટેબલ ફરી વળ્યા અને ઈન્ડેક્સ ખરાબ રીતે નીચે આવવા લાગ્યો.**



# કાર માટે ગાયના ગોબરથી બાયોગેસ બનાવવા સુઝુકી મોટર્સ NDDBના 26% શેર્સ ખરીદશે

(એજન્સી) નવી દિલ્હી | તા.08

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ(એનડીડીબી)ના બાયોગેસના પ્લાન્ટ સાહસ મૃદાનો 26 ટકા હિસ્સો સુઝુકી મોટર્સ કૉર્પોરેશન હસ્તગત કરશે. આ બાયોગેસ પ્લાન્ટ વાહનોમાં ઈંધણ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવા કોમ્પ્રેસ્ડ બાયોગેસનું ઉત્પાદન કરશે. જેથી ઓછા પ્રદુષણ સાથે વાહનો રસ્તા પર દોડશે. ઉલ્લેખનીય છે, સુઝુકી મોટર્સ એનડીડીબી મૃદા લિ.માં 49 ટકા હિસ્સો ખરીદવા માગતી હતી, પરંતુ કેન્દ્ર સરકારે માત્ર 26 ટકા શેર્સ ફાળવણી કરવાનો નિર્ણય લીધો છે. સુઝુકી મોટર્સે બાયોગેસના ચાર પ્લાન્ટ બનાવવામાં રસ દાખવ્યો છે. પર્યાવરણને હાનિ ન પહોંચાડે તેવા વાહનો તૈયાર કરવા માટે સીબીજી અને સીએનજી શ્રેષ્ઠ હોવાનું સુઝુકી મોટર્સનું માનવું છે. ગાયના ગોબરમાંથી સીબીજી બનાવવું લાભદાયી છે. તેનાથી વાહનનું પરફોર્મન્સ પણ સારું રહે છે. સુઝુકી મોટર્સ એનડીડીબીનો 26 ટકા શેર હિસ્સો લેવા તત્પર હોવાનો નિર્દેશ એનડીડીબીના સૂત્રોએ આપ્યો છે. સુઝુકી મોટર્સની સો ટકા સબસીડીયરી સુઝુકી રિસર્ચ એન્ડ ડેવલમેન્ટ સેન્ટર ઈન્ડિયા પ્રાયવેટ લિમિટેડે આ અગાઉ બનાસ ડેરી સાથે ગોબરમાંથી બાયોગેસ બનાવવાનો પ્લાન્ટ નાખ્યો છે. એનડીડીબી મૃદા લિ.ના 26 ટકા શેર્સ સુઝુકી પાસે જ્યારે બાકીના 74 ટકા શેર્સ એનડીડીબીને હસ્તગત જ રહેશે. 26 ટકા શેર્સ ખરીદવા માટે કિંમત હવે પછી નક્કી થશે. આગામી સમયમાં સુઝુકી તેમાં હિસ્સો વધારશે.



### ગુજરાતમાં 100 ગોબર ગેસ પ્લાન્ટ બનાવાશે

બનાસકાંઠા ઉપરાંત ધાનેરા, વડગામ અને દિયોદર, ડિસા અને થરાદમાં પણ બાયોગેસના પ્લાન્ટ બનાવવામાં આવશે. આ પ્રકારના અંદાજે 100 ગોબર ગેસ પ્લાન્ટ ગુજરાતમાં નાખવાનું આયોજન કરવામાં આવેલું છે. બનાસડેરી પછી પંચમહાલ ડેરી, દૂધસાગર ડેરી અને સાબર ડેરી પણ બાયોગેસના પ્લાન્ટ ચાલુ કરવાની દિશામાં આગળ વધવા તત્પર છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓને પણ ગોબર ગેસમાંથી કોમ્પ્રેસ્ડ બાયોગેસ બનાવવા માટેનો પ્લાન્ટ નાખવામાં રૂચિ વધી છે. દરેક ઘરમાં જતાં પીએનજીનો સપ્લાય પણ આ પ્લાન્ટમાંથી જ આપવાનું આયોજન થઈ રહ્યું છે.

**સીબીજી પુરવઠામાં વધારો કરવાનો ઉદ્દેશ |** ગુજરાત સહિત દેશના અન્ય વિસ્તારમાંના ગ્રામીણ જગતમાં એનડીડીબીના વર્ચસ્વનો લાભ પણ સુઝુકી મોટર્સને મળશે. મારૂતિ સુઝુકીના ગેસથી ચાલતા વાહનો જે વિસ્તારમાં મોટી સંખ્યામાં છે તે સંખ્યામાં સીબીજી ઉપલબ્ધ કરાવવા અને પુરવઠામાં વધારોના ઉદ્દેશ સાથે બનાસ ડેરી સાથે પણ બાયોગેસ પ્લાન્ટનું સંચાલન કરે છે. જેના માટે પર્યાપ્ત ફંડિંગ પણ કર્યું છે.

#### એક નવા પ્રયાસ રૂપે આઈડીબીઆઈ બેંકના સહયોગથી

# ગુજરાતના મૂનલેન્ડ "રણ ઓફ કચ્છ"માં મિર્ચી બિઝનેસ ક્લાસ એવોર્ડ્સનું ભવ્ય આયોજન

(એજન્સી) કચ્છ | તા.08

ભારતની નંબર વન હાઈપરલોકલ એન્ટરટેઈનમેન્ટ બ્રાન્ડ મિર્ચી, બદલાતા ટ્રેન્ડ્સ સાથે સતત આગળ વધી રહી છે. તેના જ એક નવા પ્રયાસ રૂપે આઈડીબીઆઈ બેંકના સહયોગથી મિર્ચી બિઝનેસ ક્લાસ એવોર્ડ્સના ભવ્ય અને પ્રથમ એડિશનનું આયોજન ગુજરાતના મૂનલેન્ડ 'રણ ઓફ કચ્છ'માં તારીખ ૩, ૪ અને ૫ જાન્યુઆરીના રોજ થયું હતું. આ કાર્યક્રમમાં કેટલીક ટોચની કંપનીઓ અને બ્રાન્ડ્સ દ્વારા તેમના ક્ષેત્રમાં લાવવામાં આવેલા અનોખા વિઝન, ઈનોવેશન અને સફળતાને બિરદાવીને ઉજવવામાં આવ્યું હતું. બ્રાન્ડ્સ અને તેમના પ્રતિનિધિઓના નોંધપાત્ર યોગદાન અને કાયમી પ્રભાવને સન્માનિત કરવા માટે આ એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. મિર્ચીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને બિઝનેસ



ડિરેક્ટર શ્રી નિમિત તિવારીએ જણાવ્યું હતું કે,'જો હું આ વિચારની ગંગોત્રી વિશે વાત કરું, તો મિર્ચી બિઝનેસ ક્લાસ એવોર્ડ્સની પ્રેરણા છેલ્લા બે દાયકામાં મિર્ચીએ બનાવેલા વારસામાંથી મળે છે. મનોરંજનની સતત બદલાતી અને વિકસતી દુનિયામાં મિર્ચી હંમેશા ટોચ પર રહ્યું છે. પછી તે હાઈપરલોકલ સ્તરે શહેરોનું મનોરંજન હોય કે બ્રાન્ડ્સને ક્યુરેટેડ માર્કેટિંગ સોલ્યુશન પૂરા પાડવાનું હોય, મિર્ચીએ શ્રેષ્ઠતાના ઉચ્ચ ધોરણો સ્થાપિત કર્યા છે. આ જ પ્રતિબદ્ધતાએ મિર્ચી બિઝનેસ ક્લાસ એવોર્ડ્સના વિચારને જન્મ આપ્યો છે.'ગુજરાતના હૃદયમાં 'ધડકન અને ધંધો' સાથે ધબકે છે, અને આ વિચાર મિર્ચી બિઝનેસ ક્લાસ એવોર્ડ્સમાં ચરિતાર્થ થાય છે. બેંકિંગ અને ફાઈનાન્સ, ઉદ્યોગો, ટુરિઝમ અને હોસ્પિટાલિટી, સોફ્ટવેર, આરોગ્ય અને સાયબર સુરક્ષા સહિતના અનેક ક્ષેત્રોને આ આવૃત્તિમાં આવરી લેવામાં આવ્યા હતા. આ એવોર્ડ્સનો હેતુ ફક્ત સન્માન આપવાનો જ નથી, પરંતુ બ્રાન્ડ્સની સિદ્ધિઓની ઉજવણી સાથે નવી બ્રાન્ડ્સને પ્રેરણા આપવાનો અને ઉજ્જવળ ભવિષ્ય ઘડવાનો છે. ૪ જાન્યુઆરીની સાંજે આયોજિત આ ઈવેન્ટમાં બોલીવૂડની એવોર્ડ વિનિંગ અભિનેત્રી દિવ્યા દત્તા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

# સાવધાન..PAN કાર્ડને લઈને આવી પોસ્ટથી ન ભરમાતા




નવી દિલ્હી |આધાર કાર્ડની જેમ પાન કાર્ડ પણ આજના સમયમાં સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજોમાંથી એક છે. પરંતુ આ દિવસોમાં પાન કાર્ડ સંબંધિત એક પોસ્ટ ઝડપથી વાયરલ થઈ રહી છે. જેમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ગ્રાહકોને તેમના ખાતામાંથી 24 કલાકની અંદર PAN માહિતી અપડેટ કરવા માટે કહેવામાં આવી રહ્યું છે અને જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો ખાતું બંધ કરવાની ચેતવણી આપવામાં આવી રહી છે. ત્યારે આ મામલે પીઆઈબીએ એક સ્પષ્ટતા કરી છે અને આવી પોસ્ટને સંપૂર્ણ ફેક ગણાવી છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ગ્રાહકોને લગતી એક નકલી પોસ્ટ છેલ્લા કેટલાક દિવસોથી ઝડપથી વાયરલ થઈ રહી છે. આમાં ગ્રાહકોને 24 કલાકની અંદર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના તેમના ખાતા સાથે PAN સંબંધિત માહિતી અપડેટ કરવાની સૂચના આપવામાં આવી રહી છે અને જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો ગ્રાહકોના ખાતા બંધ કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે. જો તમે પણ આ પોસ્ટને જોઈને ડરી ન જતા. સાવધાન રહેવાની જરૂર છે. કારણ કે આ એક ફેક પોસ્ટ છે. આવી કોઈ પોસ્ટ ઈન્ડિયા પોસ્ટ દ્વારા બનાવવામાં આવી નથી. PIBએ સ્પષ્ટપણે કહ્યું છે કે @IndiaPostOffice દ્વારા આવો કોઈ સંદેશ મોકલવામાં આવ્યો નથી.

**સાયબર ગુનેગારોના કારનામા |** PIB આ અંગે પહેલાથી જ પાન કાર્ડ યુઝર અને ઈન્ડિયા પોસ્ટના ગ્રાહકોને ચેતવણી આપી ચૂક્યું છે અને હવે ફરી એકવાર આવી પોસ્ટ વાયરલ થવા પર ચેતવણી આપી છે. આમાં PIBએ ગ્રાહકોને તેમની અંગત વિગતો જેમ કે બેંક ખાતાની માહિતી અને પાન કાર્ડ કોઈની સાથે શેર ન કરવા જણાવ્યું છે. કારણ કે સાયબર ગુનેગારો વારંવાર આવા ફેક મેસેજ મોકલીને લોકોની અંગત માહિતી ચોરી કરવાનો પ્રયાસ કરે છે.

**ઈન્ડિયા પોસ્ટે કરી સ્પષ્ટતા |** PIBએ સોશિયલ મીડિયા પર આ પાન કાર્ડ કૌભાંડ વિશેની માહિતી શેર કરી છે. તેમણે આવી પોસ્ટને નકલી હોવાનું જણાવ્યુ છે. તેઓએ ગ્રાહકોને સૂચના આપી છે કે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ખાતાધારકોએ સાવધાન રહેવુ. કારણ કે ઈન્ડિયા પોસ્ટ આવા કોઈ મેસેજ મોકલતુ નથી. ભવિષ્યમાં પણ આવા કોઈ મેસેજ નહી મોકલે. સાથે જ કહ્યું કે આવી પોસ્ટમાં જે લિંક આપેલી હોય છે તેમાં ક્લિક ન કરવુ જોઈએ નહી તો ગ્રાહકોને નુકસાન થઈ શકે છે.

# દેશમાં ચાલતી તમામ સરકારી યોજનાઓની વિગતો વેબસાઈટ પર

(એજન્સી) નવી દિલ્હી | તા.08

સરકારે એક વેબસાઈટ તૈયાર કરી છે જ્યાં તમે તમારી કેટેગરી મુજબ કોઈપણ યોજના વિશે માહિતી મેળવી શકો છો.તમને અરજી કરવાનો વિકલ્પ પણ મળશે. ભારત સરકારનો ઉદ્દેશ્ય આ વેબ પોર્ટલ દ્વારા છેવાડાના લોકો સુધી પહોંચવાનો છે. દર વર્ષે ભારત સરકાર સામાન્ય નાગરિકો માટે ઘણી યોજનાઓ લોન્ચ કરે છે. તેનો હેતુ લોકોને ફાયદો પહોંચાડવાનો છે.પરંતુ આ યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચતી નથી. તેને ધ્યાનમાં રાખીને ભારત સરકારે આવી વેબસાઈટ તૈયાર કરી છે.જ્યાં તમે તમારી પસંદગી મુજબ કોઈપણ યોજના કેટેગરીની માહિતી મેળવી




શકો છો. તમને અરજી કરવાનો વિકલ્પ પણ મળશે.ભારત સરકારનો ઉદ્દેશ્ય આ વેબ પોર્ટલ દ્વારા છેલ્લા માઈલ સુધી પહોંચવાનો છે. આ પોર્ટલનું નામ મારી યોજના છે. આ એક રાષ્ટ્રીય પ્લેટફોર્મ છે. આના દ્વારા સરકારી યોજનાઓ શોધવાનું સરળ બને છે.તેનો ઉદ્દેશ નાગરિકોને વન સ્ટોપ સોલ્યુશન આપવાનો છે. આનાથી તેઓ એક જ જગ્યાએ તમામ સરકારી યોજનાઓની માહિતી મેળવી શકશે.આ ટેકનોલોજી આધારિત સોલ્યુશન છે. જેમાં નાગરિકોની યોગ્યતાના આધારે યોજનાઓની માહિતી આપવામાં આવે છે. એકંદરે, ઓછું ભણેલી વ્યક્તિ પણ તેનો સરળતાથી ઉપયોગ કરી શકે છે. આ પોર્ટલ દ્વારા નાગરિકોને તમામ સરકારી યોજનાઓની માહિતી મળે છે.તેઓ સરળતાથી યોજનાઓ માટે અરજી કરી શકે છે. મારી યોજના વિવિધ સરકારી વેબસાઈટ્સની મુલાકાત લેવાની ઝંઝટને દૂર કરે છે.આ પ્લેટફોર્મ નેશનલ ઈ-ગવર્નન્સ ડિવિઝન (NeGD) દ્વારા અન્ય કેન્દ્રીય મંત્રાલયો સાથે મળીને વિકસાવવામાં આવ્યું છે.તમે આમાં વ્યક્તિગત વિગતો દાખલ કરીને પાત્રતા ચકાસી શકો છો. કેન્દ્ર સરકારનું મિશન નાગરિકો માટે સરકારી યોજનાઓને સરળ બનાવવાનું છે.

# બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન નિફ્ટી આલ્ફા લો વોલેટિલિટી 30 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા.08

બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન નિફ્ટી આલ્ફા લો વોલેટિલિટી 30 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે એક ઓપન-એન્ડેડ સ્કીમ છે જે રોકાણના બે પરિબળો આલ્ફા અને લો વોલેટિલિટીને જોડે છે. નિફ્ટી આલ્ફા લો વોલેટિલિટી 30 ઈન્ડેક્સ પર નજર રાખીને, ફંડ એવા શેરોની પસંદગી કરે છે કે જેણે નીચી વોલેટિલિટી જાળવી રાખીને ઐતિહાસિક રીતે જનરેટ કરેલા આલ્ફાનું નિદર્શન કર્યું હોય. આ વ્યૂહરચના અનિશ્ચિત બજારોમાં સંબંધિત સ્થિરતા પ્રદાન કરતી વખતે મજબૂત વૃદ્ધિની તકો મેળવવાનો હેતુ ધરાવે છે. આ બે પરિબળોને સંમિશ્રણ કરીને, ફંડ સમગ્ર બજાર ચક્રમાં સાતત્યપૂર્ણ પ્રદર્શન આપવાનો પ્રયાસ કરે છે, અપસાઈડ સંભવિતને લક્ષ્ય બનાવીને અને નકારાત્મક જોખમોને ઘટાડવાનો પ્રયાસ કરે છે. ન્યૂ ફંડ ઑફર (NFO) બુધવાર, 08 જાન્યુઆરી, 2025 ના રોજ ખુલે છે અને સોમવાર, 20 જાન્યુઆરી, 2025 ના રોજ બંધ થાય છે. રોકાણકારો બંધન નિફ્ટી આલ્ફા લો વોલેટિલિટી 30 ઈન્ડેક્સ ફંડમાં લાઈસન્સ પ્રાપ્ત મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર્સ, ઑનલાઈન પ્લેટફોર્મ દ્વારા અથવા સીધા આના પર સબ્સ્ક્રાઈબ કરી શકે છે. https://bandhanmutual.com/nfo/bandhan-nifty-alpha-low-volatility-30-index-fund/

ફંડની દરખાસ્તને હાઈલાઈટ કરતાં, બંધન AMCના સીઈઓ વિશાલ કપૂરે જણાવ્યું હતું કે, "રોકાણકારોને આજે એવી વ્યૂહરચનાઓની જરૂર છે જે મહત્વાકાંક્ષાને સાવધાની સાથે સંતુલિત કરે.

#### Adani નવા વર્ષમાં થાઈલેન્ડમાં ધૂમ મચાવવા તૈયાર

# અદાણી ગ્રુપે થાઈલેન્ડના ઈન્ડોરમા રિસોર્સિસ સાથે ભાગીદારી કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.08

અદાણી ગ્રુપે થાઈલેન્ડના ઈન્ડોરમા રિસોર્સિસ સાથે ભાગીદારી કરી છે. અદાણી હવે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ પોતાનો પગપેસારો કરવાની તૈયારી કરી રહ્યું છે. અદાણી ગ્રુપ તેના બિઝનેસમાં સતત ફેરફાર કરી રહ્યું છે. તાજેતરમાં જ ગ્રુપે વિલ્મર ઈન્ટરનેશનલમાંથી તેના શેર પણ પાછા ખેંચી લીધા હતા. અદાણી ગ્રુપે થાઈલેન્ડના ઈન્ડોરમા રિસોર્સિસ સાથે ભાગીદારી કરી છે. અદાણી હવે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ પોતાનો પગપેસારો કરવાની તૈયારી કરી રહ્યું છે. ઈન્ડોરમા રિસોર્સિસ સાથેની ભાગીદારી સાથે, જૂથે થાઈલેન્ડની રિફાઈનરી, પેટ્રોકેમિકલ અને કેમિકલ બિઝનેસમાં પ્રવેશ કર્યો છે. કંપનીએ સોમવારે આ જાણકારી આપી. અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડની પેટાકંપની અદાણી પેટ્રોકેમિકલ્સ લિમિટેડ અને ઈન્ડોરમાએ સંયુક્ત સાહસ શરૂ કર્યું છે. આમાં બંનેની ઈક્વિટી સમાન હશે. અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડે જણાવ્યું હતું કે તેણે ઈન્દોરમા રિસોર્સ લિમિટેડ, થાઈલેન્ડ સાથે સંયુક્ત સાહસ 'વેલોર પેટ્રોકેમિકલ્સ લિમિટેડ' (VPL) ની સ્થાપના કરી છે. આ સંયુક્ત સાહસ રિફાઈનરી, પેટ્રોકેમિકલ અને કેમિકલ બિઝનેસમાં પોતાનો પગ જમાવવા માંગે છે. તેની શરૂઆત મહારાષ્ટ્રમાં 3.2 મિલિયન ટનના શુદ્ધ ટેરેફથાલિક એસિડ (PTA)ના ઈન્સ્ટોલેશન સાથે થશે. હાલમાં આશરે $3 બિલિયનનું રોકાણ અપેક્ષિત છે. ઈન્ડોરમા વેન્ચર્સ પબ્લિક કંપની લિમિટેડ થાઈલેન્ડ સ્થિત છે. વિશ્વની સૌથી મોટી પેટ્રોકેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓમાંની એક. તે PET, Indovinya અને ફાઈબર જેવા ત્રણ ક્ષેત્રોમાં કામ કરે છે.

# કેપ્ટન ટેક્નોકાસ્ટ લિમિટેડે ₹8.4 કરોડ ઈક્વિટી ફાળવણી સાથે મૂડી આધારને મજબૂત બનાવ્યો

(એજન્સી) મુંબઈ | તા.08

કેપ્ટન ટેક્નોકાસ્ટ લિમિટેડ (સીટીસીએલ), પ્રિસિઝન ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગના અગ્રણી મેન્યૂફેક્ચરર, નિકાસકાર અને સપ્લાયર પૈકી એક છે, તેણે સમાન સંખ્યામાં વોરંટના રૂપાંતરના માધ્યમથી 1,400,000 ઈક્વિટી શેરની ફાળવણી પૂર્ણ કરી છે.

### જથ્થો અને ફાળવણી

ફાળવણી મેળવનારા 17 નોન-પ્રમોટર જૂથને કુલ 1,400,000 ઈક્વિટી શેર જારી કરવામાં આવ્યા. પ્રત્યેક શેર 10ના અંકિત મૂલ્ય પર પ્રતિ શેર 50ના પ્રીમિયમ સાથે ફાળવવામાં આવ્યો, જેનાથી ઈશ્યુનું કુલ મૂલ્ય 8.4 કરોડ થઈ ગયું.

### ઉન્નત ઈક્વિટી આધાર

આ ફાળવણી સાથે, કંપનીની પેઈડ-અપ ઈક્વિટી મૂડી 10.21 કરોડથી વધીને 11.61 કરોડ થઈ છે.ઈક્વિટી શેર્સમાં રૂપાંતર માટે સંપૂર્ણ અને અંતિમ સબ્સ્ક્રિપ્શન રકમ માટે પ્રત્યેક વોરંટ સામે 75%ની બાકી રકમની પ્રાપ્તિ બાદ પ્રેફરન્શિયલ ધોરણે વોરંટ રૂપાંતરના માધ્યમથી સફળ ઈક્વિટી ફાળવણી તરફ કંપની માટે મહત્વપૂર્ણ વિકાસને દર્શાવે છે, જેનાથી તેનો મૂડી આધાર મજબૂત થશે અને કંપની ભવિષ્યમાં વિકાસ માટે તૈયાર થશે. તેના નાણાકીય સંસાધનોને વધારીને, કંપનીનો ઉદ્દેશ્ય કાર્યકારી સુધારણાઓને આગળ વધારવાનો અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં તેના વૈવિધ્યસભર ગ્રાહકોને ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનો પહોંચાડવાનું જાળવી રાખવાનો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ સુદ-10

# ફરી નક્સલી હુમલો



છત્તીસગઢના બીજાપુરમાં નક્સલીઓ દ્વારા ઘાત લગાવીને કરવામાં આવેલ હુમલામાં ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગાર્ડ એટલે કે ડીઆરજીના ડ્રાઈવર સહિત નવ જવાનોનું બલિદાન એ જ દર્શાવે છે કે નક્સલી જૂથોના દુસ્સાહસનું એવું દમન નથી થઈ શક્યું, જેટલું અપેક્ષિત છે. જોકે તેઓ એક રીતે શાસન વ્યવસ્થાને સધો પડકાર આપી રહ્યા છે, તેથી તેમના સફાયાનું અભિયાન એ રીતે ચાલવું જોઈએ કે તેમને ક્યાંય છૂપાવાનો મોકો ન મળે. એ ઠીક છે કે કેન્દ્ર સરકારે એ સંકલ્પ લીધો છે કે માર્ચ ૨૦૨૬ સુધી નક્સલવાદને સમાપ્ત કરી દેવામાં આવશે, પરંતુ આ લ-યની પ્રાપ્તિને સુનિશ્ચિત કરતાં એ પણ જોવું જોઈએ કે આખરે નક્સલીઓને આધુનિક હથિયાર અને વિસ્ફોટકો ક્યાંથી મળી રહ્યા છે? ગત દિવસે તેમણે જે વિસ્ફોટકનો ઉપયોગ કરીને ડીઆરજીની ગાડીને નિશાનો બનાવી, તે એટલો શક્તિશાળી હતો કે જવાનોનાં ચીથરાં ઊડી ગયાં અને વાહનના કટકા થઈને ઝાડ પર જઈ પડ્યાં. જો એ માની લેવામાં આવે કે નક્સલી ખંડણી અને વનસંપદાના દોહન દ્વારા પૈસા એકઠા કરે છે, તો પણ એ પ્રશ્ન ઊઠે છે કે આખરે તેઓ આધુનિક હથિયાર ક્યાંથી હાંસલ કરે છે? એ તો સામે આવતું જ નથી કે તેમને ઘાતક હથિયારો કોણ પૂરાં પાડે છે? આખરે શું કારણ છે કે તમામ નક્સલીઓને ઠાર મારવા અને તેમના ગઢ મનાતા વિસ્તારોમાં વિકાસના તમામ કાર્યક્રમો સંચાલિત કરાવા છતાં પણ તેમની તાકાત ઓછી થવાનું નામ નથી લેતી? નક્સલીઓ પોતાના વિરુદ્ધ ચાલતા અભિયાન વચ્ચે જે રીતે રહી-રહીને સુરક્ષા દળોને નિશાન બનાવવા અને તેમને ક્ષતિ પહોંચાડવામાં સક્ષમ થઈ જાય છે, તે ચિંતાનું કારણ છે. નક્સલી જૂથોમાં ભરતી થનારા લોકોમાં ઉલ્લેખનીય ઘટાડો નહીં જોવા મળવાને લીધે પણ લાગે છે કે આદિવાસીઓ અને અન્ય ગ્રામીણો વચ્ચે તેમની પકડ હજુ એટલી ઢીલી નથી પડી કે તેમનાં મૂળિયાં ઉખડી જાય. એવામાં તેમના વિરુદ્ધ સુરક્ષા દળોના અભિયાનને વધુ ધાર આપવાની સાથે જ એ કારણોની તપાસ કરીને તેનું નિવારણ પણ કરવું જરૂરી છે, જેને કારણે તેઓ લોકોનું સમર્થન હાંસલ કરી શકે છે. નિઃસંદેહ નક્સલવાદ એક ઝેરી-વિજાતીય વિચારધારા છે, પરંતુ નક્લલીઓને જડમૂળથી સમાપ્ત કરવા માટે તેમની સાથે વિચારધારાના સ્તર પર લડવું આવશ્યક છે. તેનાથી જ નક્સલીઓ અને તેમને વૈચારિક ખોરાક પૂરો પાડનારા લોકોના એ જૂઠ્ઠાણાંનો પર્દાફાશ કરી શકાય છે કે તેઓ વંચિતોના એ અધિકારોની લડાઈ લડી રહ્યા છે, જે તેમની પાસેથી છીનવી લેવાય છે. આ જૂઠ્ઠાણાને બેનકાબ કરવા માટે એ પણ જરૂરી છે કે આદિવાસીઓના નૈસર્ગિક અધિકાર બાધિત ન થવા પામે. તેનાથી જ તેમનો ભરોસો હાંસલ કરી શકાશે અને તેમને નક્સલીઓથી દૂર કરી શકાશે.

## સુરત : ધોળા દિવસે 6 લાખના દાગીનાની લૂંટ

(એજન્સી) સુરત | સુરત શહેરમાં ધોળા દિવસે લૂંટની ઘટના સામે આવી છે. શહેરના ભાગલ ચાર રસ્તા નજીક જ આ લૂંટનો બનાવ બન્યો છે. 64 ગ્રામ સોનાના દાગીનાની લૂંટ ચલાવવામાં આવી છે અને જેની અંદાજિત કિંમત 6 લાખ રૂપિયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. બંગાળી કારીગર દાગીના લઈને જઈ રહ્યો હતો, તે સમયે 3 વ્યક્તિઓએ કારીગર પાસેથી દાગીના લૂંટી લીધા હતા. હાલમાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે અને CCTVના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

# વડોદરામાં વનખાતાની કામગીરી : 40 નંગ પહાડી પોપટ લઈને વેચાણ કરવા જતાં બે ઝડપાયા

(એજન્સી) વડોદરા | તા.08

વડોદરા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર કરણરાજસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે વડોદરા ખાતે ગઈકાલે સાંજે જીએસપીસીએની બાતમીને આધારે વન વિભાગે છટકું ગોઠવ્યું હતું. એમાં ડેસર તાલુકાના ગામના બે આરોપી પોપટ લઈને આવતા હતા. જ્યારે પહાડી પોપટ કુલ નંગ 40 થેલીની અંદર ભરેલા હતા એમાં માડી વનરાજ વનુભાઈ અને તેમજ સુભાષભાઈ ગોપાલભાઈ માળી એમ બંને આરોપીઓને વન વિભાગે ઝડપી પાડ્યા છે અને ધોરણસરની કાર્યવાહી


પ્રતિકાત્મક તસવીર

હાથ ધરી છે. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એકટ મુજબ એમની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે અને જે પહાડી પોપટ છે એ શેડ્યુલ એનિમલ હોય એની સામે સખતમાં સખત દંડ ભરવામાં આવશે અને ફરી આવો ગુનો ન કરે તે માટે એની સમજ આપવામાં આવશે. 40 નંગ પોપટના બચ્ચા હતા. તેઓ એમના જે રેવન્યુ સર્વેની અંદર મોટા જે તાડના ઝાડ હતા એની ઉપર જ્યારે પક્ષીઓ એ માળા કરેલા હોય એવા નાના બચ્ચાઓના માળા વિખેર્યા હોય ત્યારે આ ગંભીર ગુનો કરેલ છે એની સામે કાર્યવાહી કરાશે.

## NEWS BRIEF

### ડેડિયાપાડા તાલુકાની સંસ્કાર વિદ્યાલયે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પ્રથમ નંબર મેળવ્યો




ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકા ની સંસ્કાર વિદ્યાલય એ વાઘેચા, કામરેજ ખાતે યોજાયેલ દક્ષિણ ઝોન રાજ્ય કક્ષા ના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન માં પ્રથમ નંબર મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. આ પ્રદર્શન માં વસાવા મહેક, વસાવા શ્રેયાંશી, અને નિલેશભાઈ તથા વિપેશભાઈ એ સહાયક શિક્ષક તરીકે ભૂમિકા ભજવી મિલેટ્ઝ (ધાન્ય) પ્રોજેક્ટ બનાવી સફળ કર્યો હતો, જેમાં શાળાના તમામ શિક્ષકો એ અલગ અલગ વાનગી બનાવી સહકાર આપ્યો હતો તે બદલ શાળા ટ્રસ્ટી ધનંજયભાઈ શાહ, હિતેષભાઈ દરજી (એડવોકેટ) તથા આચાર્ય મેહુલ પરમાર અને શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા.

### અરવલ્લી જિલ્લાની મરડિયા જીતપુર હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લીધી



રાકેશ મહેતા | ધનસુરા

અરવલ્લી જિલ્લામાં કલેક્ટરશ્રી પ્રશસ્તિ પરિકના અધ્યક્ષતા અને મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી મનસુરી હસીનાના માર્ગદર્શન હેઠળ ચાલતા સખી વન સ્ટોપ સેન્ટર અરવલ્લી ખાતે મરડિયા જીતપુર હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ રૂબરૂ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીનીને ઓ.એસ.સી સેન્ટરના સંચાલક તથા સખી વન સ્ટોપ સેન્ટરના પ્રતિનિધિઓએ વિવિધ માહિતી આપી તથા નાની ઉંમરે લગ્ન ન કરવા અને સોશિયલ મીડિયાનો ઉપયોગ જરૂરથી વધારે ના વાપરવા માટે સમજણ આપવામાં આવી આ ઉપરાંત સેન્ટર દ્વારા આશ્રય માટે આવનાર બહેનોને કેવા પ્રકારની સગવડ પૂરી પાડવામાં આવે છે કીટ તથા જીવન જરૂરિયાતની વસ્તુઓ બાબતે સમજણ આપી હતી.

## વડીયા જકાતનાકા પાસેના પોલ પરથી હેલોઝનો તૂટતા દુર્ઘટના ટળી

ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર ના વડીયા જકાતનાકા ત્રણ રસ્તા પર માર્ગ મકાન વિભાગ દ્વારા ઊભા કરાયેલા ઊંચા પોલ ઉપર લાગેલા હેલોજન કોઈક કારણોસર અચાનક તૂટી નીચે પડતાં ત્યાં ઉભેલા લોકો ના જીવ તાળવે ચોંટયા હતા.

વડીયા ત્રણ રસ્તા પર ઊંચા પોલ ઉપર ચારેબાજુ અજવાળું પડે તે હેતુથી લગાવેલા હેલોઝન અચાનક તૂટી પડ્યા હતા જોકે ક્લેમ્પ સાથે નીચે પડેલા હેલોજન સીધા પોલ પર ના ભાગે લાગી પોલ ના નીચેના ભાગ માં પડ્યા હતા માટે કોઈ દુર્ઘટના બની ન હતી પરંતુ જો આ હેલોજન સીધા માર્ગ ઉપર પડત તો ત્યાંથી પસાર થતા રોજના હજારો વાહન ચાલકો માટે આ



બાબત જીવલેણ પણ સાબિત થઈ શકી હોત. આ ઘટના ત્રણ ચાર દિવસ પહેલા બન્યા બાદ તંત્ર દ્વારા ત્યાં કોઈજ કામગીરી કરવામાં આવી નથી કે નીચે પડેલા હેલોજનો ને જોવા કે ઉઠાવવા પણ કોઈ આવ્યું નથી.

ઘણું મોઘું આવતું આ યુનિટ કદાચ રિપેર થઈ ને પુનઃ લાગી શકે એમ પણ હોય પરંતુ તંત્ર ને એ માટે કોઈ દરકાર હોય તેમ લાગ્યું નથી.

## સાપુતારા-માલેગામ ઘાટમાર્ગમાં ટ્રક પલ્ટી જતા અકસ્માત સર્જાયો

ડાંગ | તા.08



પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં જાલના તરફથી મોસંબી ભરી રાજકોટ જઈ રહેલ ટ્રકજે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા - માલેગામ ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ટ્રક પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રક સહિત મોસંબીનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ,જ્યારે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## MK શાહ લાટીવાળા DLએડ કોલેજના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ યોજાઈ

રાકેશ મહેતા | ધનસુરા



એમ કે શાહ લાટીવાળા ડી એલ એડ કોલેજ મોડાસા ના તાલીમાર્થીઓ તા. 26 12 24 થી 10 01 25 સુધી પાલનપુર પ્રાથમિક શાળામાં ઈન્ટર્નશીપ શાળા સઘન કાર્યક્રમમાં જોડાયા છે. આ કાર્યક્રમ નું માર્ગદર્શન આચાર્ય ગીતાબેન નીનામાએ આપ્યું હતું. આ સમય દરમિયાન તાલીમાર્થીઓએ શિક્ષણની સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરાવી હતી. વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓ નો વિકાસ થાય તે માટે સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઈન્ટરશીપ ના છેલ્લા તબક્કામાં વિદ્યાર્થીઓ તથા તાલીમાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો તથા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમ માં બાલવાટિકા અને ધોરણ 1 થી 8 ના વિદ્યાર્થીઓએ ખૂબ જ રસ પૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પ્રભારી મંત્રીશ્રી ધીરેનભાઈ પ્રજાપતિ સાહેબ ખાસ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. અને પ્રમુખશ્રી નવીનચંદ્ર આર મોદી સાહેબે શુભેચ્છાઓ પાઠવી હતી.

### દેડીયાપાડાના વન વિભાગના કૌશલ્ય વર્ધન કેન્દ્ર ખાતે વોચમેનનું ફરજ દરમિયાન મોત

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના રાખસકુંડી ગામના અને કૌશલ્ય વર્ધન કેન્દ્ર ખાતે વોચમેનની ફરજ બજાવતા વ્યક્તિ નું મોત નીપજતાં તેમના પુત્ર એ પોલીસ માં જાણ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર નરેશભાઇ શંકરભાઇ તડવી, રહે. રાખસકુંડી સ્ટેશન ફળીયુ તા. દેડીયાપાડા જી.નર્મદા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના પિતા શંકરભાઇ જેઠાભાઇ તડવી ઉ.વ.૬૫ નાઓ દેડીયાપાડા કૌશલ્ય વર્ધન કેન્દ્ર ખાતે વોચમેન તરીકેની પોતાની રાત્રી ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન અચાનક બિમાર થઈ જતા તેમનું મોત થયું હતું તેમના દીકરા ને આ બાબતની જાણ થતાં તેમનો દિકરો નરેશભાઇ તેમના પિતાજી શંકરભાઇ ને ૧૦૮ એમ્બ્યુલન્સમા દેડીયાપાડા સરકારી દવાખાને લઇ ગયેલ ત્યાં ફરજ પરના ડોક્ટર એ તેમને મૃત જાહેર કર્યા હતા. દેડિયાપાડા પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે.

### નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અપૂરતી સુવિધાઓને તાત્કાલિક પૂરી કરાવવા માટે

# બહુજન આર્મી દ્વારા ધરણા યોજી ખુંટતી કડિયો પૂરી કરવા તંત્રને 1 મહિનાનું અલ્ટીમેટમ

મહેશ એલ.સોની | નખત્રાણા

બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવા, નલિયાના સ્થાનિકોની સાથે થોડાક દિવસો પહેલા નલિયા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રની વિઝીટ કરવામાં આવી હતી. જેના અનુસંધાને લખન ધુવાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ને રૂબરૂ મુલાકાત કરી હતી. અને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી હતી કે સામુહિક આરોગ્ય કેન્દ્ર નલીયા ટાઈપ (એ) માં આવે છે, અને નવી સ્ટાફ પેટર્ન સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે મંજુર થઈ છે, જે પ્રમાણે ત્રણ (3) મેડીકલ ઓફિસર અને પાંચ (5) સ્પેશિયાલિસ્ટ હોવા જોઈએ, જ્યારે સામુહિક આરોગ્ય કેન્દ્ર



નલિયામા એક પણ કાયમી તબીબ નથી જે વહેલી તકે તબિબોની ઘટ કાયમી પુરી કરવામા આવે અને એમ્બ્યુલન્સ પણ નથી તે પણ કાયમી બે (2) એમ્બ્યુલન્સ આપવામાં આવે. અને સોનોગ્રાફિ તથા એક્ષરે જેવી સુવિધાઓ પણ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે તેમજ લેબોરેટરી વિભાગને કાયમી શરૂ રાખવામાં આવે ઉપરાંત નલિયા સામૂહિક કેન્દ્રનું બાંધકામ ૪૮ વર્ષથી જૂનું છે.તોડીને નવેસરથી બનાવવામાં આવે જેવી અનેક માંગો લખન ધુવાએ કરી હતી.

જો માંગો તાત્કાલિક પૂરી કરવામાં નહિ આવે તો અબડાસા તાલુકાની જનતા સાથે રહી માંગો પૂરી કરાવવા માટે મોટો આંદોલન કરાશે તેવી ચીમકી પણ અપાઈ હતી.જે સંદર્ભે આજે તા.૦૭.૦૧.૨૦૨૫ ના રોજ બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવા સાથે મયુરભાઈ બડીયા તેમજ નલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ સમાજના આગેવાનો તેમજ અબડાસા વિસ્તારના મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ધરણા કાર્યકમમાં જોડાયા હતા.

## લુણાવાડા ST ડેપો ખાતે મેડિકલ ઈમરજન્સી અને CPRની તાલીમ અપાઈ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



રાષ્ટ્રીય માર્ગ સલામતી સલામતી માસ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત મહીસાગર જિલ્લાના લુણાવાડાની એઆરટીઓ કચેરી દ્વારા અલગ અલગ માર્ગ સલામતી અને ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો, સેમીનાર અને પેમ્પ્લેટ વિતરણ કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજ રોજ રોડ સેફ્ટી માસ ૨૦૨૫ અંતર્ગત લુણાવાડા એસટી ડેપો ખાતે એઆરટીઓ મહીસાગર, જિલ્લા ટ્રાફિક પોલીસ અને 108ના કર્મચારીઓની ઉપસ્થિતિમાં જીએસઆરટીસી બસ ડ્રાઈવરો તથા એસટી ડેપોના અન્ય સ્ટાફ તથા અન્ય લોકોને મેડિકલ ઈમરજન્સીમાં કઈ રીતે રિસ્પોન્સ આપવો અને કઈ રીતે સીપીઆર આપવી તેની ટ્રેનિંગ આપવામાં આવી.

## સાગબારાના ખડકુની ગામમાં 10 જુગારીઓની મુદામાલ સાથે ધરપકડ

ભરત શાહ | નર્મદા

સાગબારા તાલુકામાં આવેલાં ખડકુની ગામમાં જુગાર રમતા જુગારીઓ ને પોલીસે મુદામાલ સાથે ઝડપી પાડી ગુનો દાખલ કર્યો છે. સાગબારા પોલીસે ચેકીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ખડકુની નિશાળ ફળીયા માં આવેલ અવિચલભાઇ ચીમનભાઇ વસાવાના ઘરના આંગણામાં જુગાર રમી રમાડતા (૧) અવિચલ વસાવા (૨) ચુનીલાલ વસાવા (૩) કૃષ્ણભાઇ વસાવા (૪) દિપક કોળી (૫)ગોવિંદ વસાવા(૬) શિવાજી કોળી (૭) રવિદાસ પાડવી (૮) હેમંત વસાવા (૯) વિક્રમભાઇ વસાવા (૧૦) અશોકભાઇ વસાવા (૧૧) કમાનસીંગભાઇ વસાવા તમામ રહે. ખડકુની,તા.સાગબાર, જીલ્લો નર્મદા નાઓ ને પકડી પાડી તેમની અંગ ઝડતીમાંના રોકડા રૂપીયા.૧૦,૭૯૦/- તથા દાવ ઉપરના રોકડ રૂ.૧૮૬૦/- મળી કુલ રોકડા રૂા.૧૨,૬૫૦/-તથા મોબાઈલ નંગ-૦૫ કિ.રૂ.૬૦૦૦/- મળી કુલ રૂા.૧૮,૬૫૦/-ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરી છે.

### જરોદ પોલીસ સ્ટેશન દ્વારા હિરો શો રૂમના સહયોગથી ટુ-વ્હીલર ચાલકો માટે નિ:શુલ્ક સેફ્ટી ગાર્ડ લગાવાયા



કિશન રોહિડા | જરોદ

જરોદ પોલીસ સ્ટેશન દ્વારા હિરો શો રૂમ ના સહયોગ વડે નજીક માં આવી રહેલ મકરસંક્રાંતિ ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ રસિયાઓ પતંગ ચગાવવા ના અનેરો ઉત્સાહ વ્યક્ત કરતા હોય ત્યારે જાહેર માર્ગો પર કપાયેલા પતંગ ની દોરી વડે ટુ વ્હીલર ચાલકો માટે જોખમી બનતું હોય જેને ધ્યાનમાં માં રાખી જરોદ પોલીસ સ્ટેશન દ્વારા હિરો શો રૂમ ના સહયોગ વડે જરોદ રેફરલ ચાર રસ્તા ખાતે પોલીસ સ્ટેશન ના પી આઈ બારોટ સહિત હિરો શો રૂમ ના મેનેજમેન્ટ દ્વારા ટુ વ્હીલર ચાલકો નિઃશુલ્ક સેફ્ટી ગાડૅ લગાવી આપતા ટુ વ્હીલર ચાલકો માં આનંદ ની લાગણી પ્રસરી જવા પામી હતી.

## ડુંમખલ ગામમાં ઘર આંગણે રમતી અઢી વર્ષની બાળકીને કારે અડફેટમાં લેતા મોત

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના ડુંમખલ ગામમાં બનેલી ઘટના મા નરેશભાઇ ઇશ્વરભાઇ તડવી, રહે.ડુમખલ હોળીદર ફળીયુ નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તા.૦૭/૦૧/૨૦૨૫ ના સવારના આશરે આઠ વાગ્યાના અરસામાં તેમની દીકરી ગુંજનબેન નરેશભાઇ તડવી ઉંમર ૨ વર્ષ ૩ મહિના તેના ઘરના આગણાંમાં રમતી હતી ત્યારે જવલસીંગ વનસીંગભાઇ વસાવા રહે.ડુમખલ નિશાળફળીયુ એ પોતાના કબ્જા માંની તુફાન ફોરવ્હીલ ગાડી નંબર-GJ.35.B. 6667 ની ગફલત ભરી રીતે ચલાવી લાવી બાળકી ને અડફેટમાં લઇ માથાના ભાગે મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવી ગુનો કરતા દેડિયાપાડા પોલીસે ચાલક જવલસીંગ વસાવા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

### નર્મદા જિલ્લા NSUI દ્વારા કારોબારી બેઠકમાં કામલ GNM કોલેજ સહિતના પ્રશ્નોની ચર્ચા કરાઇ :

ભરત શાહ-નર્મદા |



નર્મદા જિલ્લા NSUI દ્વારા કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ગુજરાત પ્રદેશના પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા આ કારોબારી બેઠકમાં NSUI ના જિલ્લા પ્રમુખ તેજસ તડવી દ્વારા માં કામલ GNM કોલેજના સ્ટુડન્ટોને ઓરીજનલ માર્કશીટ હજુ સુધી બાકી છે એવા સ્ટુડન્ટો માટે હાઈકોર્ટના દરવાજા ખખડાવવા ની વાત કરી અને ગુજરાત પ્રદેશના NSUI ના પ્રમુખ નરેન્દ્ર સોલંકી દ્વારા પણ વિદ્યાર્થીઓને આશ્વાશન આપવામાં આવ્યું કે આ કોલેજના સંચાલકોને કાયદેસરની કાર્યવાહી કરાવી એ લોકોને સજા થાય અને ઓરીજનલ ડોક્યુમેન્ટ અને ફી પરત મળે એ માટે બાંહેધરી પણ આપવામાં આવી તેમજ નર્મદા જિલ્લાના વિવિધ સ્કૂલ કોલેજના પ્રશ્નોને લઈને ચર્ચા કરવામાં આવી.

# રાજપીપળા | હરસિધ્ધિ મંદિર સામે લારી મૂકવા કલેક્ટરના આદેશથી પટ્ટા પાડી ડીમાર્કેશન કરાયું

### રાજકીય નેતા કે અન્યના દબાણ ને વશ થયા વિના તંત્ર એ નિયમોનુસાર કામગીરી કરી

ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર માં આવેલા પ્રખ્યાત હરસિધ્ધિ મંદિર સામે ની લારીઓ હટાવ્યા બાદ રાજકારણ ગરમાયું હતું અને દેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા સહિત કેટલાક આગેવાનો પણ આ મુદ્દે સામે આવ્યા અને લારી વાળાઓ ની રોજીરોટી ના છીનવાય એ બાબતે પાલિકા માં રજૂઆત કરી હતી જોકે પહેલેથી નર્મદા કલેક્ટર નો આદેશ હતો કે ત્યાંથી લારીઓ હટાવી યોગ્ય માર્કિંગ કરી ત્યારબાદ ત્યાં લારી વાળા ને જગ્યા આપવી અને એ મુજબ પાલિકા એ પણ કલેક્ટર ના આદેશ નું પાલન કર્યું હતું અને હાલ માં આ જગ્યા પર પીળા પટ્ટા પાડવામાં આવ્યા





જોકે આ માટે ધારાસભ્ય ચૈતર વસાવા સહિત ના આગેવાનો એ લારી વાળા ની વાત સાંભળી આ મુદ્દે લારી વાળા ને જગ્યા પરત આપવા પાલિકા માં રજૂઆત કરી હતી પરંતુ આ જગ્યા માટે પહેલે થી જ આ રીતની કામગીરી કરવા કલેક્ટર નો આદેશ હતો એ મુજબ જ પાલિકા એ પોલીસ બંદોબસ્ત સાથે લારીઓ હટાવી હતી અને ત્યારબાદ પાલિકા એ કલેક્ટર ના આદેશ મુજબ ત્યાં શનિવારે જે સફેદ પટ્ટા નું માર્કિંગ કરાવ્યું હતું એ જ જગ્યા ઉપર પીળા પટ્ટા પાડી ડીમાર્કેશન કરવામાં આવ્યું અને કલેક્ટર ના આદેશ નો અમલ કરવામાં આવ્યો હતો.

ટૂંક માં કોઈ રાજકીય દબાણ ને વસ થયા વિના કે કોઈની સ્નેહ સરમ વિના આ જગ્યા નું ડેવલોપમેન્ટ કરવા માટે આવેલી ગ્રાન્ટ નો યોગ્ય ઉપયોગ કરવા માટે ત્યાં કાયદા મુજબ કામગીરી કરવામાં આવી છે.

## મંદિરની દુકાનોને ખાલી કરવાની નોટિસનો સમય પૂર્ણ થતા 8 જેટલા રૂમ શીલ કરવામાં આવ્યા



રજવાડી નગરી રાજપીપળા ની કુળદેવી ગણાતા માં હરસિદ્ધિ મંદિર એક મોટું આસ્થાના કેન્દ્ર સાથે મોટું પ્રવાસન ધામ તરીકે પણ વિકસિત થઈ રહ્યું છે. હાલ આ મંદિર હિન્દુ દેવસ્થાન કમિટી હસ્તક આવ્યું અને સંચાલકો દ્વારા મંદિરમાં આવક નો સ્ત્રોત ઊભો કરવા પરિસર અને આજુબાજુના પ્રોટેક્શન વોલ પર દુકાનો બનાવવી હતી જે અંદાજિત 30 જેટલી દુકાનો અને 5 જેટલા મંદિર પરિસરમાં પૂજારીઓ માટે રૂમો બનાવી હતી. હાલ આ તમામ દુકાનો અને રૂમો તોડવાની હોવાથી દસ દિવસ પહેલા નાંદોદ મામલતદાર દ્વારા નોટિસ અપાઈ હતી જેનો સમય પૂરો થતાં આજે સવારે મામલતદાર નાંદોદ ની ટીમે મંદિર ની અંદર આવેલી નવ જેટલી રૂમો ને શીલ કરી છે.

# ટ્રેકિંગ અને એડવેન્ચરના શોખીન લોકો માટે ખાસ જગ્યાઓ



**આમ તો આપણે કાશ્મીરની અલગ અલગ જગ્યાની વાતો કરતા હોઇએ છીએ, પણ આજે કાશ્મીરની એવી જગ્યાઓની વાત કરવી છે, જે ખાસ તો ટ્રેકિંગ માટે ઓળખાય છે. ટ્રેકિંગની મજા ઠંડકમાં માણવા માંગતા હો તો કાશ્મીરમાં કઇ જગ્યાએ જવું તે વિશે થોડી ગોષ્ઠિ કરી લઇએ.**

**તરસર માર્સર ટ્રેક |** લીલાંછમ ઘાસનાં મેદાન અને મનમોહક નાનાં-મોટાં તળાવવાળી કાશ્મીરની ખીણ આ સમયગાળામાં એટલી સુંદર લાગતી હોય છે કે અહીં ફરવા આવનારને ખરેખર સ્વર્ગની અનુભૂતિ થયા વગર રહે નહીં. અહીં તમને ઘાસનાં મેદાન વૅલ્વેટ જેવાં લાગશે. ખેર, ટ્રેકિંગનો સુખદ અનુભવ લેવા માગતા હોવ તો તરસર અને મારસર ટ્રેક એ જુડવા તળાવ તરસર મારસર પાસેથી પસાર થતો ટ્રેક છે, જે પહાડોની વચ્ચે ખીણમાંથી પસાર થતો ટ્રેક છે. આ ટ્રેક તમને પ્રાકૃતિક સુંદરતાનો અદ્‌ભુત નજારો કરાવે છે.



## નારંગ મહલિશ ટ્રેક

ખીણ અને પહાડોની તળેટીથી શરૂ થતો આ રસ્તો નારંગ મહલિશ ટ્રેકનો સૌથી સુંદર હિમાલયન ટ્રેક માનવામાં આવે છે. આ ટ્રેક તમને હરમુખ પર્વતની તળેટી સુધી લઇ જાય છે, જ્યાંથી તમે જુડવા તળાવ કહેવાય એવા ગંગાબલ અને નુંડકોલમે જોઈ શકો છો. આ બંને તળાવની સુંદરતા પર્યટકોનું દિલ અને મન મોહી લેવા માટે પૂરતી છે. ટ્રેક વખતે પર્યટકોને રસ્તામાં આવતાં જંગલોમાંથી પસાર થવું પડે છે, જ્યાં લીલોતરીનો લખલૂટ ખજાનો અને કાશ્મીરી ઝાડ તેમજ તાજી અને શુદ્ધ હવા માણવાનો અનુભવ મળશે. કાશ્મીરનો ન જોયેલો ઘણો હિસ્સો તમને આ ટ્રેકમાં અચૂક જોવા મળશે, જે જોઈને ટ્રેકિંગનો થાક ચોક્કસ ગાયબ થઇ જશે.



## કોલાહોઇ ગ્લેશિયર

લીદ્દર અને ઝેલમ જેવી મુખ્ય નદીઓને કારણે કોલાહોઈ ગ્લેશિયરને પ્રકાશની દેવી તરીકે પણ સ્થાનિક લોકો ઓળખે છે. આ આખો ટ્રેક ગ્લેશિયરમાંથી નીકળતી અલગ અલગ નદીઓના રસ્તા ઉપર બનેલો છે. આ ટ્રેક ઉપર તમને હિમાલયન નદીઓ જોવા મળશે. આટલું જ નહીં, હિમાલયનાં દેવદારનાં જંગલો પણ આ ગ્લેશિયર ટ્રેક ઉપર તમે જોઈ શકો છો. નદીના કિનારેથી શરૂ થતી આ યાત્રાઓ ધીમે ધીમે હિમાલયની ખીણમાંથી પસાર થાય છે. આ ટ્રેક થોડો અઘરો હોવાથી શારીરિક તંદુરસ્ત લોકોએ જ આ ટ્રેકિંગ કરવું જોઈએ. આ ટ્રેક તમને સમુદ્રતળથી 12 હજાર ફૂટની ઊંચાઈ સુધી લઇ જાય છે.



## સોનમર્ગ વિશનસર ટ્રેક

આ ટ્રેકિંગ તમને હિમાલયના ઊંચા પહાડોથી લઈને વિશનસર અને નારંગની ટોચ સુધી લઈ જાય છે. દરમિયાન તમે હિમાલયના પર્વતોની વચ્ચે વસેલી અનેક સુંદર જગ્યાનાં દર્શન કરી શકો છો. આ ટ્રેકિંગમાં તમે કૃષ્ણસર ઝરણાની સુંદરતાની મજા પણ માણી શકો છો. આ ટ્રેક પર ગડસર, સતસર અને ગંગાબલની મોટાભાગની તલાવડી જોઈ શકાય છે.

## કેવી રીતે જશો?

આ ટ્રેકિંગ ઉપર જવા માટે તમારે શ્રીનગર પહોંચવાનું રહેશે. શ્રીનગરથી તમે પ્રાઈવેટ વાહન થકી અલગ અલગ ટ્રેકની પસંદગી કરી શકો છો. જો તમે વધારે દિવસ લઈને ગયા હો તો એકસાથે ત્રણ સ્થળોના ટ્રેકિંગની મજા માણી શકો છો, પણ જો તમે થોડા દિવસ લઈને ગયા હો તો સોનમર્ગ વિશનસર ટ્રેકિંગની પસંદગી કરવી.




# સંજોગોના આધારે ઈચ્છા આકાશમાં ઉડવાની નથી જમીન પર દોડવાની છે...



**સીતાજી નું મન મૃગ પર મોહિત થઈ ને પતિ શ્રી રામ ને એ મૃગ લઈ આવવા માટે જીદ કરી. પ્રશ્ન એ થાય કે સ્વયં માં ભગવતી સ્વરૂપ સીતાજી ને મરિચની છળકપટની કેમ ખબર ના પડી?**



**નસીબ કે દૈવ**

**- રુપાલી દવે**

નસીબ અથવા દૈવ શું છે? આ શબ્દ ની આસપાસ સમગ્ર સૃષ્ટી ગુરુત્વાકર્ષણ બળ ની માફક ખેચાઈને ધબકી રહી છે.વિદ્વાનો, સંતો નસીબ અથવા દૈવ ને કર્મ સાથે સરખાવી ને મનુષ્ય ને સારા કર્મ કરવા નિર્દેશ કરતા હોય છે. સારા કર્મ વિશે સમજીએ તો ધર્મ યુદ્ધ પહેલા પાંડવોની દુર્દશા અને કૌરવો ની પાંચેય આંગળી ઘી માં, આવું કેમ? અંધ ધૃતરાષ્ટ્ર ની લાલસા મોહ જ મહાભારત ના યુદ્ધ માટે જવાબદાર હતી અને આંખ પર પટા બાંધી ને દેખ્યું અનદેખ્યું લાઈફ ટાઈમ કરનાર ગાંધારી નો પુત્ર મોહ એ પાંડવો ને અન્યાય કર્યો છતાંય બન્ને હસ્તિનાપુર ના મહેલની જાહોજલાલી યુદ્ધ પહેલા અને યુદ્ધ બાદ મેળવી હતી.સમજાતું નથી કે ધર્મ અને અધર્મ ને ક્યાં ચશ્મા થી જોવા? એના માટે ક્યાં ચશ્મા બન્યા છે? આ પ્રકારના ખાસ ચશ્મા ની શોધ પૃથ્વી પર કેમ થઈ નથી? આશ્ચર્ય? દરેક ની નજરે પાપ કે પુણ્ય ની વ્યાખ્યા અલગ અલગ છે.પાપ કરનાર ના જીવનમાં સુખ વૈભવ વિલાસ અને પુણ્ય કરનાર ના પગલે પગલે પારાવાર દુઃખ સમસ્યા અને તકલીફ કેમ? દુનિયા સમજે છે કે સબંધ ગીવ & ટેક પર નિર્ભર હોય છે પરંતુ આ દુનિયામાં એવા કેટલા લોકો છે કે જેમને આપ્યા બાદ પણ કશુંય મળ્યું છે.શું લાઈફ ટાઈમ માં બાપ ની તનમન ધન થી સેવા કરનાર પુત્ર વહુ ને અન્ય કરતા વિશેષ પ્રેમ માં બાપ કરતા હોય છે? ના મનુષ્ય નો સ્વભાવ કે જે મળ્યું કે જે નજર સામે છે એની ઉપેક્ષા કરવી.આ જ કારણોસર વૃધ્ધાશ્રમ ની સંખ્યા વધી છે અને સયુંકત કુટુંબ પ્રથા તૂટી રહી છે.

ઘણીવાર વિચાર આવે છે કે ખૂબ મહેનત કરવા છતાંય કેમ ધાર્યું મળતું નથી? ત્યારે ઋણાનું બંધન નામની વ્યાખ્યા નજર સામે આવી ને અદશ્ય થઈ જાય છે. એક માણસ એ એના બિઝનેસ માં ખૂબ મહેનત કરી એ મહેનત કરતો હતો ત્યારે એના અનેકો અનેક પરિવાર માટેના સ્વપ્ના હતા. માણસ ધાર્મિક અને નીતિમત્તા વાળો હતો એટલે બિઝનેસ માં અનીતિ પગ જમાવી ને બેસી ના જાય એનું વિશેષ ધ્યાન રાખ્યું હતું. જ્યારે એની મહેનત નું પરિણામ નો દિવસ આવ્યો ત્યારે એણે જોયેલ સ્વપ્ના અનુસાર પરિણામ ના મળતા એ નિરાશ થઈ ગયો.ભગવાન ના મંદિર માં પ્રવેશી ને દુઃખ ના મર્યા આંસુ સારવા લાગ્યો. બાજુ માં બેઠેલી એની પત્ની એ સમજાવ્યું કે ભગવાન ને દોષ દેવાથી શું મળશે? આ બિઝનેસ થી કરોડપતિ નથી બન્યા પરંતુ લાખોપતિ તો રાતોરાત બની જ ગયા છીએ. માન્યું કે ઓડી કાર નું સ્વપ્નું તમારું હતું પરંતુ સ્વિટફ કાર તો લઈ જ શકવાના છો. ઓડી કાર ની જેમજ સ્વીફ્ટ માં પાંચ લોકો બેસી શકશે,પરિવાર ના પાંચ સભ્યો માટે શું ઓડી કે સ્વીફ્ટ? જે કાર આવે આવશે તો ખરીને.

પત્ની એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે તમારી ખૂબ સુંદર પત્ની ના ચહેરા પર ઈમિતેશન ના આભૂષણો પણ સોના માફક જગારા મારે છે.ખૂબ સુરતી ને આભૂષણ ની જરૂર નથી હોતી એ તો સોના હીરા ના આભૂષણ વગર પણ સો માંથી અલગ તરી આવે છે. આમ છતાંય તમે મારા માટે દિવાળી માં ખરીદેલ સોનાના ઝુમખા સાચા હીરા કરતા પણ ચળકાટ મારે છે.પ્લીઝ પતિદેવ નિરાશ થવાના બદલે તમારે ભગવાન નો આભાર માનવો જોઈએ,કેમકે કરોડો રૂપિયા ઘરમાં પ્રેશવતા જ એનેક આશાઓના મિનારા ચડીને પુનઃ ધરાશાયી થવાની શક્યતા હશે એટલે જ તમને લાખ માં સીમિત કરી દીધા હશે. માણસ મધ્યમ વર્ગીય એટલે એને પત્ની ની વાત મગજ મા ઊંડે જઈને બેસી જતા ભગવાન સામે નજર કરીને ગળગળા અવાજે પ્રાર્થના કરતા બોલ્યો કે ભગવાન ક્ષમા કરજો ભૂલ થઈ ગઈ આટલું બધું આપ્યું એ ના જોયું ને ઈચ્છ્યું એ ના થયું એનાથી દુઃખી પરેશાન થયો,શું કરું માણસ છું ને એટલે લાગણીશીલ બની જાવ છું. મધ્યમ વર્ગીય માણસ ને નસીબ કે દૈવ જેવું નથી હોતું એ એની નાનકડી ઈચ્છાઓની હોડી બનાવી ને પાણી મા તરતી મૂકીને પણ ખુશ ખુશાલ હોય છે.

રાવણ ના મોકલેલ સુવર્ણ મૃગ નું રૂપ ધારણ કરીને સીતાજી આગળ થી પસાર થઈ રહેલ મરીચ ને જોતાજ સીતાજી નું મન મૃગ પર મોહિત થઈ ને પતિ શ્રી રામ ને એ મૃગ લઈ આવવા માટે જીદ કરી. પ્રશ્ન એ થાય કે સ્વયં માં ભગવતી સ્વરૂપ સીતાજી ને મરિચ ની છળકપટ ની કેમ ખબર ના પડી? તુલસીદાસજી લખે છે કે દૈવ આગળ કશુંય નથી ચાલતું..મારીચ એ મરતા મરતા "લક્ષ્મણ બચાવ બચાવ" ની બેત્રણ વખત બૂમ પાડતા લક્ષ્મણ જી ભાઈ ના વચન થી બંધાયેલા હતા છતાંય સીતાજી ના તીખા વચન ને લીધે પોતાના ભાઈ શ્રી રામ ને બચાવવા જવું પડ્યું.તુલસીદાસ જી કહે છે કે લક્ષ્મણ નું નસીબ એવું હતું એટલે ભાઈ ના વચન ને બદલે ભાભી ના વચન અનુસાર કર્યું. સાધુ ના રૂપ મા કપટી રાવણ એ આવીને સીતાજી નું હરણ કર્યું ત્યારે રાવણ ને ખબર હતી એનું યુદ્ધ ભગવાન રામચંદ્ર જી સાથે થશે. જેણે શંકર ભગવાન ના ધનુષ્ય ને એક હાથે પકડીને કટકા કર્યા હતા એવા વીર પરાક્રમી શ્રી રામ સાથે સામેથી યુદ્ધ છેડવું મતલબ હાર નિશ્ચિત રાવણ સમજતો હતો છતાંય કેમ? ત્યારે તુલસીદાસજી કહે છે કે આ દુનિયામાં નસીબ કે દૈવ વગર કશુંય થવું અશક્ય છે. વનમાં સીતાજી ના વિયોગ માં સતત ચિંતિત ભગવાન શ્રી રામ ને લક્ષ્મણજી અનેક રીતે સાંત્વના આપતા કહે છે કે પ્રભુ,મનુષ્ય એ દૈવ ના હાથ ની કતપૂટલી સમાન છે એ જે રીતે નચાવે એ રીતે નાચવું પડતું હોય છે. જો માતા કૈકેયી એ પિતાજી ને વચન માટે વિવશ ના કર્યા હોત તો આ બધું કશુંય ના થયું હોત.વીર પરાક્રમી હનુમાનજી અને વાનર સેના ની મદદ થી માતા સીતાજીની અચૂક ભાળ મેળવી લઈશું. વિચારો મનુષ્ય સ્વરૂપે ભગવાન ને પણ ખુદ દૈવ ના હાથનું રમકડું બનવું પડ્યું હતું તો સામન્ય માણસ ની વાત તો સમજી શકાય છે.

લાઈફ એ વ્હીલ ઓફ ફોર્ચ્યુન મુકેલ દડી સમાન સમજો વ્હીલ ફેરવતા દડી જ્યાં અટકે એ મુજબ નું સુખ કે દુઃખ,વ્યાધિ કે લાભ,નિરાશા કે આશા,ખુશી કે નાખુશી સમજો. માણસની નૈતિકતા કે અનૈતિકતા એ એની સફળતા નું મુખ્ય કારણ નથી જો હોત તો વર્તમાન સમયમાં લાખો કરોડો ની સંપતિ ધરાવતા લોકો પાસે અઢળક રૂપિયા ના હોત. "અનૈતિકતા" કે "નૈતિકતા" સફળતા નિષ્ફળતા નક્કી કરતા નથી.નસીબ કે ભાગ્ય જ માણસ ના જીવન ની રેખા નક્કી કરે છે. આ કારણોસર મનુષ્ય એ ધનિકો ની હવેલીઓ અને વૈભવ નિહાળી ને સુખ દુઃખ ના ભાવો વ્યક્ત ના કરવા જોઈએ. વર્તમાન સમયમાં મનુષ્ય ની અધોગતિ શું કામ થાય છે? એનું કારણ દર્શાવતા જ્યોતિષ શાસ્ત્ર વર્ણવે છે કે મનુષ્ય એનું દૈવ કે નસીબ સુધારવા માંગતા હોય તો એણે ધનવાન લોકોનું, વકીલ,ડોક્ટર,કસાઈના, રાજકારણી,ભ્રસ્ટ લોકોના ઘરનું ભોજન,લોભી લોકોનું દક્ષિણા કે ભેટ સ્વીકારવું કે ગ્રહણ કરવું ના જોઈએ. અન્ન એવું મન એમ શાસ્ત્ર કહે છે એટલે મન જ મનુષ્ય ના સુખ દુઃખ,ચડતી પડતી,આશા નિરાશા નું મુખ્ય કારણ છે.

દુનિયામાં બધા પાસે બધુંય નથી હોતું બધુંય હોવા છતાંય આત્મ સંતોષ નથી થતો એનું નામ માણસ.જો મનુષ્ય ની આ વ્યાખ્યા ખોટી હોત તો સો પુત્રના પિતા અને હસ્તિનાપુર ના રાજા ધૃતરાષ્ટ્ર એ પાંડવો ને પાંચ ગામ ખુશી થી આપી દીધા હોત.પાંડવો ને હસ્તિનાપુર માંથી અડધો હિસ્સો ક્યાં જોઈતો હતો? એ તો થોડા થી ખુશ હતા. નસીબ કે દૈવ ના બદલે મધ્યમ વર્ગીય લોકોનો "ઈશ્વર ઈચ્છા" મનપસંદ શબ્દ સાથે મારી પાક્કી દોસ્તી છે.સંજોગ હશે ત્યારે જ મળશે એ ખબર છે છતાંય સંજોગોની રાહ માં હથિયાર હેઠા મૂકી ને મધ્યમ વર્ગીય ને નથી પોસાતું. કેમ? સંજોગોના આધારે ઈચ્છા આકાશ માં ઉડવાની નથી જમીન પર દોડવાની છે.

# ઓસ્કર 2025: 5 ભારતીય ફિલ્મો શોર્ટલિસ્ટ...

## બોક્સ ઓફિસ પર ફ્લોપ રહેલી 'કંગુવા' સામેલ; 'લાપતા લેડીઝ' રેસમાંથી બહાર




**ભારતની શોર્ટલિસ્ટ થયેલી ફિલ્મોમાં કેટલીક એવી ફિલ્મો છે જે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી...**

(એજન્સી) મુંબઈ | તા.08

ધ એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સે ઓસ્કર 2025 માટે શોર્ટલિસ્ટેડ ફિલ્મોની યાદી બહાર પાડી છે. 232 શોર્ટલિસ્ટ ફિલ્મોની આ યાદીમાં 5 ભારતીય ફિલ્મો સામેલ છે. 232માંથી 207 ફિલ્મોને બેસ્ટ ફિલ્મની કેટેગરી માટે શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. ભારતની શોર્ટલિસ્ટ થયેલી ફિલ્મોમાં કેટલીક એવી ફિલ્મો છે જે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી.

વોટિંગના આધારે ફિલ્મોનું નોમિનેશન શોર્ટલિસ્ટેડ તમામ 232 ફિલ્મોમાં વોટિંગ કરવામાં આવશે, ત્યારબાદ તેમને ઓસ્કર 2025માં અંતિમ નોમિનેશન મળશે. મતદાન 8 જાન્યુઆરીથી શરૂ થશે અને 12 જાન્યુઆરી સુધી ચાલશે. આ પછી, એકેડેમી ઑફ મોશન પિક્ચર દ્વારા 17 જાન્યુઆરીએ નોમિનેટેડ ફિલ્મોની અંતિમ યાદી જાહેર કરવામાં આવશે. ઓસ્કરની રેસમાંથી 'લાપતા લેડીઝ' કિરણ રાવ દ્વારા નિર્દેશિત ફિલ્મ લાપતા લેડીઝને પણ ઓસ્કાર માટે મોકલવામાં આવી હતી, જો કે, આ ફિલ્મને અંતિમ શોર્ટલિસ્ટેડ ફિલ્મોની યાદીમાંથી બહાર રાખવામાં આવી છે.

બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી, પણ ઓસ્કર સુધી પહોંચી કંગુવા 350 કરોડના મોટા બજેટથી બનેલી ફિલ્મ કંગુવાને ઓસ્કાર માટે શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર માત્ર 100 કરોડ રૂપિયાની કમાણી કરી શકી. ફિલ્મમાં સૂર્યા, દિશા પટણી, બોબી દેઓલ મહત્ત્વની ભૂમિકામાં હતાં. તેના થિયેટરમાં રિલીઝ થયા પછી, ફિલ્મ એમેઝોન પ્રાઈમ પર સ્ટ્રીમ કરવામાં આવી હતી.

રણદીપ હુડ્ડાની સ્વતંત્ર વીર સાવરકર પણ ઓસ્કારની રેસમાં 22 માર્ચ 2024ના રોજ રિલીઝ થયેલી રણદીપ હુડા સ્ટારર ફિલ્મ સ્વતંત્ર વીર સાવરકરને પણ ઓસ્કાર 2025 માટે શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. વિનાયક દામોદર સાવરકરના જીવન પર આધારિત આ ફિલ્મ ઘણા કારણોસર વિવાદોમાં રહી હતી.




ગોલ્ડન ગ્લોબ ચૂકી, પરંતુ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' ઓસ્કારની રેસમાં તાજેતરમાં, પાયલ કાપડિયા દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ'ને ગોલ્ડન ગ્લોબ્સમાં બેસ્ટ ફિલ્મ (નોન-અંગ્રેજી) કેટેગરીમાં નામાંકિત કરવામાં આવી હતી. જોકે આ ફિલ્મ એવોર્ડ જીતવામાં નિષ્ફળ રહી હતી. હવે આ ફિલ્મને ઓસ્કાર માટે શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. અગાઉ આ ફિલ્મ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ મેળવી ચૂકી છે.

માર્ચમાં ઓસ્કર એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવશે 97મો ઓસ્કર એવોર્ડ 2 માર્ચે યોજાશે. છેલ્લાં કેટલાંક વર્ષોની જેમ આ વર્ષે પણ લોસ એન્જલસમાં સમારોહનું આયોજન કરવામાં આવશે. ગયા વર્ષે Cillian Murphy ની ફિલ્મ Oppenheimer એ બેસ્ટ ફિલ્મ એવોર્ડ સહિત 7 એવોર્ડ જીત્યા હતા.

# શાહિદ-તૃપ્તિએ અર્જુન ઉસ્તરાનું શૂટિંગ ચાલુ કર્યું





મુંબઈ : વિશાલ ભારદ્વાજની આગામી એકશન-થ્રિલર ફિલ્મ 'અર્જુન ઉસ્તરા'નું શૂટિંગ મુંબઈમાં શાહિદ કપૂરે અને તૃપ્તિ ડીમરીએ શરૂ કરી દીધું છે. આ ફિલ્મનું નિર્માણ સાજિદ નડિયાદવાળાનું છે. ફિલ્મની કામચલાઉ રીલિઝ ડેટ આ વર્ષની પાંચમી ડિસેમ્બર નક્કી કરાઈ છે. આ ફિલ્મમાં મુખ્ય અભિનેતા ઉપરાંત નાના પાટેકર અને રણદીપ હુડા પણ મહત્વના રોલમાં છે.

ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ જાહેર થઈ ત્યારે કાર્તિક આર્યન તેમાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવા અહેવાલો હતા.

જોકે, બાદમાં વિશાલે કાર્તિકને બદલે તેના જૂના ભરોસેમંદ એક્ટર શાહિદની પસંદગી કરી હતી. શાહિદ અગાઉ વિશાલ ભારદ્વાજની 'કમીને' તથા 'હૈદર' સહિતની ફિલ્મો કરી ચૂક્યો છે.

# સાઉથ સુપરસ્ટાર અજિત માંડ-માંડ બચ્યો...!

## દુબઈમાં રેસિંગ પ્રેક્ટિસ દરમિયાન જોરદાર અકસ્માત, પોર્શ કાર બેરિયર સાથે અથડાઈ; વીડિયો વાઈરલ

(એજન્સી) મુંબઈ | તા.08

સાઉથ એક્ટર અજિત કુમાર દુબઈમાં અકસ્માતનો ભોગ બન્યા છે. જોકે, એક્ટરને કોઈ પણ પ્રકારની ઈજા થઈ નથી. તેમના અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તે પોર્શ કાર ચલાવતા જોવા મળી રહ્યા છે.

અજિત કુમાર આગામી કાર રેસિંગમાં ભાગ લેવા માટે દુબઈમાં છે. એક્ટર 24H દુબઈ 2025 કાર રેસિંગ સ્પર્ધામાં ભાગ લેશે. જેના માટે એક્ટર છ કલાક લાંબું પ્રેક્ટિસ સેશન કરી રહ્યા હતા. પ્રેક્ટિસ સેશન સમાપ્ત થવાની થોડી મિનિટો પહેલાં, અજિતની પોર્શ કાર બેરિયર સાથે ખરાબ રીતે અથડાઈ હતી અને કાર ચકરડીની જેમ ગોળ-ગોળ ફરવા લાગી.

ટીમે રેસિંગ પ્રેક્ટિસ સેશન વિશે માહિતી આપી હતી રેસિંગ સ્પર્ધા પહેલાં એક્ટરે રેસ ટ્રેક પર પ્રેક્ટિસ કરી હતી. પ્રેક્ટિસ સેશનના એક દિવસ પહેલાં, એક્ટરની ટીમે શેર કર્યું હતું કે તે આજથી દુબઈમાં તેનું પ્રેક્ટિસ સત્ર શરૂ થશે.

અકસ્માતનો વીડિયો વાઈરલ થયો હતો અજિત કુમારના પ્રેક્ટિસ સેશનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જોવા મળે છે કે એક્ટરની કાર અચાનક કાબૂ ગુમાવી દે છે. આગળ જતાં કાર બેરિયર સાથે ખરાબ રીતે અથડાય છે. અજિતને તરત જ કારમાંથી બહાર કાઢવામાં આવે છે. જો કે, એક્ટર અથવા તેની ટીમ દ્વારા હજી સુધી કોઈ સ્વાસ્થ્ય અપડેટ શેર કરવામાં આવ્યું નથી.

અજિત દુબઈમાં કાર રેસિંગની પ્રેક્ટિસ કરી રહ્યો હતો અજિત દુબઈમાં યોજાનારી 24H દુબઈ 2025 રેસમાં ભાગ લેવાનો હતો. એક્ટરે તેની ટીમ સાથે રેસ માટે પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. અજિત રેસિંગ ટીમના માલિક પણ છે. તે પોર્શ 992 ક્લાસમાં ટીમના સાથી મેથ્યુ ડેટ્રી, ફેબિયન ડફીક્સ અને કેમેરોન મેકલિયોડ સાથે પણ સ્પર્ધા કરશે.




# અમને મામા અજય દેવગન સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો...

મુંબઈ : અજય દેવગનના ભાણેજ અમન દેવગને તાજેતરમાં જ તેના મામા અજય સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો છે. તેણે કહ્યું કે અજય સાથે કામ કરતી વખતે તે ખૂબ જ નર્વસ અનુભવતો હતો.

અમન-રાશા ફિલ્મ 'આઝાદ'થી ડેબ્યૂ કરશે અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન અને રવિના ટંડનની રાશા થડાની ફિલ્મ આઝાદથી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. સોમવારે ટ્રેલર લૉન્ચ વખતે અમને કાકા અજય દેવગન સાથે સ્ક્રીન શૅર કરવાની કહાની શેર કરી હતી. અમાને કહ્યું - શૂટિંગના પહેલા દિવસે હું વિચારી રહ્યો હતો કે દિગ્ગજ અજય દેવગન મારી સામે છે અને તેથી હું ખૂબ જ નર્વસ અનુભવી રહ્યો હતો. હું મારા રોલ પર ફોકસ પણ કરી શકતો ન હતો. મારું તમામ ધ્યાન અજય દેવગન પર હતું.



# દિગ્ગજ અભિનેત્રીના ઘરે ચોર ત્રાટક્યો, ડાયમંડ નેકલેસ-રોકડ સાથે રફુચક્કર થયા બાદ પોલીસે પકડ્યો

મુંબઈ : બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી પૂનમ ઢિલ્લોનના મુંબઈ સ્થિત ઘરમાં ચોરીનો મામલો સામે આવ્યો છે. ચોર અભિનેત્રીના ઘરના કબાટમાંથી ડાયમંડ નેકલેસ, રોકડ અને યુએસ ડોલરની ચોરી કરી રફુચક્કર થઈ ગયો હતો. જોકે, રાહતની વાત એ છે કે પોલીસે આ મામલે આરોપીની ધરપકડ કરી લીધી છે.



મુંબઈની ખાર પોલીસે પૂનમ ઢિલ્લોનના મુંબઈના ખાર સ્થિત ઘરમાંથી લગભગ રૂ. 1 લાખની કિંમતનો ડાયમંડ નેકલેસ, રૂ. 35,000 રોકડા અને કેટલાક યુએસ ડોલરની ચોરી કરવાના આરોપમાં એક વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે પૂનમના ઘરમાં પેઈન્ટિંગનું કામ ચાલી રહ્યું હતું. 28 ડિસેમ્બરથી 5 જાન્યુઆરી સુધી આ ચોર આ ફ્લેટમાં પેઈન્ટિંગનું કામ કરી રહ્યો હતો. આ દરમિયાન આરોપીએ તકનો લાભ લઈ કબાટ ખુલ્લો જોઈ ત્યાંથી કિંમતી સામાનની ચોરી કરી લીધી હતી.

# એમેઝોન એમએક્સ પ્લેયર દ્વારા જેકી શ્રોફ દ્વારા અભિનીત નવા ક્રાઈમ ડ્રામા 'ચિડિયા ઉડ' નું ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું

(એજન્સી) મુંબઈ | તા.08

એમેઝોનની ફ્રી વિડિયો સ્ટ્રીમિંગ સર્વિસ - એમેઝોન એમએક્સ પ્લેયર પર આગામી ક્રાઈમ ડ્રામા સિરીઝ 'ચિડિયા ઊડ' માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આ સ્ટ્રીમિંગ સેવા દ્વારા આજે આ ડ્રામાનું અધિકૃત ટ્રેલર રજૂ કરવામાં આવ્યું હતું, જે આ શો અંગે ઉત્સુકતા અને તેની માહિતી દર્શાવે છે. વિવેચનાત્મક રીતે વખાણાયેલી આબિદ સુરતીની નવલકથા 'કેજીસ' પર આધારિત, આ શો ચિડિયા ઊડ મુંબઈના અંડરવર્લ્ડની દુનિયામાં ડોકિયું કરે છે, જેમાં સત્તા, ગુના અને અસ્તિત્વની વાર્તા રજૂ કરવામાં આવી છે. હરમન બાવેજા, વિકી બહારી દ્વારા નિર્મિત અને રવિ જાધવ દ્વારા દિગ્દર્શિત, આ ડ્રામા 'ચિડિયા ઊડ' માં જેકી શ્રોફ, ભૂમિકા મીના, સિકંદર ખેર, મધુર મિત્તલ, મયુર મોરે અને મીતા વશિષ્ઠ વગેરે અલકારો મુખ્ય ભૂમિકા નિભાવી રહ્યા છે. આ વાર્તા એક એવી યુવતીની છે જે ગુનેગારોના ક્રોસફાયરમાં ફસાઈ જાય છે અને તે તેની જિંદગી બદલી નાખે છે. રાજસ્થાનની યુવતી સેહરને મુંબઈની આ કઠોર દુનિયાનો સામનો કરવો પડે છે. ચિડિયા ઉડ એ જીવનની કઠોર વાસ્તવિકતાઓને ઉજાગર કરે છે અને સાથે સાથે મુશ્કેલીની સાંકળોથી મુક્ત થવા માટે તેની લડતને દર્શાવે છે.

એમેઝોન એમએક્સ પ્લેયરના ડાયરેક્ટર અને હેડ, કરણ બેદીએ જણાવ્યું હતું કે, 'એમેઝોન એમએક્સ પ્લેયરમાં, અમારો ધ્યેય અમારા પ્રેક્ષકોને પ્રીમિયમ, ઉચ્ચ-ગુણવત્તાનું મનોરંજન પૂરું પાડવાનો છે. આ શો માં અભિનેતાઓની અદભૂત કલાકારી સાથે, ચિડિયા ઉડ એ ડ્રામા એક સ્ત્રીના ઉદયની આકર્ષક વાર્તા પ્રસ્તુત કરે છે. મુંબઈના કુખ્યાત અંડરવર્લ્ડની શક્તિ સાથે આ ક્રાઈમ ડ્રામાની વાર્તાને આગળ વધારે છે, અને તેમાં જટિલ




લાગણીઓ, સત્તા માટે લડત, અને અસ્તિત્વ માટેની લડાઈને દર્શાવે છે!'

એમેઝોન એમએક્સ પ્લેયરના કન્ટેન્ટ હેડ અમોઘ દુસાદે કહ્યું કે, "ચિડિયા ઉડ ની રજૂઆત સાથે, અમે મુંબઈના અંડરવર્લ્ડને ઉજાગર કરી રહ્યા છીએ, અને આ સાથે એક અકથિત કથા લાવી રહ્યા છીએ જેનું નિરૂપણ ખૂબ જ શક્તિશાળી છે. આ શ્રેણી અસ્તિત્વ, અવજ્ઞા અને માનવ સ્વભાવની જટિલતાની થીમ્સ પર આધારિત છે. અમે એમેઝોન એમએક્સ પ્લેયર પર આવા આકર્ષક ક્રાઈમ ડ્રામા રજૂ કરવા માટે અત્યંત ઉત્સાહિત છીએ જે મનોરંજનની સીમાઓને આગળ વધારે છે અને દર્શકોને તેમની સીટ પર પકડી રાખે છે.'

કાદિર ખાનની ભૂમિકા નિભાવનાર જેકી શ્રોફે કહ્યું કે, "ચિડિયા ઊડ ની વાર્તામાં અનેક ટ્વિસ્ટ અને વળાંક આવે છે. આ એક એવી જગ્યા છે જ્યાં તમારું અસ્તિત્વ ટકાવી રાખવું એ અંતિમ ધ્યેય હોય છે અને આ વાર્તામાં દરેક પાત્ર પોતાની લડાઈ લડી રહ્યું છે. કાદિરની ભૂમિકા ભજવવી એ એક પડકારજનક કામ હતું છતાં તે મારા માટે એક લાભદાયી અનુભવ રહ્યો છે અને મને આશા છે કે મારો અભિનય દર્શકોને ગમશે."

સેહરની ભૂમિકા ભજવનાર ભૂમિકા મીનાએ પણ જણાવ્યુ હતું કે,, "સેહરનું પાત્ર ભજવવું એ મારા માટે અવિશ્વસનીય સફર રહી છે. તેણી એક ફાઈટર છે, એ એક એવી વ્યક્તિ છે જે તેની આસપાસની કઠોરતાને વશ થવાનો ઈનકાર કરે છે. આ અક્ષમ્ય વિશ્વમાં તેણી જે પડકારોનો સામનો કરે છે તે ભયાવહ છે, પરંતુ તેણીની શક્તિ અને નિશ્ચય સાથે તે આગળ વધે છે. ચિડિયા ઉડ ની વાર્તા એ અસ્તિત્વ ટકાવી રાખવાની એક શક્તિશાળી વાર્તા છે, અને મને આશા છે કે પ્રેક્ષકો સેહરની આ ભાવના અને તેણી જે પણ પસંદગી કરે છે તેના તરફ આકર્ષિત થશે."

સિકંદર ખેરે કહ્યું કે, "ચિડિયા ઉડની દુનિયા ગ્રે છે, જ્યાં દરેક નિર્ણયનું પરિણામ હોય છે. આ એક એવી જગ્યા છે જ્યાં શક્તિ, વફાદારી અને અસ્તિત્વ મુખ્ય છે અને મને આ વાતાવરણમાં મારા પાત્રની ગતિશીલતા સાથે જોડાવાનું પસંદ છે. આ શ્રેણીમાં એવી તીવ્ર ક્ષણો પણ છે, અને હું માનું છું કે તે પ્રેક્ષકોને તેમની સીટ પર જકડી રાખશે કારણ કે તેઓ જુએ છે કે આ પાત્રો તેમના અસ્તિત્વ માટે લડત આપે છે'.

બાવેજા સ્ટુડિયોની ચિડિયા ઉડ શ્રેણી 15મી જાન્યુઆરીથી એમેઝોન એમએક્સ પ્લેયર પર ફ્રી સ્ટ્રીમ થશે. તમે Amazon PX Player તેની એપ મોબાઈલ પર, Amazon શોપિંગ એપ, પ્રાઈમ વિડીયો, ફાયર ટીવી અને કનેક્ટેડ ટીવી પર એક્સેસ કરી શકો છો.

**15મી જાન્યુઆરીથી Amazon MX Player પર ચિડિયા ઉડ ડ્રામા ફ્રી સ્ટ્રીમ શરૂ થશે**

## જુનૈદ ખાનની આગામી ફિલ્મ 'લવયાપા'ની સફળતા માટે આમિર ખાને ધૂમ્રપાન છોડવા માટે મન્નત લીધી!



મુંબઈ | નવોદિત જુનેદ ખાન અને ખુશી કપૂર અભિનીત બહુ-પ્રતિક્ષિત ફિલ્મ લવયાપા તેના નવા રિલીઝ થયેલા ટાઈટલ ટ્રેક થી દિલ જીતી રહી છે. માત્ર 24 કલાકમાં, આ ગીત ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે, સમગ્ર પ્લેટફોર્મ પર પ્રભાવશાળી 15 મિલિયન વ્યૂઝ મળ્યા છે. જ્યારે દરેકની નજર આ ફિલ્મ પર છે, ત્યારે આમિર ખાને ધૂમ્રપાન છોડવા માટે મન્નત લીધી છે જો તેના પુત્ર જુનૈદ ખાનની આગામી ફિલ્મ લવયાપા બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરશે. વિકાસની નજીકના એક સ્ત્રોતે જાહેર કર્યું કે જો તેના પુત્રની આગામી ફિલ્મ લવયાપા બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરશે તો આમિર ખાને ધૂમ્રપાન છોડવા માટે મન્નત (પ્રતિજ્ઞા) લીધી છે. તે ખરેખર પિતાનો તેના પુત્ર માટે નિ:સ્વાર્થ પ્રેમ છે, અને તેને તેની કારકિર્દીમાં સફળ જોવાની તેની આશા છે.

તાજેતરની વાતચીત દરમિયાન આમિર ખાને પણ ફિલ્મ ના વખાણ કરતા કહ્યું કે 'મને આ ફિલ્મ ગમી છે. તે ખૂબ જ મનોરંજક છે. મોબાઈલ ફોનને કારણે આ દિવસોમાં જે રીતે આપણું જીવન બદલાઈ ગયું છે, અને ટેક્નોલોજીના કારણે આપણા જીવનમાં જે રસપ્રદ ઘટનાઓ બને છે, ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે તમામ કલાકારોએ સારું કામ કર્યું છે. આમિર ખાને ફિલ્મમાં ખુશી કપૂરના અભિનયની સરખામણી તેની સ્વર્ગસ્થ માતા શ્રીદેવીના અભિનય સાથે પણ કરી હતી. તેણે દાવો કર્યો હતો કે ફિલ્મ જોતી વખતે, તે દિવંગત અભિનેત્રી અને યુવા અભિનેત્રીમાં તેની ઊર્જાને 'જોઈ શકે છે'. અહેવાલો અનુસાર, મિસ્ટર પરફેક્શનિસ્ટ 10 જાન્યુઆરી, 2025ના રોજ ફિલ્મના ટ્રેલરને અનાવરણ કરશે.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

(એજન્સી) મુંબઈ । તા. 08

ટીમ ઈન્ડિયાનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ સમાપ્ત થઈ ગયો છે, જ્યાં ટીમ ઈન્ડિયાને અપેક્ષા મુજબ સફળતા મળી નથી અને તે સિરીઝ 1-3થી હારી ગઈ છે. ભારતનો આગામી પડકાર ઈંગ્લેન્ડ સામેની ટી-20 અને વનડે સિરીઝ છે. આ પછી ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન હાઈબ્રિડ મોડલમાં થવાનું છે, જેના માટે ભારતને પ્રબળ દાવેદાર તરીકે જોવામાં આવી રહ્યું છે પરંતુ ટીમ ઈન્ડિયા માટે ટ્રોફી જીતવાનો માર્ગ આસાન નહીં હોય. આ ટુર્નામેન્ટ માટે ટીમની જાહેરાત કરવાની છેલ્લી તારીખ 12 જાન્યુઆરી છે. આ કારણોસર, BCCIની પસંદગી સમિતિ ટૂંક સમયમાં ભારતીય ટીમની જાહેરાત કરી શકે છે. આવી સ્થિતિમાં કયા ખેલાડીઓને સ્થાન મળશે તેના પર સૌની નજર છે. મીડિયા રિપોર્ટ મુજબ રોહિત શર્મા ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ કરશે. તેમના નેતૃત્વમાં ભારત 2023 ODI વર્લ્ડ કપમાં ફાઈનલમાં પહોંચ્યું હતું. એવું નિશ્ચિત લાગે છે કે શુભમન ગિલને રોહિત શર્મા સાથે ઈનિંગ્સની શરૂઆત કરવાની તક મળશે. જ્યારે ટેસ્ટ અને ટી20માં પોતાની ઓળખ બનાવી ચૂકેલા યશસ્વી જયસ્વાલને બેકઅપ ઓપનર તરીકે પસંદ કરવામાં આવી શકે છે. હાર્દિક પંડ્યા અને રવિન્દ્ર જાડેજાની સાથે વિરાટ કોહલી, શ્રેયસ અય્યર અને કેએલ રાહુલની પસંદગી નિશ્ચિત છે, પરંતુ જસપ્રિત બુમરાહ અને કુલદીપ યાદવની ઉપલબ્ધતા પર પ્રશ્નાર્થ ચિન્હો છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની છેલ્લી મેચમાં બુમરાહને પીઠમાં ખેંચાણની સમસ્યા હતી, જ્યારે કુલદીપ પણ ઈજામાંથી સાજો થઈ રહ્યો છે.





**19 ફેબ્રુઆરીથી શરુ થશે ચેમ્પિયન્સ ટ્રોફી |** ચેમ્પિયન્સ ટ્રોફીની નવમી એડિશન 19 ફેબ્રુઆરીથી 9 માર્ચ સુધી રમાશે. પાકિસ્તાનના ત્રણ સ્થળો લાહોર, કરાચી અને રાવલપિંડી આઠ ટીમોની ટુર્નામેન્ટની 10 મેચોની યજમાની કરશે અને ભારતીય ટીમની મેચો દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. ભારત 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે તેમના અભિયાનની શરૂઆત કરશે અને ત્યારબાદ 23 ફેબ્રુઆરીએ હાઈ-વોલ્ટેજ મેચમાં પાકિસ્તાન સામે ટકરાશે. તે 2 માર્ચે તેની છેલ્લી ગ્રુપ મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે.

### આ ખેલાડીઓને મોહમ્મદ શમીની સાથે કરવામાં આવી શકે છે પસંદ

ODI વર્લ્ડકપમાં ભારત તરફથી છેલ્લે રમનાર મોહમ્મદ શમી વાપસી કરતો જોવા મળી રહ્યો છે. શમી ઈજામાંથી સ્વસ્થ થઈને ઘરેલુ ક્રિકેટમાં પાછો ફર્યો છે અને વિજય હજારે ટ્રોફી રમીને પોતાની ફિટનેસ સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ અને અક્ષર પટેલ અન્ય ખેલાડીઓ છે જે ચેમ્પિયન્સ ટ્રોફી ટીમનો ભાગ બની શકે છે. રિષભ પંતની પણ ટીમમાં પસંદગી નિશ્ચિત છે, પરંતુ અત્યાર સુધીમાં ત્રણ વનડે અને પાંચ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન કરવા છતાં ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડીની પસંદગી નિશ્ચિત માનવામાં આવતી નથી. સિલેક્ટર્સ તેને હાર્દિકના બેકઅપ તરીકે પસંદ કરવાનું વિચારી શકે છે.

### ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતની સંભવિત ટીમ

રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ (વિકેટકીપર), ઋષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ, મોહમ્મદ શમી.

### સમય બરબાદ કરવા માટે સૈમ કોસ્ટાસ નોન સ્ટ્રાઈકર એન્ડ પર બુમરાહ સાથે ટકરાઈ ગયો

## 'મે બુમરાહને ભડકાવ્યો' 19 વર્ષી કોંસ્ટાસએ માની ભૂલ

(એજન્સી) મુંબઈ । તા. 08

ઓસ્ટ્રેલિયાનો યુવા ઓપનર સેમ કોન્સ્ટાસ બોર્ડર ગાવસ્કર ટ્રોફીની છેલ્લી બે ટેસ્ટ મેચ રમીને ચર્ચામાં છે. મેલબોર્નમાં ડેબ્યૂ કરીને તેણે 60 રનની શાનદાર ઈનિંગ રમી હતી. પરંતુ તેના પ્રદર્શન સિવાય તે વિરાટ કોહલી અને જસપ્રિત બુમરાહ સાથેના તેના ઝઘડાને કારણે વધુ સમાચારમાં હતો. આ ઓસ્ટ્રેલિયન ઓપનરે હવે એક મોટો ખુલાસો કર્યો છે, જેમાં તેણે કહ્યું કે તે સિડની ટેસ્ટના પહેલા દિવસે જાણીજોઈને સમય બરબાદ કરી રહ્યો હતો. આ ઘટના સિડની ટેસ્ટના પહેલા દિવસના છેલ્લા સેશનમાં બની હતી. ભારતીય ટીમ આ સમયે ઓવર ઝડપથી પુરી કરવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ ઉસ્માન ખ્વાજાએ બે વખત બેટિંગનું વલણ બદલ્યું, જેનાથી બોલર જસપ્રિત બુમરાહ નિરાશ થયો. પછીથી સમય બરબાદ કરવા માટે સૈમ કોસ્ટાસ નોન સ્ટ્રાઈકર એન્ડ પર બુમરાહ સાથે ટકરાઈ ગયો. 'ધ ડેઈલી ટેલિગ્રાફ' સાથે વાત કરતા સેમ કોન્સ્ટાસે કહ્યું કે મને રમતમાં સામેલ થવું અને મારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરવો ગમે છે. મને લાગે છે કે તે કદાચ મારા માટે એક સારો પાઠ છે. હું ત્યાં થોડો સમય બગાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો જેથી તેને બીજી ઓવર ન મળે. પરંતુ અંતે તેઓ જીતી ગયા. સ્વાભાવિક રીતે જ તે વર્લ્ડ ક્લાસ ખેલાડી છે અને તેણે સિરીઝમાં 32 વિકેટ લીધી હતી. જો આ ફરી બન્યું હોત તો કદાચ મેં કશું કહ્યું ન હોત.



**કોન્સ્ટાસને વિરાટ ગમે છે |** યુવા ઓસ્ટ્રેલિયન ખેલાડી તેની ડેબ્યૂ ટેસ્ટમાં વિરાટ કોહલી સાથે ટકરાયા હતા. ઓવર પછી સાઈડ બદલતી વખતે કોહલીએ કોન્સ્ટાસને ખભો અથડાવ્યો હતો. આ ઘટનાએ ઓસ્ટ્રેલિયન મીડિયામાં ભારે હોબાળો મચાવ્યો હતો. જો કે, કોન્સ્ટાસે દાવો કર્યો હતો કે તે કોહલીને પોતાનો આદર્શ માને છે. તેણે કહ્યું કે વિરાટ સાથે તેની ખૂબ જ સારી વાતચીત થઈ અને તે તેને પોતાનો આદર્શ માને છે. કોન્સ્ટાસે કહ્યું, 'તેણે પોતાની બેટિંગ શૈલી અને રમવાની રીતથી ક્રિકેટને સંપૂર્ણપણે બદલી નાખ્યું છે. તે ત્રણેય ફોર્મેટમાં લાંબા સમયથી સારું રમી રહ્યો છે.

**કદાચ મારી જ ભૂલ હતી...**

સિડની ટેસ્ટમાં બુમરાહ રન અપથી આગળ વધવાનો હતો ત્યારે ઉસ્માન ખ્વાજાએ તેને રોક્યો હતો. બુમરાહે ફરી પાછા વળવું પડ્યું પરંતુ પછી કોન્સ્ટાસે તેને કંઈક કહેવાનું શરૂ કર્યું. બુમરાહ પણ આગળ વધ્યો અને બંને વચ્ચે બોલાચાલી થઈ. અને બોલિંગ માર્ક પર પાછા જવું પડ્યું. અમ્પાયરે બંનેને અલગ કર્યા. બીજા જ બોલ પર બુમરાહે ઉસ્માન ખ્વાજાને આઉટ કર્યો. બહાર નીકળતાની સાથે જ તેણે ખ્વાજાને જોઈને નહીં પણ કોન્ટાસને જોઈને વિકેટને લઈને ખુશી વ્યક્ત કરી હતી.આ મામલે કોન્ટાસ હવે સ્વીકારે છે કે આ સમગ્ર મામલે તેની ભૂલ હતી. તેણે જણાવ્યુ કે ઓહ, હું વધારે પરેશાન ન થયો. દુર્ભાગ્યપૂર્ણ કે ઉસ્માન આઉટ થઈ ગયો. તે થોડો સમય કાઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો. કદાચ મારી ભૂલ હતી. પણ આવુ તો થાય છે. આ ક્રિકેટ છે. તેનો શ્રેય બુમરાહને જાય છે. તેણે વિકેટ લીધી. ટીમ સ્પષ્ટ રીતે ખૂબ શાનદાર પ્રદર્શન કર્યું.

## ઓસ્ટ્રેલિયા સિરીઝ બાદ વિરાટ લંડન જશે કે ભારત?

(એજન્સી) મુંબઈ । તા. 08

ભારતનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ સિડની ટેસ્ટ સાથે સમાપ્ત થયો. આ પછી હવે ભારતીય ખેલાડીઓ જલદી ભારત પરત ફરવા માટે તૈયાર છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ટીમ ઈન્ડિયાના સુપરસ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી 7 જાન્યુઆરીએ જ ઓસ્ટ્રેલિયાથી ઉડાન ભરશે. બાકીના ખેલાડીઓ બાદમાં ભારત પરત ફરશે. વિરાટ અન્ય ખેલાડીઓ કરતા એક દિવસ વહેલો ઓસ્ટ્રેલિયા છોડી રહ્યો છે. પરંતુ જો ટિકિટ સમયસર મળી ગઈ હોત તો ટીમ ઈન્ડિયાના બાકીના ખેલાડીઓ અત્યાર સુધીમાં ભારત આવી શક્યા હોત. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 22 નવેમ્બરથી પાંચ મેચની ટેસ્ટ સિરીઝ શરૂ થઈ હતી. વિરાટ સૌથી પહેલા 10 નવેમ્બરે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયા પહોંચ્યો હતો. જ્યારે બાકીના ખેલાડીઓ બાદમાં ઓસ્ટ્રેલિયા જવા રવાના થયા હતા. વિરાટ લગભગ બે મહિનાથી ઓસ્ટ્રેલિયામાં છે. તેઓ લાંબી રાહ જોયા બાદ પોતાના દેશ પરત ફરી રહ્યા છે. પરંતુ તે ભારત આવે છે કે લંડન જાય છે તે જોવાનું રહેશે. કારણ કે વિરાટ તેના પરિવાર સાથે લંડનમાં રહે છે. આ દરમિયાન તેના બાળપણના ક્રિકેટ કોચે ખુલાસો કર્યો હતો કે વિરાટ લંડન શિફ્ટ થવાની યોજના બનાવી રહ્યો છે.



### 8 જાન્યુઆરીએ ઉડાન ભરશે બાકીના ખેલાડીઓ

રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે જ્યારે વિરાટ 7 જાન્યુઆરીએ ઓસ્ટ્રેલિયા છોડશે, બાકીના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને હજુ થોડા કલાકો રાહ જોવી પડશે. 8 જાન્યુઆરીએ સવારે અન્ય ભારતીય ખેલાડીઓ પણ ભારત જવા રવાના થશે. અન્ય તમામ ખેલાડીઓ પહેલાથી નક્કી કરેલા સમય મુજબ ભારત પરત ફરી રહ્યા છે.

## ગુજરાતના આ શહેરમાં યોજાઈ શકે છે મહિલા IPLની ફાઈનલ

(એજન્સી) મુંબઈ । તા. 08

વુમન્સ પ્રીમિયર લીગ (WPL) ની ત્રીજી સીઝન બે શહેરોમાં બે તબક્કામાં યોજાવાની છે, જેમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) બરોડા અને લખનૌને સંભવિત સ્થળો તરીકે પસંદ કરી શકે છે. સિઝન 6 અથવા 7 ફેબ્રુઆરીએ શરૂ થવાની આશા છે, મીડિયા રિપોર્ટ મુજબ બરોડા (વડોદરા)માં ફાઈનલ યોજાય શકે છે. બીસીસીઆઈએ અત્યારસુધી 5 ફ્રેન્ચાઈઝીને તારીખ અને સ્થળોની આધિકારિક પુષ્ટિ કરી નથી.એવું માનવામાં આવે છે કે બોર્ડે ઉત્તર પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (UPCA) અને બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) સાથે અનૌપચારિક ચર્ચા કરી છે. આગામી દિવસોમાં ઔપચારિક જાહેરાત થવાની અપેક્ષા છે. વડોદરામાં હાલમાં એક આંતરરાષ્ટ્રીય સુવિધાવાલું કોટાંબી સ્ટેડિયમ તૈયાર કર્યું છે. બીસીસીઆઈએ આ સ્થળ પર ડબલ્યુપીએલ આયોજિત કરી શકે છે. ગત્ત મહિને ઉદ્ઘાટન કરવામાં આવેલા આ સ્ટેડિયમમાં હાલમાં વેસ્ટઈન્ડિઝ વિરુદ્ધ 3 મહિલા વનડે મેચની યજમાની પણ કરવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટમાં કુલ 5 ટીમ રમે છે. 3 ટીમ મેજબાન રહી ચૂકી છે. ત્યારે હવે ગુજરાત અને યુપીની ટીમને યજમાની સોંપવામાં આવી શકે છે. 23 મેચને ડબલ્યુપીએલને બીસીસીઆઈ 2 તબક્કામાં આયોજિત કરવા માંગે છે. જેનાથી આ સ્ટેડિયમની સુવિધાઓને અંતિમ રુપ આપવા માટે થોડો સમય મળશે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, ટૂર્નામેન્ટની ફાઈનલ 8-9 માર્ચની આસપાસ થઈ શકે છે. તમને જણાવી દઈએ કે લીગની ઉદઘાટન સીઝન સંપૂર્ણપણે મુંબઈમાં યોજાઈ હતી, પરંતુ બીજી સીઝન બેંગ્લોર અને દિલ્હી દ્વારા યોજવામાં આવી હતી. હાલમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટુર્નામેન્ટની વિજેતા છે.

## પાકિસ્તાનને ડબલ ઝટકો, પહેલા સિરીઝ હાર્યા, ICCએ ફટકાર્યો દંડ

(એજન્સી) મુંબઈ । તા. 08

દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ ન્યૂલેન્ડ્સ, કેપટાઉન ખાતે રમાઈ હતી. આ મેચમાં પાકિસ્તાનની ટીમને 10 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે પાકિસ્તાને શ્રેણી 0-2થી ગુમાવી હતી. આ કારમી હાર બાદ પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. ન્યૂલેન્ડ્સ ટેસ્ટ બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC) પાકિસ્તાન સામે મોટી કાર્યવાહી કરી છે, જેના કારણે તેને બેવડા ફટકાનો સામનો કરવો પડ્યો છે. ન્યૂલેન્ડ્સમાં રમાયેલી બીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકા સામે સ્લો ઓવર રેટ બદલ ICCએ પાકિસ્તાની ટીમ સામે કાર્યવાહી કરી છે. ICCએ પાકિસ્તાની ટીમને મેચ ફીના 25% દંડ ફટકાર્યો હતો અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાંથી પાંચ



પોઈન્ટ કપાત કર્યા હતા. આવી સ્થિતિમાં હવે પાકિસ્તાનની PCT વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં 24.31 થઈ ગઈ છે અને તે 8માં નંબર પર છે. પોઈન્ટ ટેબલમાં માત્ર વેસ્ટ ઈન્ડિઝની ટીમ પાકિસ્તાનથી નીચે છે. ICCએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વેસ્ટ ઈન્ડિઝના મેચ રેફરી રિચી રિચર્ડસને પાકિસ્તાનને લક્ષ્યાંકથી પાંચ ઓવર ઓછા હોવાના કારણે સમય ભથ્થાને ધ્યાનમાં લીધા બાદ પાકિસ્તાનને દંડ ફટકાર્યો હતો.

## ન્યુઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયા સામે હાર્યા બાદ મુખ્ય કોચ તરીકે ગૌતમ ગંભીરના ભવિષ્ય પર પ્રશ્નાર્થ

મુંબઈ । ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે હાર્યા બાદ મુખ્ય કોચ તરીકે ગૌતમ ગંભીરના ભવિષ્ય પર પ્રશ્નાર્થ છે. ન્યૂઝીલેન્ડ સામે 3-0ની શરમજનક હાર બાદ ભારતે 12 વર્ષ બાદ ઘરઆંગણે ટેસ્ટ શ્રેણી ગુમાવી છે. આ પ્રથમ વખત બન્યું હતું કે જ્યારે કોઈ ટીમે ત્રણ કે તેથી વધુ મેચોની હોમ ટેસ્ટ સિરીઝમાં ભારતનો વ્હાઈટવોશ કર્યો હોય. બાદમાં ભારતે 10 વર્ષ પછી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પણ ગુમાવી હતી, જેના કારણે હોબાળો થયો હતો. ગંભીરની જેમ જ રોહિત શર્મા અને વિરાટ કોહલીનું પણ એવું જ છે, જેમની સતત ખરાબ પ્રદર્શનને કારણે ઘણી ટીકા થઈ રહી છે. પરંતુ હવે ત્રણેયને સારા સમાચાર મળ્યા છે. 'ટાઈમ્સ નાઉ'ના અહેવાલ મુજબ, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ટૂંક સમયમાં સમીક્ષા બેઠક યોજશે પરંતુ ત્રણમાંથી કોઈને બહાર કરશે નહીં. બીસીસીઆઈના એક સૂત્રએ કહ્યું, 'હા, સમીક્ષા બેઠક થશે, પરંતુ કોઈને બરતરફ કરવામાં આવશે નહીં. તમે શ્રેણીમાં બેટ્સમેનોના ખરાબ પ્રદર્શન માટે કોચને હટાવી શકતા નથી. ગૌતમ ગંભીર કોચ રહેશે અને વિરાટ-રોહિત ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીમાં રમશે. અમારું સંપૂર્ણ ધ્યાન ચેમ્પિયન્સ ટ્રોફી પર છે. ભારતીય કેપ્ટન રોહિતે કાંગારૂઓ સામેની સમગ્ર શ્રેણી દરમિયાન સંઘર્ષ કર્યો, તેણે પાંચ ઈનિંગ્સમાં 6.1ની સરેરાશથી માત્ર 31 રન બનાવ્યા. વિરાટે પ્રવાસની શરૂઆત પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં સદી સાથે કરી હતી.





## ભારતની 16 વર્ષીય અનહત સિંહે બ્રિટિશ જુનિયર ઓપન સ્ક્વોશ ટાઈટલ જીતી

દેશની ઉભરતી સ્ક્વોશ ખેલાડી 16 વર્ષીય અનહત સિંહે અંડર-17 બ્રિટિશ ઓપન જુનિયર સ્ક્વોશ ટૂર્નામેન્ટનો ખિતાબ જીતી લીધો હતો. ટોચની ક્રમાંકિત અનહતે ફાઈનલમાં ઈજિપ્તની બીજો ક્રમાંક ધરાવતી મલિકા અલ કરાક્સીને એક સેટ પાછળ થયા બાદ 4-11, 11-9, 6-11, 11-5, 11-3થી પરાજય આપ્યો હતો. અનહત આ પહેલા અહીં અંડર-11 અને અંડર-15 કેટેગરીમાં ખિતાબ જીતી ચુકી છે. ગયા વર્ષે જ અનહત અંડ-17ની ફાઈનલમાં પહોંચી હતી પરંતુ તેનો પરાજય થયો હતો. 2022માં અનહત કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેનારી દેશની સૌથી યુવા ખેલાડી બની હતી. અનહત એશિયન ગેમ્સ અને એશિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલિસ્ટ છે. વર્તમાનમાં અનહત વિશ્વમાં 82 ક્રમાંક ધરાવે છે. અનહત 2019માં અંડર-11 લેવલ પર પહેલીવાર પ્રતિષ્ઠિત બ્રિટિશ ઓપન સ્ક્વોશ ટૂર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ખિતાબ બાદ અનહતે બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. આ વર્ષે જ અનહતે એશિયન જુનિયર ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વર્ષ 2020માં તેણે બ્રિટિશ અને મલેશિયા જુનિયર ઓપન ટૂર્નામેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

## ATP ટૂર્નામેન્ટમાં કૈમ નોરીએ ભુલથી મહિલા દર્શકને રેકેટ માર્યું

(એજન્સી) મુંબઈ । તા. 08

મંગળવારે ઓકલેન્ડમાં એટીપી ટૂર ટુર્નામેન્ટ દરમિયાન ટેનિસ પ્લેયર કેમરન નોરીએ ફેંકેલા રેકેટથી એક દર્શકને ઈજાઓ થઈ હતી જો કે તેણે માફી માંગી લેતાં તે અયોગ્ય જાહેર થતાં બચી ગયો હતો. બ્રિટનનો નોરી કે જે ઓકલેન્ડમાં જ પેદા થયો છે તે આર્જેન્ટિનાના ફેકુંડો ડિયાઝ અકોસ્ટા સામેની મેચમાં મેચ પોઈન્ટથી પાછળ હતો ત્યારે તેણે પોતાનું રેકેટ હવામાં ઉછાળ્યું હતું. આ રેકેટ કોર્ટ સાઈડ બોક્સમાં બેઠેલી એક મહિલાને ટકરાયું હતું જોકે તેને કોઈ ઈજાઓ થઈ ન હતી. ચેર અમ્પાયરે નોરીને ચેતવણી આપી હતી. જો કે તે પછી તે ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં 2-6, 3-6થી મેચ હારી ગયો હતો. નોંધનીય છે કે તે પાછલા વર્ષે ઓકલેન્ડમાં ફાઈનલમાં પહોંચી ગયો હતો. નોરીએ આ અંગે જણાવ્યું હતું કે, હું આવું કરવાનો કોઈ ઈરાદો ધરાવતો ન હતો, પરંતુ તેમ છતાં આવું કરવું આદર્શ ના ગણાય અને આવું મેં ક્યારેય કર્યું નથી. મહિલા દર્શક હસી રહી હતી અને મેં તેને જણાવ્યું હતું કે મને ખેદ છે, મારો આવું કરવાનો કોઈ ઈરાદો ન હતો. તેણે મને જવાબ આપ્યો હતો કે હાં, હું એકદમ બરાબર છું. અત્રે નોંધનીય છે કે 2020માં ભુલથી લાઈન પર્સનને બોલ મારવા બદલ નોવાક જોકોવીચને યુએસ ઓપનમાં અયોગ્ય જાહેર કરવામાં આવ્યો હતો. 2023માં ફ્રેન્ચ ઓપનમાં મિયુ કાટો અને એલ્ડિલાને પણ એક બોલ ગર્લને ભુલથી બોલ મારવા બદલ મહિલા ડબલ્સમાંથી બહાર કરી દેવામાં આવી હતી.



## છૂટાછેડાના સમાચાર વચ્ચે ચહલે વ્યક્ત કર્યું 'દુ:ખ', પોસ્ટ થઈ વાયરલ

મુંબઈ । ટીમ ઈન્ડિયાના સ્ટાર સ્પિન બોલર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્માના છૂટાછેડાની અટકળો ચાલી રહી છે. પરંતુ ચહલ અને ધનશ્રી વર્મા દ્વારા છૂટાછેડાને લઈને કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી. જ્યારે ચહલે પોતાના ઈન્સ્ટાગ્રામ પરથી ધનશ્રી વર્મા સાથેના તમામ ફોટો હટાવી દીધા છે. આ દરમિયાન યુઝવેન્દ્ર ચહલની નવી ઈન્સ્ટાગ્રામ સ્ટોરી સામે આવી છે. જે હાલ ખુબ વાયરલ થઈ રહી છે. ધનશ્રી વર્મા સાથે છૂટાછેડાના સમાચાર વચ્ચે યુઝવેન્દ્ર ચહલની નવી ઈન્સ્ટાગ્રામ સ્ટોરી સામે આવી છે. તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ચહલે લખ્યું છે કે 'મૌન એ લોકો માટે એક ગહન સંગીત છે જે તેને બધા અવાજથી આગળ સાંભળી શકે છે' ચહલ અને ધનશ્રીએ પણ ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. ચહલે પણ ધનશ્રી વર્મા સાથેની પોતાની તમામ તસવીરો હટાવી દીધી હતી. પરંતુ ધનશ્રી વર્માના એકાઉન્ટ પર હજુ પણ બંનેની તસવીરો છે.



### મિસ્ટ્રી ગર્લ સાથે જોવા મળ્યો હતો ચહલ

છૂટાછેડાની અફવાઓ વચ્ચે યુઝવેન્દ્ર ચહલની મિસ્ટ્રી ગર્લ સાથેની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ચહલ તે છોકરી સાથે હોટલમાં જોવા મળ્યો હતો, પરંતુ હજુ સુધી એ જાણી શકાયું નથી કે તે છોકરી કોણ છે? વર્ષ 2023 દરમિયાન ધનશ્રી વર્માએ ઈન્સ્ટાગ્રામ પર તેના યુઝર નેમમાંથી ચહલ સરનેમ હટાવી દીધી હતી. તેણે એક સ્ટોરી પણ શેર કરી અને લખ્યું કે નવું જીવન આવી રહ્યું છે. ત્યારે પણ તેમના સંબંધોને લઈને વિવિધ પ્રકારની વાતો કરવામાં આવી હતી. પરંતુ આ મામલો ટૂંક સમયમાં શાંત થઈ ગયો. પરંતુ હવે બંનેના રસ્તા અલગ થઈ રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ બંનેના છૂટાછેડા લગભગ નિશ્ચિત છે. તેની ઔપચારિક જાહેરાત હજુ થવાની બાકી છે.

## 20 જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ પદના શપથ લેશે

# 20 જાન્યુ.પહેલા બંધકોને છોડી મુકો, નહીં તો મિડલ ઈસ્ટમાં વિનાશ

(એજન્સી) વોશિંગ્ટન | તા 08

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પેલેસ્ટિનિયન ઉગ્રવાદી જૂથ હમાસને 20 જાન્યુઆરી પહેલા બંધકોને મુક્ત કરવાની ચેતવણી આપી છે. મંગળવારે મીડિયા સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે જો 20 જાન્યુઆરી પહેલા ઈઝરાયલમાંથી અપહરણ કરાયેલ બંધકોને છોડવામાં નહીં આવે તો તે હમાસ માટે સારું નહીં હોય. સાચુ કહું તો તે કોઈના માટે સારું નહીં હોય. ટ્રમ્પે હમાસને ઘણી વખત બંધકોને મુક્ત કરવા કહ્યું છે. 20 જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ પદના શપથ લેશે.

કતારમાં બંધકોને મુક્ત કરવા મામલે ઈઝરાયલ અને હમાસની લીડરશિપ વચ્ચે વાતચીત ચાલી રહી છે. આ અંગે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું-

ટ્રમ્પે વધુમાં કહ્યું કે બંધકોને ઘણા સમય પહેલા મુક્ત કરી દેવા જોઈતા હતા. 7 ઓક્ટોબરનો હુમલો થવો જોઈતો નહોતો. લોકો તેને ભૂલી જાય છે, પરંતુ તે થયો અને ઘણા લોકો મૃત્યુ પામ્યા. મને ઈઝરાયલ અને અન્ય જગ્યાએ બંધકોના પરિવારો તરફથી ફોન આવી રહ્યા છે.

લોકો મને તેમના પ્રિયજનોને હમાસની કેદમાંથી મુક્ત કરાવવા માટે અપીલ કરી રહ્યા છે. હમાસે કેટલાક અમેરિકનોને પણ કેદ કર્યા છે. લોકો રડતા રડતા મારી પાસે આવે છે અને કહે છે- શું હું તેમના બાળકોના મૃતદેહ પરત લાવી શકું? તેઓએ એક 19-20 વર્ષની છોકરીને કારમાંથી એવી રીતે ફેંકી કે જાણે તે બટાકાની બોરી હોય.



### શપથ લેતા પહેલા સારા સમાચાર મળવાની આશા છે

હાલમાં જ ટ્રમ્પના સ્પેશિયલ દૂત સ્ટીવન ચાર્લ્સ વિટકોફ મિડલ ઈસ્ટથી પરત ફર્યા છે. તેમણે મીડિયાને કહ્યું કે બંધકોની મુક્તિમાં વિલંબ કયા કારણોસર થયો તે અંગે હું વાત કરવા માંગતો નથી. નેગેટિવ હોવાનો કોઈ અર્થ નથી. હું વધારે કંઈ કહેવા માંગતો નથી, કારણ કે મને લાગે છે કે કતારમાં સારું કામ થઈ રહ્યું છે.

તેમણે વધુમાં કહ્યું કે હું કાલે દોહા પરત જવા માટે નીકળી રહ્યો છું. પરંતુ મને લાગે છે કે અમે આ મામલાનો સારો ડેવલપ કર્યો છે. મને આશા છે કે ટ્રમ્પના શપથ ગ્રહણ કરતા પહેલા અમારી પાસે કેટલાક સારા સમાચાર હશે જેને ટ્રમ્પ જાહેર કરશે.

**હમાસ 34 બંધકોને મુક્ત કરવા તૈયાર છે:** કતારમાં ગયા શુક્રવારથી હમાસ અને ઈઝરાયલ વચ્ચે બંધકોને મુક્ત કરવાને લઈને વાતચીત ચાલી રહી છે. રવિવારે, હમાસે કહ્યું કે તે એક્સચેન્જ ડીલના ફર્સ્ટ ફેઝમાં 34 બંધકોને મુક્ત કરશે. જેમાં તમામ મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને બીમાર કેદીઓનો સામેલ છે. ભલે તેઓ જીવિત હોય કે મૃત. 7 ઑક્ટોબર, 2023ના રોજ હમાસે ગાઝા સરહદે ઘણા ઈઝરાયલના વિસ્તારો પર હુમલો કર્યો અને 254 લોકોને બંધક બનાવ્યા. અત્યાર સુધીમાં 150થી વધુ બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે 100 જેટલા લોકો હજુ પણ હમાસની કેદમાં છે. ઈઝરાયલની સેનાએ 34 લોકોની હત્યાની પુષ્ટિ કરી છે.

હમાસ ઈઝરાયલના 34 બંધકોને મુક્ત કરવા તૈયાર છે: મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને બીમાર લોકોને પ્રથમ મુક્ત કરવામાં આવશે; નેતન્યાહુએ કહ્યું- અમને કોઈ યાદી મળી નથી હમાસ રવિવારે ઈઝરાયલના બંધકોને મુક્ત કરવા માટે સંમત થયું છે.

## કોણ છે સચિત મહેરા? જેમના ખભે વડાપ્રધાનની પસંદગીની જવાબદારી, પાર્ટીમાં નંબર-2 કેવી રીતે બન્યા?

# કેનેડાનું ભવિષ્ય ભારતીય મૂળની વ્યક્તિના હાથમાં

કેનેડા : કેનેડામાં હાલમાં રાજકીય અસ્થિરતા છે. જસ્ટિન ટ્રુડોએ આખરે તેમની લિબરલ પાર્ટીના સાંસદોના દબાણને પગલે સોમવારે સાંજે વડાપ્રધાનપદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. તેમણે લિબરલ પાર્ટીના નેતાનું પદ પણ છોડી દીધું છે, જોકે પાર્ટીના નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ કાર્યકારી વડાપ્રધાન રહેશે. લિબરલ પાર્ટીના નેતાની પસંદગીની જવાબદારી ભારતીય મૂળના સચિત મહેરાને આપવામાં આવી છે. ટ્રુડો સરકારનો કાર્યકાળ આ વર્ષે ઓક્ટોબર સુધીનો છે, પરંતુ તેમના રાજીનામા પછી એવું માનવામાં આવે છે કે કેનેડામાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાઈ શકે છે.

કોણ છે સચિત મહેરા? સચિત મહેરા ભારતીય મૂળના કેનેડિયન બિઝનેસમેન છે. તેઓ હાલમાં લિબરલ પાર્ટીના પ્રેસિડેન્ટ છે. તેમના પિતા દિલ્હીના રહેવાસી હતા. તેઓ 1960ના દાયકામાં કેનેડા શિફ્ટ થયા હતા. તેમણે કેનેડાના વિનીપેગ અને ઓટાવા શહેરોમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની રેસ્ટોરન્ટ્સ નામની રેસ્ટોરન્ટ ચેઈન શરૂ કરી. સચિત મહેરા હાલમાં આ ફેમિલી બિઝનેસ સંભાળી રહ્યા છે.

ઈસ્ટ ઈન્ડિયા કંપની રેસ્ટોરન્ટના માલિક હોવા ઉપરાંત તેઓ અન્ય વ્યવસાયોમાં પણ સક્રિય છે. તેઓ કોમ્યુનિટી ડેવલપમેન્ટમાં પણ ખૂબ રસ લે છે. સચિત મહેરાની LinkedIn પ્રોફાઈલ મુજબ, તેઓ કેનેડાના મેનિટોબામાં રહે છે. તેઓ કોમ્યુનિટી રિલેશનના વાઈસ-ચેરમેન પણ છે. તેઓ 1994થી તેમનો ફેમિલી બિઝનેસ સંભાળી રહ્યા છે.

આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કામ કર્યું સચિત મહેરા 2013થી 2016 સુધી વિનીપેગ ડાઉનટાઉન બિઝના પ્રમુખ હતા. આ સમયગાળા દરમિયાન તેમણે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઘણાં કાર્યો કર્યાં.

ચેરિટી માટે ભંડોળ એકત્ર કર્યું સચિત મહેરા ચેરિટી માટે ફંડ એકત્ર કરવાનું પણ કામ કરે છે. તેમણે ચેરિટી ફંડરેઝર મસાલા મિક્સર ઈવેન્ટની પણ અધ્યક્ષતા કરી હતી. આ ઈવેન્ટે વિક્ટોરિયા જનરલ હોસ્પિટલ અને અલ્ઝાઈમર એસોસિયેશન ઓફ મેનિટોબા માટે US $75,000થી વધુનું ભંડોળ એકત્ર કર્યું હતું. મહેરા 2021માં કોવિડ રોગચાળા દરમિયાન ભંડોળ એકત્ર કરવાના અભિયાનમાં પણ સામેલ થયા છે. મહેરા હિન્દી અને પંજાબી ભાષા જાણે છે.



લિબરલ પાર્ટીમાં ક્યારે જોડાયા? સચિત મહેરા રાજનીતિની સાથે બિઝનેસમાં પણ રસ ધરાવે છે. તેઓ 2019માં લિબરલ પાર્ટીમાં જોડાયા હતા. વર્ષ 2023માં તેઓ આ પાર્ટીના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. હવે ટ્રુડોના રાજીનામા બાદ તેઓ ટૂંક સમયમાં લિબરલ પાર્ટીમાં નવા નેતાની પસંદગી કરવા માટે બેઠક બોલાવશે. લિબરલ પાર્ટીમાં કેટલું મોટું પદ? લિબરલ પાર્ટીમાં જસ્ટિન ટ્રુડો પછી સચિત મહેરા નંબર 2 હતા. તેઓ લિબરલ પાર્ટીના નેશનલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પણ સામેલ છે
. પાર્ટી-અધ્યક્ષ હોવાના કારણે તેમની પાસે પાર્ટીની સદસ્યતા વધારવાની, ફંડિંગ વધારવાની, પાર્ટી માટે પ્રચાર નક્કી કરવાની અને પાર્ટીના કાર્યકરોને ચૂંટણી માટે તૈયાર કરવાની જવાબદારી છે.

નવા નેતાને કેવી રીતે પસંદ થશે? જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ દેખીતી રીતે જ પાર્ટીના નવા નેતાની પસંદગીની જવાબદારી સચિત મહેરા પર આવી ગઈ છે. દરેકને સ્વીકાર્ય હોય તેવો ચહેરો પસંદ કરવાની જવાબદારી તેમના પર છે. એક નેતા, જે દરેકને સાથે લઈ જશે અને લિબરલ પાર્ટીના સિદ્ધાંતોને આગળ ધપાવશે. નામો શોર્ટલિસ્ટ થયાં બાદ વોટિંગ કરવામાં આવશે. ત્યાર બાદ ઉમેદવારની જાહેરાત કરવામાં આવશે. કેનેડામાં આગળ શું થશે? કેનેડાની સંસદનું સત્ર 27 જાન્યુઆરીથી શરૂ થવાનું હતું, પરંતુ તેમના રાજીનામા સાથે ટ્રુડોએ હાલપૂરતું આના પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. ટ્રુડોએ કહ્યું હતું કે હવે કેનેડાની સંસદનું સત્ર માર્ચમાં યોજાશે. લિબરલ પાર્ટી પહેલેથી જ લઘુમતીમાં છે. આવી સ્થિતિમાં સંસદ સત્ર શરૂ થતાં જ લિબરલ પાર્ટીને વિશ્વાસ મતનો સામનો કરવો પડી શકે છે. વર્તમાન રાજકીય પરિસ્થિતિને જોતાં એ બહુ સ્પષ્ટ છે કે લિબરલ પાર્ટીને અન્ય પક્ષોનું સમર્થન નહીં મળે. આવી સ્થિતિમાં તે વિશ્વાસ મત ગુમાવશે. આવી સ્થિતિમાં કેનેડામાં નવી પાર્ટીની સરકાર બનશે એ નિશ્ચિત છે.

# કેનેડાના નકશા પર લખાયું 'સ્ટેટ ઓફ USA'

## ટ્રમ્પે કેનેડાને અમેરિકન સ્ટેટ ગણાવતો નકશો શેર કર્યો, કેનેડાના નેતા લાલચોળ, કહ્યું- બકવાસ બંધ કરો ટ્રમ્પ

(એજન્સી) વોશિંગ્ટન | તા 08

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં હાઈપર એક્ટિવ મોડમાં છે. તેમણે શપથ લેતાં પહેલાં જ પોતાના એજન્ડા પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. તેમના ઈરાદા સ્પષ્ટ છે કે તેઓ કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય બનાવવા માટે મક્કમ છે. આ અંગે તેમણે હવે અનુક્રમે બે નકશા પણ શેર કર્યા છે.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર બે નકશા શેર કર્યા છે. આમાંના એક નકશામાં તેમણે કેનેડાને અમેરિકા બતાવ્યું છે, જ્યારે બીજા નકશામાં તેમણે કેનેડાને લઈને પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો છે, જેને લઈને હવે વિવાદ શરૂ થઈ ગયો છે અને કેનેડાના નેતાઓએ ટ્રમ્પને બેફામ જવાબો આપવાનું શરૂ કર્યું છે.




### કેનેડાના વિદેશમંત્રીએ પણ નિવેદન આપ્યું

કેનેડાના વિપક્ષી નેતા પિયર પોલિવેરે પણ આ મુદ્દે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે આપણે એક મહાન અને સ્વતંત્ર દેશ છીએ. અમે અમેરિકાના શ્રેષ્ઠ મિત્રો છીએ. અમે અમેરિકનોને અલ-કાયદા દ્વારા 9/11ના હુમલાનો જવાબ આપવામાં મદદ કરવા માટે અબજો ડોલર અને સેંકડો જીવન ખર્ચ્યા. અમે અમેરિકાને અબજો ડોલરની ઉચ્ચ ગુણવત્તાની અને સંપૂર્ણપણે ભરોસાપાત્ર ઊર્જાનો સપ્લાય કરીએ છીએ, જે બજાર કિંમતો કરતાં ઘણી ઓછી કિંમતે છે.

તમને જણાવી દઈએ કે અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સતત કેનેડાને અમેરિકાના 51મા રાજ્ય તરીકે સંબોધતા જોવા મળે છે. એટલું જ નહીં, તેમણે જસ્ટિન ટ્રુડોને 51મા અમેરિકન રાજ્યના ગવર્નર પણ ગણાવ્યા છે. ટ્રમ્પની આ ટિપ્પણીઓ બાદ જ જસ્ટિન ટ્રુડો અને કેનેડાના વિદેશમંત્રીનાં નિવેદનો આવ્યાં છે.

### ટ્રુડોથી લઈને કેનેડાના ઘણા મોટા નેતાઓએ ટ્રમ્પને બેફામ જવાબ આપ્યા

જસ્ટિન ટ્રુડોએ પ્રથમ વખત કેનેડા વિશે સતત નિવેદનો આપી રહેલા ટ્રમ્પને જવાબ આપ્યો છે. રાજીનામાની જાહેરાત કરનાર કેનેડાના પીએમ ટ્રુડોએ કહ્યું છે કે કેનેડા અમેરિકાનો હિસ્સો બનવાની કોઈ શક્યતા નથી.

કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ પણ આ મામલે નિવેદન આપ્યું છે. જોલીએ એ પણ ટ્વીટ કર્યું કે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ટ્રમ્પની ટિપ્પણીઓ દર્શાવે છે કે કેનેડાને એક મજબૂત દેશ બનાવવાની વાતોની તેમને સંપૂર્ણપણે સમજ નથી.

# સાયબરટ્રકમાં બ્લાસ્ટ કરવા ChatGPTનો ઉપયોગ, ટ્રમ્પની હોટલ પાસેની ઘટના અંગે ખુલાસો

(એજન્સી) વોશિંગ્ટન | તા 08

નવા વર્ષે લાસ વેગાસમાં ટ્રમ્પ ઈન્ટરનેશનલ હોટલની બહાર ટેસ્લા સાયબરટ્રકમાં થયેલા બ્લાસ્ટ મામલે મહત્ત્વનો ખુલાસો થયો છે. આ હુમલા માટે લોકપ્રિય એઆઈ ચેટબોટ ચેટજીપીટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સંદિગ્ધે ચેટજીપીટીની મદદથી હુમલાને અંજામ આપ્યો હતો. બ્લાસ્ટ કરવા માટે તેણે કેટલા વિસ્ફોટક પદાર્થોની જરૂર પડશે, અને કેવા પ્રકારના વિસ્ફોટકો જોઈશે, તેવો સવાલ ચેટજીપીટીને કરી માહિતી મેળવી હતી. એફબીઆઈએ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.



ટેસ્લા સાયબરટ્રકમાં થયેલા હુમલામાં સંદિગ્ધ ડ્રાઈવર મેથ્યુ લિવેલ્સબર્ગરનું મૃત્યુ થયું હતું. તે અમેરિકાની સેનામાં કાર્યરત હતો. આ ઘટનામાં તે એક જ સામેલ હતો અને એફબીઆઈના મતે તેણે અપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે સંદિગ્ધના ફોનમાંથી છ પાનાંની સુસાઈડ નોટ જપ્ત કરી છે. જેના પરથી અનુમાન લગાવ્યું છે કે, તે પોસ્ટ ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર(તણાવ)થી પીડિત હતો.

લાસ વેગાસ મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું હતું કે, અમેરિકામાં પ્રથમ વખત સાયબરટ્રકમાં બ્લાસ્ટની ઘટના બની છે. હુમલાને અંજામ આપવા ચેટજીપીટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એઆઈની ટીકા કરતાં લોકોએ ચેટજીપીટીના લોન્ચિંગ સાથે જ તેને ઘાતક ગણાવી હતી.

## ટેકઓફ સમયે જ અચાનક ક્રેશ થયું, પાઈલટ સહિત ત્રણનાં મોત, 3 ઘાયલ; ઊંધા માથે તરતું દેખાયું

# ઓસ્ટ્રેલિયામાં દરિયામાં સમાઈ ગયું સી-પ્લેન...

(એજન્સી) ઓસ્ટ્રેલિયા | તા 08

ઓસ્ટ્રેલિયામાં એક પ્રવાસી આઈલેન્ડ પાસે સી પ્લેન ક્રેશ થયું છે. આ દરમિયાન અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. મૃતકોમાં પાઈલટ અને સ્વિટ્ઝર્લેન્ડ તેમજ ડેનમાર્કના બે પ્રવાસીઓનો સમાવેશ થાય છે. આ દરમિયાન અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના હિન્દ મહાસાગરમાં રોટનેસ્ટ આઈલેન્ડ પાસે બની હતી. ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ આ ઘટનાની જાણકારી આપી હતી.

આ દુર્ઘટના હિન્દ મહાસાગરમાં રોટનેસ્ટ આઈલેન્ડ પાસે બની હતી. ઓસ્ટ્રેલિયામાં પર્થથી લગભગ 30 કિમી (18.6 માઈલ) પશ્ચિમમાં લોકપ્રિય પર્યટન સ્થળ રોટનેસ્ટ આઈલેન્ડ નજીક મંગળવારે બપોરે જ્યારે તે ક્રેશ થયું ત્યારે પ્લેનમાં 6 પ્રવાસીઓ સવાર હતા.

રોટનેસ્ટ ખાતે રજાઓ માણી રહેલા પ્રવાસી ગ્રેગ ક્વિને કહ્યું કે તેણે પ્લેન ક્રેશ થતા જોયું હતું. ક્વિને પર્થમાં ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પ રેડિયોને જણાવ્યું હતું કે, 'અમે સી પ્લેનને ટેકઓફ થતું જોઈ રહ્યા હતા અને તે પાણીમાં ઊતરવા લાગ્યું ને અચાનક પલટી ગયું અને ક્રેશ થયું હતું.

વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા રાજ્યના પ્રીમિયર રોજર કૂકે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, ' પીડિતોના પરિવારો અને મિત્રો સાથે મારી સંવેદના છે.' તેમાં કોઈ શંકા નથી કે તેમનાં પરિવારજનો માટે આ ખૂબ જ મુશ્કેલભર્યું છે.

કૂકે જણાવ્યું હતું કે આઈલેન્ડ પર બાળકો સાથે વેકેશન માણી રહેલા પરિવારો સહિત લોકોની સામે અકસ્માત થયો હતો. રાજ્યના પોલીસ કમિશનર કર્નલ બ્લેન્ચે જણાવ્યું હતું કે અધિકારીઓએ અકસ્માતના કારણની તપાસ શરૂ કરી છે. સ્વાન રિવર સી પ્લેનની માલિકીનું વિમાન, પશ્ચિમ ઓસ્ટ્રેલિયાની રાજધાની પર્થમાં તેના બેઝ પર પરત ફરી રહ્યું હતું, રોટનેસ્ટ આઈલેન્ડથી 30 કિલોમીટર પૂર્વમાં, જે તેના સ્વદેશી નામ વાડજેમ્પથી પણ ઓળખાય છે. ઓસ્ટ્રેલિયન ટ્રાન્સપોર્ટ સેફ્ટી બ્યુરોએ એવિએશન અકસ્માતના તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે એક્સપર્ટ તપાસ ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી રહી છે.



# OpenAIના CEO સેમ અલ્ટમેન પર તેની જ બહેને લગાવ્યાં જાતિય શોષણના ગંભીર આરોપ...

(એજન્સી) વોશિંગ્ટન | તા 08

ચેટજીપીટીના પ્રણેતા અને ઓપનએઆઈના સીઈઓ સેમ અલ્ટમેનની બહેને જ તેના પર જાતિય શોષણનો આરોપ મૂક્યો છે. અમેરિકાની મિસૌરી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સેમ અલ્ટમેનની બહેન એન અલ્ટમેને પોતાના જ ભાઈ પર શારીરિક-માનસિક સતામણી કરતો હોવાની ફરિયાદ સાથે કેસ કર્યો છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે, સેમ અલ્ટમેન 1997થી 2006 સુધી મારા પર જાતિય શોષણ કરતો હતો. તે સમયે હું ત્રણ વર્ષની હતી અને સેમ 12 વર્ષનો. મિસૌરીમાં ક્લેટોન સ્થિત અમારા ઘરમાં જ તે વિવિધ રીતે મને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતાં. એન અલ્ટમેન આરોપમાં જણાવ્યું હતું કે, 'અઠવાડિયામાં અનેક વખત સેમ મારા પર દુષ્કર્મ કરતો હતો. સેમના આવા વ્યવહારના કારણે તેનુ માનસિક સ્વાસ્થ્ય બગડ્યું હતું. તેમજ હું ડિપ્રેશન સહિત વિવિધ માનસિક તણાવોનો સામનો કરી રહી હતી. આ ઘટનાઓના લીધે હું સામાન્ય જીવન જીવી શકતી નથી.' એનએ જ્યુરી ટ્રાયલ સહિત પોતાના નુકસાનના કારણે 75 હજાર ડોલરની માગ કરી છે. એન અલ્ટમેનના તમામ આરોપોને સેમ અલ્ટમેન અને તેના પોતાના જ પરિવારે વખોડ્યા હતા. સેમ અલ્ટમેને ટ્વિટર પર પોતાના પરિવારનો પત્ર રજૂ કરતાં તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. જેમાં તેની માતા કોની અને ભાઈ જેક તથા મેક્સના હસ્તાક્ષર પણ છે. આ પત્રમાં લખ્યું છે કે, 'એની (એન)એ અમારા પરિવારને ખૂબ દુઃખ પહોંચાડ્યું છે. આ તદ્દન ખોટા દાવાઓ છે. અમે એનની ગોપનીયતા અને માનને ધ્યાનમાં રાખી ક્યારેય જાહેરમાં તેના આવા વ્યવહારનો જવાબ આપવા માગતા ન હતા. પરંતુ તેણે કેસ કરતાં હવે અમારે મૌન તોડવુ પડ્યું છે.' સેમ અલ્ટમેનના પત્રમાં એનનું માનસિક સ્વાસ્થ્ય ખરાબ હોવાનો ઉલ્લેખ કર્યો છે. તેમાં લખ્યું છે કે, 'અમારો પરિવાર એનીને ખૂબ પ્રેમ કરે છે. અને હંમેશા તેનુ હિત જ ઈચ્છે છે. તે ઘણા વર્ષોથી માનસિક રીતે અસ્વસ્થ છે. અમે સતત તેને સાજી કરવાના પ્રયાસો કર્યા છે. તેને હંમેશા આર્થિક અને માનસિક રીતે મદદ કરી છે. પરંતુ તેનું સ્વાસ્થ્ય સારૂ ન હોવાથી તે અવારનવાર અમારા ઉપર ખોટા આરોપો મૂકે છે.

# વીજળી કાપથી શાહબાઝ સરકાર ઘેરાઈ, ચીને અલ્ટિમેટમ આપ્યું : હાઈવે બ્લોક, સેનાને ઉતારાશે

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 08

પાકિસ્તાનના કબજા હેઠળના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં લોકોનો ગુસ્સો બેકાબૂ બન્યો છે. શિયાળાની ઋતુમાં વીજળી કાપથી પરેશાન લોકોએ મંગળવારે પાંચમા દિવસે પણ ચીન-પાકિસ્તાન હાઈવે બ્લોક કર્યો હતો. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)ના એન્ટ્રી પોઈન્ટ અલિયાબાદમાં લોકો એકઠા થયા છે. અસંતોષને કાબૂમાં લેવામાં નિષ્ફળ ગયેલી પાકિસ્તાનની શાહબાઝ સરકારે હવે સેનાને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. આ પહેલા સોમવારે પાકિસ્તાનમાં ચીનના રાજદૂત જિયાંગ ઝેડોંગે પીએમ શહેબાઝ શરીફ સાથે મુલાકાત કરી હતી. તેમણે શાહબાઝ શરીફને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગની નારાજગી વિશે જાણ કરી અને અલ્ટીમેટમ આપ્યું કે જો ચક્કાજામ ઝડપથી ક્લિયર નહીં થાય તો સીપીએસી પ્રોજેક્ટ પર પુનર્વિચાર કરવો પડશે.

ચીનથી માલભરેલી 1350 ટ્રકોનો પ્રથમ કાફલો ડ્રાય પોર્ટ પર અટવાયો ચીન-પાકિસ્તાન હાઈવે જામના કારણે ચીનના કસાગરથી જઈ રહેલો 1350 ટ્રકનો કાફલો અટવાઈ ગયો છે. ચીને સીપેકથી યુએઈને આ માલ મોકલ્યો છે. પાકિસ્તાન આર્મી કંપની નેશનલ લોજિસ્ટિક્સનું આ પહેલું કન્સાઈનમેન્ટ હતું. જે સોસ્તના ડ્રાય પોર્ટ પર છે. આગળ તેને કરાચી પોર્ટથી યુએઈ મોકલવાનું છે. ચીને યુએઈ અને અન્ય આરબ દેશોને સીપેક દ્વારા સામાન મોકલવાની યોજના બનાવી છે.

શાહબાઝ સરકાર ગમે તેટલો અત્યાચાર કરે, તેમ છતાં અમે પીછેહટ કરીશું નહીં લગભગ 20 હજારની વસ્તી ધરાવતા અલિયાબાદમાં નારાજ લોકો ધરણા પર બેઠા છે. તેમનું કહેવું છે કે, શિયાળાની ઋતુનો સામનો કરવા માટે અમને વીજળીની જરૂર છે. પાકિસ્તાનની શાહબાઝ સરકાર ગમે તેટલા અત્યાચારો કરે, અમે પાછળ હટવાના નથી. દિવસભરમાં ભાગ્યે જ એક કે બે કલાક વીજળી મળે છે. ધંધો ચલાવવો પણ મુશ્કેલ બની રહ્યો છે. આમ પરિણામે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

'પીઓકેના પીએમની જેહાદ અપીલ પાકિસ્તાન માટે સમસ્યા બની જશે' પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના વડાપ્રધાન અનવર-ઉલ-હકની જેહાદ અપીલ સામે વિરોધ શરૂ થયો છે. યુનાઈટેડ કાશ્મીર પાર્ટીના પ્રમુખ સાજિદ હુસૈને મંગળવારે જાહેર કરેલા એક વીડિયોમાં કહ્યું કે જેહાદની અપીલ બિનજરૂરી અને ઉશ્કેરણીજનક કાર્યવાહી છે. તેનાથી કાશ્મીરનો મુદ્દો વધુ ભડકશે. પાકિસ્તાન હાલમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાયી સભ્ય છે. આખી દુનિયા જાણે છે કે પીઓકેના પીએમએ પાકિસ્તાનના ઈશારે કથિત જેહાદની અપીલ કરી છે.

# ભાજપના વિવાદિત નેતા રમેશ બિધૂડીને મહિલા વિરોધી ટિપ્પણી ભારે પડી! ટિકિટ છીનવી લેવા પક્ષમાં મંથન

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કાલકાજી બેઠક પરથી ચૂંટણી લડનારા ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ સાંસદ રમેશ બિધૂડીના અપમાનજનક નિવેદનોના કારણે પક્ષ ટેન્શનમાં છે. ચૂંટણી પંચે પણ તેનો વિરોધ કરતાં હવે પક્ષ બિધૂડી વિરુદ્ધ એક્શન લઈ શકે છે. આ મુદ્દે પક્ષમાં ચર્ચા થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. બિધૂડીએ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી અને બાદમાં આતિશી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. જેના લીધે મત વિસ્તાર સહિત દિલ્હીમાં ભાજપની છબી ખરડાઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ, આ છબી સુધારવા માટે ભાજપ બિધૂડીની ટિકિટ રદ કરી મહિલા ઉમેદવારને મેદાન પર ઉતારી શકે છે.દિલ્હીના મુખ્યમંત્રી આતિશી પણ કાલકાજી બેઠક પરથી ચૂંટણી લડવાના છે. બિધૂડીના નિવેદનો બાદ ભાજપ સંગઠનની ઓછામાં ઓછી બે બેઠકો થઈ ચૂકી છે. જેમાં તેમની ટિકિટ કાપવા સહમતિ મળી છે. દક્ષિણ દિલ્હીમાંથી બે વખત સાંસદ અને ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂકેલા બિધૂડી ગુર્જર સમુદાયના દિગ્ગજ નેતા છે. ભાજપના સૂત્રે જણાવ્યું કે, આતિશી તેમજ પ્રિયંકા ગાંધી વિરુદ્ધ બિધૂડીના નિવેદનના કારણે પક્ષ અધ્યક્ષ જે. પી. નડ્ડાએ તેમને ફિટકાર પણ લગાવી છે. તેમજ તેમના સ્થાને કોઈ મહિલાને કાલકાજીની ટિકિટ આપવા વિચારણા થઈ રહી છે.

ગઈકાલે દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કર્યા બાદ ચૂંટણી પંચના કમિશ્નર રાજીવ કુમારે બિધૂડીના મહિલા વિરોધી નિવેદનોની આકરી ટીકા કરતાં તેને અત્યંત નિમ્ન કક્ષાના નિવેદનો ગણાવ્યા હતા. તેમજ તેમના વિરુદ્ધ કાર્યવાહીનો ભાર મતદારો પર છોડ્યો હોવાનું જણાવ્યું હતું. ભાજપ પણ કાલકાજી બેઠક પરથી હારનો સામનો ન કરવો પડે તે હેતુ સાથે બિધૂડીની ટિકિટ રદ કરી તેના સ્થાને મહિલા ઉમેદવારને ટિકિટ આપશે.



## શરદ પવાર જૂથના ધારાસભ્યોએ કર્યું દબાણ

# મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ચર્ચા, કાકા-ભત્રીજા હાથ મિલાવશે, સુપ્રિયાને કેન્દ્રમાં મંત્રી પદની ઓફર

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ચૂંટણી બાદ શરૂ થયેલાં મહારાષ્ટ્રના રાજકીય નાટકે હવે નવો વળાંક લીધો છે. શરદ પવાર અને અજિત પવાર ફરી હાથ મિલાવી લેશે અને શરદ પવારની એનસીપીમાંથી ચૂંટાયેલા આઠ સાંસદો એનડીએમાં સામેલ થવાની અટકળોથી મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. કહેવામાં આવી રહ્યું છે કે, શરદ પવાર પોતાની દીકરી સુપ્રિયા સૂલેને કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન મળે તે માટે લોબિંગ કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં શરદ પવાર જૂથને ફતેહ મળી હતી પરંતુ, વિધાનસભામાં તેમનો રકાસ થયો હતો. વિધાનસભામાં શરદ પવારની એનસીપીને માત્ર 10 જ બેઠક મળતાં પક્ષનાં રાજકીય ભાવિ સામે પ્રશ્ન ઊભો થયો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વિધાનસભા પરિણામો બાદ શરદ પવારની એનસીપીના સાંસદો અને ધારાસભ્યોએ પવારને અજિત પવાર સાથે હાથ મિલાવી લેવા અને એનડીએમાં જોડાઈ જવા માટે દબાણ વધાર્યું છે.

સાંસદો અને ધારાસભ્યો આ મુદ્દે પણ શરદ પવાર પર દબાણ વધારી રહ્યા છે કે, અજિત પવારની એનસીપીને જ ચૂંટણી પંચે અસલી એનસીપી તરીકે માન્ય રાખી ચૂક્યું છે અને તેને ઘડિયાળનું મૂળ પ્રતિક



ફાળવ્યું છે. ત્યારબાદ વિધાનસભામાં પણ અજિત પવાર જૂથને 41 બેઠક મળી છે. આ સંજોગોમાં શરદ પવારની અલગ એનસીપીનાં અસ્તિત્વ સામે સંકટ સર્જાયું છે. નોંધનીય છે કે, થોડા દિવસો પહેલાં જ અજિત પવારની માતાએ શરદ પવાર તથા અજિત પવાર ફરી એક થઈ જાય તેવી ઈચ્છા પ્રગટ કરી હતી. તે વખતે પ્રફુલ્લ પટેલ સહિતના નેતાઓએ આ ઈચ્છાનો પડઘો પાડીને એમ કહ્યું હતું કે, શરદ પવાર અમારા માટે ઈશ્વર સમાન છે. ત્યારબાદ થોડા દિવસો પહેલાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના મુખપત્રમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પ્રશંસા કરવામાં આવી ત્યારે સુપ્રિયા સૂલેએ પણ તેને અનુમોદન આપ્યું હતું. અગાઉ અજિત પવારે એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે, 2019માં શરદ પવારે ભાજપ સાથે જોડાવાની તમામ તૈયારી કરી લીધી હતી પરંતુ છેલ્લી ઘડીએ તેમણે ફેરવી તોળ્યું હતું.

### ભાજપને ફાવતું જડશે?

રાજકીય ચર્ચાઓ અનુસાર, શરદ પવાર અને અજિત પવાર બંને હાથ મિલાવી લે અને શરદ પવારની એનસીપી પણ મહાયુતિમાં સામેલ થઈ જાય તેવા પ્રયાસો ભાજપને પણ મંજૂર છે. હકીકતમાં ભાજપ મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે પરનું અવલંબન ઘટાડવા માગે છે. બીજી બાજુ રાષ્ટ્રીય સ્તરે તે નીતિશ કુમાર અંકુશમાં રહે તેમ ઈચ્છે છે. મહારાષ્ટ્રમાં સરકારની રચના વખતે એકનાથ શિંદેએ જે પ્રકારે ત્રાગાં કર્યાં હતાં તેનાથી ભાજપના નેતાઓ નાખુશ છે અને તેઓ શિંદેને વધુ કદ મુજબ વેતરવા માગે છે.

## પતિના મૃત્યુ બાદ પત્નીને રહેમરાહે નોકરી મળે તો

# નિરાધાર સાસુને દર મહિને 10 હજાર ભરણપોષણ ચૂકવે : હાઈકોર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઇકોર્ટે કહ્યું છે કે જો પતિના મોત બાદ તેના સ્થાને પત્નીને રહેમરાહે નોકરી આપવામાં આવે તો પત્ની તેની સાસુને ભરણપોષણ આપવા બંધાયેલી છે. જોકે હાઈકોર્ટે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે સીઆરપીસીની કલમ 125 મુજબ પુત્રવધુ પર સાસુ અને સસરાના ભરણપોષણની જવાબદારી નથી હોતી પરંતુ ન્યાય માટે અપવાદ કરી શકાય છે. હાઈકોર્ટના ન્યાયાધીશ હરપ્રીતસિંહ બરાડની બેંચે મામલાની સુનાવણી કરી હતી, અગાઉ ફેમેલી કોર્ટે પણ મહિલાને આદેશ આપ્યો હતો કે તે પોતાની સાસુને ભરણપોષણ માટે દર મહિને 10 હજાર રૂપિયા આપે. ફેમેલી કોર્ટના આ આદેશને બાદમાં મહિલાએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જોકે હાઈકોર્ટે ફેમેલી કોર્ટના ભરણપોષણ આપવાના આદેશને યોગ્ય ઠેરવ્યો છે. અરજદાર મહિલાને વર્ષ 2002માં પતિના મોત બાદ વર્ષ 2005માં રેલ કોચ ફેક્ટ્રી તરફથી જૂનિયર ક્લાર્કની નોકરી આપવામાં આવી હતી. નોકરી મળ્યા બાદ મહિલા પતિનું ઘર છોડીને પુત્ર સાથે અન્ય જગ્યાએ રહેવા માટે જતી રહી હતી. વર્ષ ૨૦૨૨માં મહિલાની સાસુએ સોનીપત સ્થિત ફેમેલી કોર્ટમાં ભરણપોષણની માગણી કરી હતી. માર્ચ ૨૦૨૪માં ફેમેલી કોર્ટે મહિલાને આદેશ આપ્યો હતો કે તે પોતાની સાસુને ભરણપોષણ આપે કેમ કે તેને પતિના મૃત્યુ બાદ રહેમરાહે નોકરી મળી છે. જેને પડકારતી અરજીમાં મહિલાએ એવી દલીલ કરી હતી કે મારી સાસુને અન્ય પુત્રો પણ છે જે તેની દેખરેખ રાખી શકે છે. આ ઉપરાંત સાસુએ મને નોકરી મળ્યાના 20 વર્ષ બાદ ભરણપોષણની માગણી કરી છે જે યોગ્ય નથી. જોકે હાઈકોર્ટે નોંધ્યું હતું કે જ્યારે મહિલાએ નોકરી સ્વીકારી ત્યારે ખાતરી આપી હતી કે તે પતિના પરિવારની પણ દેખરેખ રાખશે. સાસુનો એક પુત્ર હાલ છે તે રિક્ષા ચલાવે છે, પૌત્ર ગંભીર બિમારીનો સામનો કરી રહ્યો હોવાથી આ એક પુત્ર તેની દેખરેખ રાખે છે. સાસુની એક પુત્રી છે જેના લગ્ન થઇ ચુક્યા છે તેથી આ વૃદ્ધ મહિલાનું ધ્યાન રાખનારુ હાલ કોઇ નથી.

## ભારતમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ કરવાની કંપનીની જાહેરાત

# માઈક્રોસોફ્ટ ભારતમાં 3 અબજ ડોલરનું રોકાણ કરશે : 1 કરોડ લોકોને ટ્રેઈનિંગ આપશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

માઈક્રોસોફ્ટ ભારતમાં પોતાની ક્લાઉડ કોમ્પ્યુટિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષમતાઓનો વિસ્તાર કરવા માટે બે વર્ષમાં ત્રણ અબજ ડોલર (લગભગ ૨૫,૭૦૦ કરોડ રૂપિયા)નું રોકાણ કરશે. કંપનીના ચેરમેન અને સીઈઓ સત્ય નડેલાના જણાવ્યા અનુસાર અમેરિકન ટેક કંપની ૨૦૩૦ સુધી ભારતમાં એક કરોડ લોકોને એઆઈમાં ટ્રેનિંગ આપશે. પ્રસ્તાવિત ત્રણ અબજ ડોલરનું રોકાણ કંપનીની તરફથી કરવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ હશે. નડેલાએ પોતાની ભારત યાત્રા દરમિયાન વડાપ્રધાન મોદીને પણ મળ્યા હતાં. માઈક્રોસોફ્ટ પોતાની ક્લાઉડ કમ્પ્યુટિંગ સર્વિસીસ એઝ્યોર હેઠળ ઉપલબ્ધ કરાવે છે. કંપનીની પાસે ૬૦થી વધુ એઝ્યોર ક્ષેત્ર છે, જેમાં ૩૦૦થી વધુ ડેટા સેન્ટર સામેલ છે. નડેલા છેલ્લા ફેબ્રુઆરી, ૨૦૨૪માં ભારત આવ્યા હતાં અને ત્યારે તેમણે જણાવ્યું હતું કે કંપની ૨૦૨૫ સુધી દેશમાં ૨૦ લાખ લોકોને એઆઈ સ્કીલની તક આપશે.તેનો ઉદ્દેશ મુખ્યત્વે નાના શહેરો અને ગ્રામીણ ક્ષેત્રની વ્યકિતઓને પ્રશિક્ષિત કરવા પર હતો. નડેલાએ જણાવ્યું હતું કે ભારત એઆઇ સંશોધનમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેનાથી દેશમાં નવી તકોનું સર્જન થઇ રહ્યું છે. આજે અમે ઈન્ફ્રાસ્ટ્રકચર અને સ્કીલમાં રોકાણની જાહેરાત કરી રહ્યાં છે. જે ભારતને એઆઈ-ફર્સ્ટ બનાવવાની અમારી કટિબદ્ધતાને સમર્થન આપે છે. અને એ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે કે સમગ્ર દેશમાં લોકો અને સંગઠનોને વ્યાપક પણે તેનો લાભ મળે. માઈક્રોસોફ્ટનું એડવાન્ટેજ ઈન્ડિયા પ્રોગ્રામે હવે ૨૦૩૦ સુધી એક કરોડ ભારતીયોને એઆઈ સ્કીલમાં ટ્રેઈનિંગ આપવાનો લક્ષ્ય નિર્ધારિત કર્યો છે.

# રાજસ્થાનના અલવરમાં IOCLની પાઈપલાઈનમાંથી ક્રૂડ ઓઈલની મોટી ચોરી ઝડપાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

રાજસ્થાનના અલવરમાં ક્રૂડ ઓઈલ ચોરીની ઘટના સામે આવી છે જેમાં રૂમમાં ખાડો ખોદવામાં આવ્યો અને પછી સુરંગ બનાવવામાં આવી હતી સાથે સાથે IOCLની ગુજરાત-પાનીપત પાઈપલાઈનમાંથી ક્રૂડ ઓઈલની ચોરી કરવામાં આવી હતી,શાહજહાંપુર, અલવર, રાજસ્થાનમાં આ રીતની ઘટના બનતી હતી સાથે સાથે અહીં માફિયાઓએ હાઈવે નજીક પ્લોટ ભાડે આપ્યો હતો. ત્યારબાદ તેમાં ઊંડી સુરંગ બનાવી અને પાઈપલાઈનમાં વાલ્વ લગાવીને ઓઈલ ચોરીને અંજામ આપ્યો હતો. એસઓજીની તપાસમાં આ હાઈટેક બાબત પ્રકાશમાં આવી હતી. રાજસ્થાનના અલવરમાં ઈન્ડિયન ઓઈલની અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનમાંથી ઓઈલ ચોરીનો મામલો સામે આવ્યો છે.

## સ્થિતિ પર ચાંપતી નજર, ચિંતાની કોઇ વાત નથી : કેન્દ્ર સરકાર

# નાગપુરમાં બે કેસ નોંધાતા દેશમાં એચએમપીવીના કુલ કેસો વધીને સાત

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે રાજ્યોને આઈએલઆઈ (ઈન્ફ્લ્યુએન્ઝા લાઈક ઈલનેશ) અને એસએઆરઆઈ (સિવયર એક્યુએટ રિસપેરટરી ઈન્ફેકશન) સહિતના શ્વસન સંબધી રોગોની તપાસ વધારવાના નિર્દેશ આપ્યા છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે રાજ્યોને હ્યુમન મેટાન્યૂમોવાઈરસ (એચએમપીવી)થી બચવા માટેના ઉપાયો અંગે જાગૃતિ ફેલાવવા જણાવ્યું છે. આજે નાગપુરમાં એચએમપીવીના બે કેસ જોવા મળતા દેશમાં આ વાઈરસના કુલ કેસોની સંખ્યા વધીને સાત થઇ ગઇ છે. મંગળવારે નાગપુરમાં એચએમપીવીના બે શંકાસ્પદ કેસો સામે આવ્યા હતાં. જો કે બંનેને સારવાર પછી રજા આપી દેવામાં આવી હતી તેમ વરિષ્ઠ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

અધિકારીના જણાવ્યા અનુસાર આ બંને દર્દીઓના સેમ્પલ નાગપુરની એઈમ્સ (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયૂટ ઓફ મેડિકલ સાયન્સ) અને પુણેની નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ વાયરોલોજીમાં મોકલી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલ સુધીમાં કર્ણાટક, તમિલનાડુ અને ગુજરાત સહિત દેશમાં એચએમપીવીના પાંચ કેસો હતાં. આ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે પી નડ્ડાએ જણાવ્યું હતું કે સરકાર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે અને ચિંતાની કોઇ જરૂર નથી.કેન્દ્રીય આરોગ્ય સચિવ શ્રીવાસ્તવે ગઈકાલે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે આ વાઈરસથી ડરવાની જરૂર નથી કે કારણકે સમગ્ર વિશ્વમાં ૨૦૦૧થી આ વાઈરસ અસ્તિત્વમાં છે.

# ડિજિટલ એરેસ્ટનો વધુ એક ભોગ મહિલા શિક્ષિકાએ આખરે જીવ આપ્યો

(એજન્સી) મઉગંજ । તા. 08

મધ્યપ્રદેશના મઉગંજ જિલ્લાના ઘુરેહટા ગામમાં 35 વર્ષની એક મહિલા શિક્ષક રેશમા પાંડેએ આત્મહત્યા કરી લીધી છે. તેણી અનેક દિવસોથી ડિજિટલ એરેસ્ટ હતી. સાઈબર ઠગો તેને દિવસ રાત ફોન કરીને નાણાં માંગ્યા કરતા હતા, તંગ આવીને આખરે રેશમાએ અંતિમ પગલું ભરી લીધું હતું. ગંભીર હાલતમાં તેણીને રિવા જિલ્લાની સંજય ગાંધી હોસ્પિટલમાં ભરતી કરવામાં આવી હતી પણ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. મોત બાદ પર ઠગો તેના ફોન પર ફોન કરતાં રહ્યા હતાં. અહેવાલો અનુસાર રેશમા મઉગંજની પન્નીમાં એક સરકારી હાઈસ્કૂલમાં ગેસ્ટ ટીચર હતી. એક દિવસે તેને ઠગોનો ફોન આવ્યો હતો. ફોન પર કહેવામાં આવ્યું કે તેમના નામનું એક પાર્સલ મળ્યું છે જેમાં શંકાસ્પદ સામાન છે.

## હિટ એન્ડ રન કેસમાં 2 લાખની સહાય, અકસ્માતમાં મૃત્યુ પામનારા 66 ટકા યુવા

# માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મળશે કેશલેસ ટ્રીટમેન્ટ, નીતિન ગડકરીએ કરી મોટી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દેશભરમાં માર્ગ અકસ્માતનો ભોગ બનનારા લોકો માટે કેશલેસ ટ્રીટમેન્ટ (મફત સારવાર) યોજના જાહેર કરી છે. જે હેઠળ સરકાર માર્ગ અકસ્માતના પીડિતોને સાત દિવસ મફત સારવાર અથવા રૂ. 1.5 લાખ સુધીનો સારવાર ખર્ચ આપશે. આ પાયલોટ પ્રોજેક્ટ ચંદીગઢ અને અસમમાં ગતવર્ષે ઓગસ્ટમાં શરૂ થયો હતો. જેના સફળ અમલીકરણ બાદ હવે દેશભરમાં લાગુ કરવાની જાહેરાત કરી છે.

આ યોજનાનો લાભ લેવા અકસ્માતની જાણ તાત્કાલિક ધોરણે પોલીસને કરવી પડશે. અકસ્માત થયાના તુરંત કે 24 કલાકની અંદર પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવનારાને કેશલેસ ટ્રીટમેન્ટનો લાભ મળશે. જેમાં ઈજાગ્રસ્તને સાત દિવસ કે મહત્તમ રૂ. 1.5 લાખ સુધીનો સારવાર ખર્ચ આપવામાં આવશે.

ગડકરીએ જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતમાં છેલ્લા એક વર્ષમાં 1.80 લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. હિટ એન્ડ રનના કિસ્સામાં સરકાર તરફથી મૃતકોના પરિવારજનોને રૂ.2 લાખની આર્થિક સહાય આપવામાં આવશે. અકસ્માતમાં ઘટાડો કરવા સરકાર માર્ગ સુરક્ષાને પ્રાધાન્ય આપી રહી છે.કેન્દ્રીય પરિવહન મંત્રીએ નવી યોજના જાહેર કરવાની સાથે માર્ગ અકસ્માતના આંકડાઓ પણ રજૂ કર્યા હતા. જે અનુસાર, 2024માં કુલ 1.80 લાખ લોકોએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. જેમાં 30000 લોકોના મોત હેલમેટ ન પહેરવાના કારણે થયા છે. ઉલ્લેખનીય છે, આ મૃતકોમાં 66 ટકા લોકો 18થી 34 વર્ષનો યુવા વર્ગ હતો.



### માર્ગ સુરક્ષામાં ખામીના કારણે 10000 બાળકોએ જીવ ગુમાવ્યા

ગડકરીએ જણાવ્યું હતું કે, આપણી શાળા ઓ અને કોલેજોમાં યોગ્ય રીતે એક્ઝિટ અને એન્ટ્રી પોઈન્ટની વ્યવસ્થા ન હોવાથી 2024માં આશરે 10 હજાર બાળકોએ જીવ ગુમાવ્યા છે. શાળાઓની ઓટો રિક્ષા અને મીની બસ માટે નિયમો હોવા છતાં તેના અનુપાલનના અભાવે બાળકો પણ દુર્ઘટનાઓનો ભોગ બની રહ્યા છે. અમે તમામ ખામીઓને ધ્યાનમાં લઈ તેને ઘટાડવા પ્રયાસ કરીશું. માર્ગ અકસ્માતની ઘટનાઓ ઘટાડવા માટે સૌએ એકજૂટ થઈ પ્રયાસ કરવો પડશે. નીતિન ગડકરીએ ગઈકાલ મંગળવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓ સાથે આયોજિત બેઠકમાં આ અંગે જણાવ્યું હતું.

## ખાલી જગ્યાઓ ન ભરવા બદલ નારાજગી વ્યક્ત કરી

# સેન્ટ્રલ અને સ્ટેટ ઈન્ફરમેશન કમિશનોમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરો : સુપ્રીમ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશન અને સ્ટેટ ઈન્ફરમેશન કમિશનોમાં ખાલી જગ્યાઓ અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને કેન્દ્રને તાત્કાલિક ખાલી જગ્યાઓ ભરવાનો આદેશ આપ્યો છે. સીઆઈસીમાં માહિતી કમિશનરોની તાત્કાલિક ભરતી કરવાનું જણાવતા ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ એન કોટેશ્વર સિંહની ખંડપીઠે કેન્દ્રને જણાવ્યું હતું કે આ જગ્યાઓને તાત્કાલિક ભરવાની જરૂર છે નહીંતર સંસ્થા હોવાનો ફાયદો શુ જો તેમાં કામ કરનારા જ ન હોય? ખંડપીઠે સીઆઈસી અને એસઆઈસીમાં એક જ શ્રેણીના ઉમેદવારોની નિમણૂકની ટીકા કરી હતી. ન્યાયમૂર્તિ સૂર્યકાંતે જણાવ્યું હતું કે આ તથ્ય અમારા ધ્યાનમાં આવ્યું છે કે સમગ્ર આયોગમાં ફક્ત એક જ શ્રેણીના લોકો કામ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે ફક્ત અમલદારોની જ નિમણૂક શા માટે કરવામાં આવે અને અનેક ક્ષેત્રના લોકોની નિમણૂક કેમ ન કરવામાં આવે? અમે આ અંગે વધુ કંઈ પણ કહેવા માંગતા નથી પણ આ અંગે વિચાર કરવાની જરૂર છે. અરજકર્તા અંજલિ ભારદ્વાજ અને અન્યની તરફથી હાજર થયેલા વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે સીઆઈસી અને એસઆઈસીમાં જગ્યાઓ ભરવા માટે મૌલિક નિર્દેશ જારી કર્યા હતાં. જો કે રાજ્યોએ પસંદગી પ્રક્રિયામાં વિલંબ કર્યો અને માહિતીના અધિકાર એક્ટની હત્યા કરી હતી.

# 47 વર્ષે કોંગ્રેસનું ઠેકાણું બદલાશે! અકબર રોડ નહીં હવે અહીં તૈયાર કરાયું પાર્ટીનું નવું હેડક્વાર્ટર

## કોંગ્રેસની સરકાર ગયા પછી ઊભી થયેલી 'નાણાની અછત' હોવાનું કહેવાય છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

કોંગ્રેસ પાર્ટીનું હેડક્વાર્ટર ટૂંક સમયમાં શિફ્ટ કરવામાં આવે તેવી શક્યતા છે. અહેવાલ અનુસાર, કોંગ્રેસનું મુખ્યાલય ટૂંક સમયમાં દિલ્હીના કોટલા રોડ પર આવેલા 'ઈન્દિરા ભવન'માં શિફ્ટ કરાશે. આગામી સપ્તાહે તેનું ઉદ્ઘાટન થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસના ટોચના નેતાઓ 9A કોટલા માર્ગ પર બનેલા નવા બિલ્ડિંગના ઉદ્ઘાટનમાં હાજરી આપી શકે છે.અહેવાલ અનુસાર, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી 15 જાન્યુઆરીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની હાજરીમાં તેનું ઉદ્ઘાટન કરાશે. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે પાર્ટી 24, અકબર રોડ સ્થિત વર્તમાન મુખ્ય કાર્યાલય ખાલી નહીં કરે. 1978 માં તેની રચના થઈ ત્યારથી તે કોંગ્રેસ (I) નું મુખ્યાલય છે. એવી ચર્ચા છે કે જૂના હેડક્વાર્ટરમાં અમુક વિભાગો જળવાઈ રહેશે. AICCના નવા હેડક્વાર્ટરનું નામ 'ઈન્દિરા ભવન' હશે. તેનું બાંધકામ ઘણા વર્ષોથી ચાલી રહ્યું હતું. તેના નિર્માણમાં ઘણો વિલંબ થયો હતો. તેની પાછળનું કારણ કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર ગયા પછી ઊભી થયેલી 'નાણાની અછત' હોવાનું કહેવાય છે.એવી ચર્ચા છે કે શરૂઆતમાં એડમિનિસ્ટ્રેશન, એકાઉન્ટ્સ અને અન્ય વિભાગોને ટ્રાન્સફર કરવામાં આવશે. કોંગ્રેસના વિવિધ ફ્રન્ટલ સંગઠનો જેમ કે મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ અને પાર્ટીના વિભાગો અને અન્ય કેટલાક વિભાગ પણ નવા સંકુલમાં શિફ્ટ થાય તેવી શક્યતા છે. ખરેખર તો 1977ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીની હાર પછી લુટિયન્સ દિલ્હીના 24, અકબર રોડ પરના બંગલાને AICC હેડક્વાર્ટરમાં ફેરવી દેવામાં આવ્યો હતો. અકબર રોડ બંગલા પર એક સમયે સર રેજિનાલ્ડ મેક્સવેલનો કબજો હતો, જેઓ લોર્ડ લિનલિથગોની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય (હોમ) હતા.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ સાલ દેવી સહાની અને જન્મતારીખ 10/7/75 થી બદલી સહરી શૈલ કુમારી અજયકુમાર જન્મતારીખ 10/7/71 કરેલ છે. ગુરુકૃપા નગર, કુબેરનગર, અમદાવાદ.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**POH ક્ષમતાનો વધારો**

**ઈ-ટેન્ડર નોટીસ નં. 07 2024-25. તા.30-12-2024. ટેન્ડર નં. CWMCPOHADI-2024-25-8. કામનું નામઃ** CPOH વટવા ખાતે POH ક્ષમતાનો વધારો. **NITની અંદાજીત પડતરઃ** ₹ 4,29,54,905.61/-, **ઈએમડી પડતર રૂા.માંઃ** ₹ 3,64,800.00/- **ટેન્ડર બંધ થવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા. 27/01/2025 ના 14:00 કલાકે અને તા. 27/01/2025 ના 14:15 કલાકે. **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખઃ** 30/12/2024 CWM (CPOH) અમદાવાદ ની ઓફિસ. ADI-287

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ**

**સાબરમતી-સરખેજ સેક્શનના દ્વિકરણના સંબંધમાં વિવિધ કામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી **ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ) III,** પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે મુજબ ઈ-ટેન્ડર નોટીસ પ્રસ્તુત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુ.સીઈ(સી) III/એડીઆઈ/એસબીઆઈ-એસઈજે/01 (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** ટેન્ડર નં. ડેપ્યુ.સીઈ (સી)III/એડીઆઈ/એસબીઆઈ-એસઈજે/01: પશ્ચિમ રેલવે ઉપર ભાવનગર ડિવિઝનના સાબરમતી-સરખેજ સેક્શનના દ્વિકરણના સંબંધમાં સાબરમતી D કેબિન (સહિત) થી સરખેજ (સહિત) સુધી કામની સફળ પરિપૂર્ણતા માટે જરૂરી ફોર્મેશનમાં અર્થકામ, બ્લેન્કેટીંગ, (પીચીંગ, ટો વોલ, ભૂમિ સંરક્ષણ જેવા પરચુરણ કામ સહિત) મુખ્ય પુલો, નાના પુલો, રેલવે ફ્લાયઓવરનું બાંધકામ, ટ્રેકને જોડવાનું કામ અને અન્ય સિવિલ એન્જિનિયરીંગ કામ, S&T કામ, ઈલેક્ટ્રીકલ અને TRD કામ જેવા કામનું અમલીકરણ. **(2) કામની અંદાજીત પડતરઃ** ₹ 149,55,95,675.00 **(3) જમા કરવાની અર્નેસ્ટમનીઃ** ₹ 76,28,000.00 **(4) પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 24 (ચોવીસ) મહિના **(5) બીડ નિયત તારીખઃ** તા.05-02-2025 ના 15:00 કલાકે **(6) તમામ દસ્તાવેજોની પ્રત્યક્ષ રજૂઆતઃ** તા.04-02-2025 ના 18:00 કલાક સુધી. **(7) ટેકનિકલ બિડ ખુલવાની તારીખ :** તા.05-02-2025 ના 15:30 કલાકે. **(8) ટેન્ડર સિસ્ટમ :** બે પેકેટ સિસ્ટમ. **(9) બધા ટેન્ડરરો દ્વારા પરિશિષ્ટ-V માં આપેલ મુજબ સર્ટિફીકેટ જમા કરાવવું આવશ્યક છે. જેના આધારે ટેન્ડરરોની પાત્રતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. (10) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ www.ireps.gov.in** ડેપ્યુ. ચીફ એન્જીનીયર, (બાંધકામ) III ની ઓફિસ, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'A' વિંગ, નિર્માણ ભવન, જીસીએસ હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ. CPM-105

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**રેલવે પાટા નજીક પતંગ ચગાવવા/રોકવા માટે સાર્વજનિક સૂચના**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે વડોદરા ડિવિઝનના સુરત-વડોદરા-ગેરતપુર, વડોદરા-ગોધરા-આણંદ, વિશ્વામિત્રી-એકતાનગર, ભરૂચ-દહેજ, ડભોઈ-અલીરાજપુર-જોબાટ, નડિયાદ-મોડાસા, તથા આણંદ-ખંભાત રેલવે લાઈન ઉપર 25000 વોલ્ટના ચાલુ/જીવીત ઈલેક્ટ્રિક તાર લગાડેલ હોઈ, જો આ તાર માં ફસાયેલા પતંગો / દોરા કાઢવાની કોશીશ કરવામાં આવશે તો તેમ કરતા માનવ જીંદગીનું જોખમ રહેલ છે. તેમજ પતંગો / દોરા કાઢવાની કોશીશ કરતા 25000 વોલ્ટના તાર તૂટી શકે છે અને રેલવે વ્યવહાર ખોરવાઈ શકે છે.

એવું જાણવાં મળેલ છે કે ઘણાં દોરાઓ ઉપર ધાતુનો પાવડર માંજા રૂપે ચઢાવવામાં આવે છે, આનાથી પતંગ ઉડતો હોય ત્યારે પણ આવો મેટાલીક દોરો જો 25000 વોલ્ટના ચાલુ તારને અડતા પણ મનુષ્યને ઈલેક્ટ્રિક કરંટ (શોક) લાગી શકે છે અને માણસનું મૃત્યુ થઈ શકે છે.

આનાથી જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે રેલવે લાઈનની નજીક પતંગ ઉડાડતા નહી કે પતંગ/દોરો તાર ઉપરથી કાઢવા નહી કારણ કે આ પ્રકારની પ્રવૃત્તિથી મનુષ્યની જીંદગીને ખતરો (ભય) છે. બીજા માણસોને પણ આ માહિતીથી વાકેફ/જાગૃત કરી સહકાર આપશો.

**ડિવિઝનલ રેલવે મેનેજર (ટ્રેક્શન ડિસ્ટ્રીબ્યુશન) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા ડિવિઝન-04**

BRC-266

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### નીલગાય સાથે અથડાતા બાઈક સવારનું મોત

અમદાવાદ | ગુજરાતના ગામડાઓના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર રોઝડાં-નીલગાય જોવા મળતી હોય છે. ઘણી વખતે રસ્તા પર ફરતા પશુઓના કારણે અકસ્માતની ઘટના સર્જાતી હોય છે, ત્યારે અમદાવાદના ગોતા વિસ્તારમાં રોડ પરથી પસાર થતા સમયે નીલગાય સાથે ટકરાતા બાઈક સવારનું મોત નીપજ્યું, જ્યારે બાઈક સવારની પત્ની અને બાળકની સ્થિતિ ગંભીર હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટના મામલે સોલા હાઈકોર્ટ પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી.

### BZ ગ્રૂપ કૌભાંડના આરોપીના 3 દિવસના રિમાંડ મંજૂર

અમદાવાદ | BZ પોંન્ઝી સ્કીમ કૌભાંડ મામલે આરોપી નરેન્દ્ર પ્રજાપતિની ધરપકડ બાદ CID ક્રાઈમે અમદાવાદ ગ્રામ્ય કોર્ટ રજૂ કર્યો હતો. આરોપી નરેન્દ્ર પ્રજાપતિને અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજૂ કરાયા બાદ BZ ગ્રૂપ કોરોડોના કૌભાંડને લઈ અનેક દલીલો કરવામાં આવી હતી. આખરે નરેન્દ્ર પ્રજાપતિએ પોતે ભોગ બનનાર હોવાની રજૂઆત કરી હતી. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આરોપી નરેન્દ્ર પ્રજાપતિના 3 દિવસના રિમાંડ મંજૂર કર્યા છે. આરોપી પ્રજાપતિ BZમાં એકાઉન્ટન્ટનું કામ કરતો હતો. CID ક્રાઈમે આરોપી નરેન્દ્ર પ્રજાપતિની પૂછપરછ કરતા અનેક ખુલાસા થયા છે.

# HMPV એલર્ટ.....અમદાવાદની સ્કૂલોમાં માસ્ક ફરજિયાત કરાયો



(એજન્સી) અમદાવાદ | તા. 08

ચીન બાદ ભારતમાં પણ HMPV (હ્યુમન મેટાન્યૂમો વાઈરસ) ફેલાઈ રહ્યો છે, ગુજરાતમાંથી પણ એક કેસ સામે આવતાં લોકો ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. ત્યારે સિવિલ હોસિટલમાં ખાસ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. તો બીજી તરફ અમદાવાદની કેટલીક શાળાઓમાં સેફ્ટીના ભાગરૂપે ગાઈડલાઈન તૈયાર કરી માસ્ક ફરજિયાત માસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે. જો વિદ્યાર્થીઓમાં શરદી-ખાંસીના લક્ષણો દેખાય તો વાલીઓને શાળાએ ન મોકલવા વિનંતી કરી છે. ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર ગાઈડનલાઈન જાહેર કરવામાં આવી નથી. કોરોના બાદ વધુ એક વાયરસે ચીનમાંથી ભારતમાં એન્ટ્રી કરી છે. બેંગલુરુ, નાગપુર અને તમિલનાડુ અને ગુજરાતમાંથી કેસ સામે આવ્યા છે. ત્યારે રાજ્યના આરોગ્ય મંત્રાલય દ્વારા પણ કહેવામાં આવ્યું છે કે આ વાઈરસથી ગભરાવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરી છે. ત્યારે અમદાવાદની કેટલીક શાળાઓમાં સાવચેતીના ભાગરૂપે જાતે જ ગાઈડલાઈન તૈયાર કરવામાં આવી છે.

### સિવિલમાં આઈસોલેશન વોર્ડ તૈયાર

સિવિલ હોસ્પિટલમાં સંભવિત HMPV વાઈરસની ગંભીરતાને ધ્યાનમાં રાખી સિવિલ સત્તાવાળાઓ દ્વારા 15 બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા દવા, સ્ટાફ, ટેસ્ટિંગ કિટ વગેરેની વ્યવસ્થા કરવમાં આવી છે.

## સરકાર દ્વારા 23 લાખના ખર્ચે કારીગરોને પતંગ બનાવવાની તાલીમ અપાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ગુજરાતમાં "ઉત્તરાયણ" પર્વ નિમિત્તે દર વર્ષે કરોડો રૂપિયાના પતંગનું વેચાણ થતું હોય છે, જેના પરિણામે આ ઉદ્યોગ થકી લાખો ભાઈ-બહેનોને રોજગાર મળી રહે છે. આધુનિક ટેકનોલોજી-AIના યુગમાં પણ પતંગ બનાવવાનું ૯૫ ટકા કામ ફક્ત હાથ વડે થાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના "વોકલ ફોર લોકલ"ના સૂત્રને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત અને રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર ગ્રામોદ્યોગ દ્વારા રોજગારી ઉભી કરવા માટે સતત કાર્યશીલ છે. જે અંતર્ગત ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગર દ્વારા પતંગ બનાવવા માટે રાજ્યભરમાં કૌશલ્ય નિમાર્ણ તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. જે સંદર્ભે ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૨૩ લાખના ખર્ચે ૪૪૪ જેટલા કારીગરોને ઘરે બેઠા પતંગ બનાવવાની તાલીમ આપીને રોજગારી માટે સક્ષમ કરવામાં આવ્યા છે. સંસ્થા દ્વારા આપવામાં આવતી આ તાલીમનો મોટા પ્રમાણમાં રોજગાર ઈચ્છુક નાગરિકો લાભ લઈ રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીયકક્ષાના 'કાઈટ ફેસ્ટિવલ'નું આયોજન પણ કરવામાં આવે છે, એમ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## ભાજપના વોર્ડ પ્રમુખો જાહેર થયા બાદ હવે શહેર અને-જિલ્લા પ્રમુખોની યાદી તૈયાર

(એજન્સી) અમદાવાદ | તા. 08

તાજેતરમાં જ ગુજરાત ભાજપ સંગઠન પર્વની પ્રક્રિયા કરવામાં આવી છે. વોર્ડ પ્રમુખો જાહેર થયા બાદ હવે શહેર અને જિલ્લા પ્રમુખોનાં નામો જાહેર કરવામાં આવશે. એને લઈને ભાજપના ચૂંટણી અધિકારીઓ અને ત્રણ મહામંત્રી દિલ્હી જઈને પરત પણ આવી ગયા છે. રાજકીય વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ, ગુજરાત ભાજપના જિલ્લા-શહેર પ્રમુખની યાદી તૈયાર થઈ ગઈ છે. હવે 15 જાન્યુઆરી પહેલાં તમામ શહેર-જિલ્લા પ્રમુખની જાહેરાત થઈ જશે. શહેર-જિલ્લા પ્રમુખોની યાદી જાહેર થયા બાદ નવા પ્રદેશ પ્રમુખની પણ જાહેરાત કરવામાં આવે એવી શક્યતા છે.અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં શહેર અને જિલ્લા ભાજપ-પ્રમુખ બનવા માટે વર્તમાન સહિત પૂર્વ હોદ્દેદારોએ પણ દાવેદારી કરી છે. હોદ્દો મેળવવા માટે લોબિંગ પણ શરૂ કરી દેવાયું છે. માત્ર એટલું જ નહીં, વડોદરામાં ભાજપના ઉપાધ્યક્ષ અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે જામી પડી હતી અને જૂથવાદ સપાટીએ આવી ગયો હતો. આ ઉપરાંત વોર્ડ પ્રમુખોની નિયુક્તિમાં પણ ઘણા નેતાઓએ ઉંમર ઘટાડીને દાવેદારીઓ કરી હતી.

## અમદાવાદના હિમાલયા મોલમાં ભીષણ આગ : જાનહાનિ ટળી



(એજન્સી) અમદાવાદ | તા. 08

અમદાવાદમાં ફરી એકવાર આગની ઘટના સામે આવી છે. આજે (8 જાન્યુઆરી, 2025) અમદાવાદ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા હિમાલયા મોલમાં ચોથા માળે ACમાં આગ લાગી હતી. આગની ઘટના બનતા જ મોલમાં અફરાતફરી મચી હતી. મળતી માહિતી અનુસાર, ઘટનાની જાણ થતાં તાત્કાલિક ફાયર વિભાગની 6 ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ, આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો છે. પ્રાથમિક અંદાજ અનુસાર, ACમાં શોર્ટસર્કિટ થતા આગ લાગી હતી. આગની ઘટનાને લઈને પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. આગ લાગતા મોલમાં દોડધામ મચી હતી હિમાલયા મોલમાં ચોથા માળે ACમાં અચાનક આગ લાગી હતી. જે આગ પ્રસરતા દોડધામ મચી હતી. આગની માહિતી મોલમાં મળતા જ હાજર ગ્રાહકો અને કર્મચારીઓમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મોલ હોવાથી શોપિંગ કરવા નિકળેલા લોકો આગ લાગવાને કારણે ડરીને ભાગી ગયા હતા. મોલમાં આવેલા થિયેટરમાં મુવી જોઈ રહેલા લોકો ડરી ગયા હતા.


